**Telephone:** +91 22 4646 4728; **E-mail:** gkenergy.ipo@iiflcap.com
**Investor Grievance ID:** ig.ib@iiflcap.com; **Website:** www.iiflcap.com
**Contact person:** Dhruv Bhavsar / Pawan Kumar Jain
**SEBI Registration No.:** INM000010940

HDFC BANK
We understand your world

**HDFC Bank Limited**
Investment Banking Group, Unit no. 701, 702 and 702-A, 7th floor, Tower 2 and 3, One International Centre, Senapati Bapat Marg, Prabhadevi, Mumbai – 400013 Maharashtra, India
**Telephone:** +91 22 3395 8233; **E-mail:** gkenergy.ipo@hdfcbank.com
**Investor Grievance ID:** Investor.redressal@hdfcbank.com
**Website:** www.hdfcbank.com; **Contact person:** Bharti Ranga/ Souradeep Ghosh
**SEBI Registration No.:** INM000011252

### REGISTRAR TO THE OFFER

MUFG  MUFG Intime

**MUFG Intime India Private Limited *(formerly Link Intime India Private Limited)***
C-101, Embassy 247, L.B.S. Marg, Vikhroli (West),
Mumbai 400 083, Maharashtra, India
**Telephone:** +91 810 811 4949; **E-mail:** gkenergy.ipo@linkintime.co.in
**Investor Grievance ID:** gkenergy.ipo@linkintime.co.in
**Website:** www.in.mpms.mufg.com; **Contact person:** Shanti Gopalkrishnan
**SEBI Registration No.: INR000004058**

### COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER

**Jeevan Santoshkumar Innani, GK ENERGY LIMITED**
Office No. 802 , CTS No. 97-A-1/57/2, Suyog Center, Pune - 411 037
Maharashtra, India
**Telephone:** +91 94221 86842
**E-mail:** cs@gkenergy.in; **Website:** www.gkenergy.in

Bidders are advised to contact the Company Secretary and Compliance Officer and/or the Registrar to the Offer in case of any pre-Offer or post- Offer related grievances such as non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders, non-receipt of funds by electronic mode, etc. For all Offer -related queries and for redressal of complaints, Investors may also write to the BRLMs.

**AVAILABILITY OF THE RHP:** Investors are advised to refer to the RHP and the *"Risk Factors"* beginning on page 31 of the RHP before applying in the Offer. A copy of the RHP will be made available on the website of SEBI at www.sebi.gov.in and is available on the websites of the BRLMs, IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)* at www.iiflcap.com and HDFC Bank Limited at www.hdfcbank.com and at the website of the Company, GK ENERGY LIMITED at www.gkenergy.in and the websites of the Stock Exchanges, for BSE at www.bseindia.com and for NSE Limited at www.nseindia.com.

**AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS:** A copy of the Abridged Prospectus shall be available on the website of the Company, the BRLMs and the Registrar to the Offer at: www.gkenergy.in, www.iiflcap.com, www.hdfcbank.com and www.in.mpms.mufg.com, respectively.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORM:** Bid cum Application Form can be obtained from the Registered Office of our Company, **GK ENERGY LIMITED:** Telephone: +91 94221 86842; **BRLMs:** IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)*, Telephone: +91 22 4646 4728 and HDFC Bank Limited, Telephone: +91 22 3395 8233 and **Syndicate Member:** HDFC Securities Limited, Telephone: +91 22 3075 3400, Registered Brokers, SCSBs, Designated RTA Locations and Designated CDP Locations for participating in the Offer. Bid cum Application Forms will also be available on the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com and at all the Designated Branches of SCSBs, the list of which is available on the websites of the Stock Exchanges and SEBI.

**SUB-SYNDICATE MEMBERS:** Ambit Private Limited, Anand Rathi Share & Stock Brokers Limited, Axis Capital Limited, Bob Capital Markets Limited, Centrum Broking Limited, Equirus Securities Private Limited, ICICI Securities Limited, Intensive Fiscal Services Private Limited, JM Financial Services, Kotak Securities Ltd, LKP Securities Ltd, Motilal Oswal Financial Services Ltd, Nuvama Wealth and Investment Ltd, Pantomath Financial Services, RR Equity Brokers Pvt Limited, SBI Capital Markets Limited, SMC Global Securities Ltd, Unistone Capital Pvt Ltd., Upstock Pvt Ltd., Yes Securities (India) Ltd. and Zerodha Broking Ltd.

**REFUND BANK:** Axis Bank Limited | **SPONSOR BANKS:** HDFC Bank Limited and Axis Bank Limited | **ESCROW COLLECTION BANKS:** Axis Bank Limited and IndusInd Bank Limited | **PUBLIC OFFER ACCOUNT BANK:** HDFC Bank Limited.

**UPI:** UPI Bidders can also Bid through UPI Mechanism.

**All capitalised terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.**

For **GK ENERGY LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
Jeevan Santoshkumar Innani
Company Secretary and Compliance Officer

**Place:** Pune, Maharashtra
**Date:** September 18, 2025

**GK ENERGY LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed a red herring prospectus dated September 15, 2025 with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLMs i.e., IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)* at www.iiflcap.com and HDFC Bank Limited at www.hdfcbank.com, the website of the NSE at www.nseindia.com and the website of the BSE at www.bseindia.com and the website of the Company at www.gkenergy.in. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section *"Risk Factors"* beginning on page 31 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision but should only rely on the information included in the RHP filed by the Company with the RoC.

This announcement does not constitute an offer of the Equity Shares for sale in any jurisdiction, including the United States, and the Equity Shares may not be offered or sold in the United States absent registration under the US Securities Act of 1933 or an exemption from registration. Any public offering of the Equity Shares to be made in the United States will be made by means of a prospectus that may be obtained from the Company and that will contain detailed information about the Company and management, as well as financial statements. However, the Equity Shares are not being offered or sold in the United States.

CONCEPT

દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 222 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ વદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 September 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# સઉદી અરેબિયા બેઠું પાકિસ્તાનને ખોળે, સંરક્ષણ કરાર કર્યા


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 1,00,800/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## આ કરાર કરવા સાથે જ પાકિસ્તાન પરનો હુમલો સઉદી પરનો અટૅક ગણાશે

ઇસ્લામાબાદઃ ઓપરેશન સિંદૂરમાં મળેલી કારમી હાર બાદ હજુયે પાકિસ્તાનને ભારત તરફથી હુમલાનો ડર સતાવી રહ્યો છે. ભારતે બાવીસ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાનો બદલો લેવા પાકિસ્તાનના નવ આતંકી ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો, જેમાં ૧૦૦થી વધુ આતંકવાદીઓને ઠાર કરાયા હતા. ત્યારબાદ પાકિસ્તાને વળતો જવાબ આપવાનો પ્રયાસ કર્યો તો ભારતે મિસાઈલ હુમલામાં તેના ૧૧ સૈન્ય ઠેકાણાઓનો નાશ કરી દીધો હતો. આ દરમિયાન ભારતે પાકિસ્તાન દ્વારા છોડવામાં આવેલા ચીની અને તૂર્કીના હથિયારો તોડી પાડ્યા હતા. તેથી હવે પાકિસ્તાન સુરક્ષા માટે સઉદી અરેબિયા પહોંચ્યું હતું. બુધવારે પાકિસ્તાને સાઉદી અરેબિયા સાથે સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

મળતી વિગતો અનુસાર પાકિસ્તાન અને સાઉદી અરેબિયાએ એક સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે અંતર્ગત બંનેમાંથી કોઈ એક દેશ પરના આક્રમણને બંને દેશો પરનો હુમલો ગણવામાં આવશે. ખાસ વાત એ છે કે પાકિસ્તાને આ હસ્તાક્ષર એવા સમયે કરી છે, જ્યારે પાકિસ્તાનના ભારત સાથેના સંબંધો તંગ બનેલા છે. મીડિયા અહેવાલ અનુસાર, વ્યૂહાત્મક પરસ્પર સંરક્ષણ કરાર પર વડાપ્રધાન શાહબાઝ શરીફની રિયાધની મુલાકાત દરમિયાન હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. અલ-યમ્માહ પેલેસમાં ક્રાઉન પ્રિન્સ અને વડાપ્રધાન મોહમ્મદ બિન સલમાને તેમનું સ્વાગત કર્યું હતું. અન્ય એક પ્રતિષ્ઠિત અખબારના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન કાર્યાલય દ્વારા એક નિવેદનમાં જણાવાયું હતું

(જુઓ પાનું ૨) ▶▶



**ફ્લૉપ શોઃ** ભાલાફેંકની વિશ્વસ્પર્ધાનો ડિફેન્ડિંગ ચૅમ્પિયન નીરજ ચોપડા ગુરુવારે ટોક્યોમાં એક પણ મેડલ તો નહોતો જીતી શક્યો, છેક આઠમા નંબર પર રહી ગયો હતો. એક તબક્કે તે નિષ્ફળ પ્રયાસમાં નીચે બેસી પડ્યો હતો અને એકદમ હતાશ હતો. (એપી) (વિગતવાર અહેવાલ પાનું ૧૨)


**મુંબઈ સમાચાર**

જો મુંબઈ સમાચાર અખબાર ન મળે તો કૃપા કરીને અમારા સર્ક્યુલેશન વિભાગ સાથે સંપર્ક કરોઃ
લૅન્ડલાઈનઃ 022 22045531/33, Ext. 22.
મોબાઈલઃ +91 7045430579.
અમે આપના સહકારના આભારી છીએ અને દરરોજ આપની સાથે રહેવા માટે પ્રતિબદ્ધ છીએ

In case of non-delivery of Mumbai Samachar, please contact our Circulation Department:
Landline: 022 22045531/33, Ext. 22.
Mobile: +91 7045430579.
We value your readership and are committed to your daily connection.


# રાહુલનો ઓર એક વૉટ-ચોરી બૉમ્બ

## સાથે આક્ષેપ કર્યો કે મત-ચોરોને છાવરે છે મુખ્ય ચૂંટણી કમિશનર

નવી દિલ્હીઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે આક્ષેપ કર્યો હતો કે દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર ચૂંટણી વખતે મત 'ચોરનારા' અને લોકશાહીને નુકસાન પહોંચાડનારા લોકોનું 'રક્ષણ' કરે છે.

તેમણે આક્ષેપે કર્યો હતો કે કર્ણાટક વિધાનસભાની ચૂંટણીની પહેલાં કૉંગ્રેસના ટેકેદારોના મત પદ્ધતિસર કાઢી નખાયા હતા.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચે 'મતની ચોરી' કરનારા લોકોનું 'રક્ષણ' કરવાનું બંધ કરવું જોઇએ અને કર્ણાટકના સંબંધિત કિસ્સામાં તપાસ કરતી સીઆઇડીને

(જુઓ પાનું ૨) ▶▶

### આવી રીતે ઓનલાઇન ડિલીટ કરવાનું અશક્યઃ ચૂંટણી પંચ

નવી દિલ્હીઃ સીઈસી જ્ઞાનેશકુમાર 'વૉટ ચોરો' અને લોકશાહીનો નાશ કરતા લોકોનું રક્ષણ કરી રહ્યા હોવાના કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કરેલા આક્ષેપોને ચૂંટણી પંચે ગુરુવારે ખોટા અને પાયાવિહોણા લેખાવ્યા હતા.

રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા આક્ષેપો ખોટા અને પાયાવિહોણા છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે રાહુલ ગાંધી ગેરસમજ ફેલાવી રહ્યા છે અને તેઓ જે રીતે વિચારે છે તે રીતે મત ઑનલાઈન ડિલિટ કરી શકાય નહીં.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે મતદારને અભિપ્રાય આપવાની તક આપ્યા વિના મત ડિલિટ કરી શકાય નહીં. રાહુલ ગાંધીએ તેમણે કરેલા આક્ષેપાના સમર્થનમાં કર્ણાટક વિધાનસભા મતદારક્ષેત્રના આંકડા ટાંક્યા હતા અને દાવો કર્યો હતો કે ચૂંટણી અગાઉ કૉંગ્રેસના સમર્થકોના નામ સિસ્ટેમેટિકલી ડિલિટ કરવામાં આવ્યા હતા. (એજન્સી)■

# ટ્રમ્પ-ટૅરિફમાં મળશે રાહત

## દેશના મુખ્ય આર્થિક સલાહકાર કહે છે, ટૅરિફ ૧૦-૧૫ ટકા હોઈ શકે છે અને આ મડાગાંઠનો ઉકેલ ૮-૧૦ સપ્તાહમાં શક્ય

કોલકાતા : ભારતના મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને ગુરુવારે કહ્યું હતું કે અમેરિકા સાથેની ટૅરિફ બાબતનો ઉકેલ આઠથી દસ અઠવાડિયામાં આવી જશે. તેમણે માહિતી આપી હતી કે ટૅરિફ ૧૦-૧૫ ટકા હોઈ શકે અને અમેરિકા રશિયા પાસેથી તેલ ખરીદવા માટે લગાડેલી પચીસ ટકાની દંડાત્મક ટૅરિફ નાબૂદ કરે એવી સંભાવના છે.

અમેરિકાએ ઑગસ્ટમાં રશિયા પાસેથી તેલ ખરીદવા માટે વધારાનો પચીસ ટકા ટૅરિફ ઝીંકતા નવી દિલ્હી પર લાદવામાં આવેલો કુલ ટૅરિફ પચાસ ટકા થઈ ગયો હતો.

ભારત ચેમ્બર ઑફ કોમર્સે યોજેલા પરિસંવાદમાં ભાગ લેતા નાગેશ્વરને કહ્યું હુતં કે સપાટી નીચે બન્ને સરકારો વચ્ચે સંવાદ ચાલુ છે. મારી સ્ફૂરણા એ છે કે આગામી આઠ-દસ અઠવાડિયામાં અમેરિકાએ ભારતીય જણસ પર લાદેલા ટૅરિફ પરનો ઉકેલ મળી જશે.

તેમણે કહ્યું હતું કે જો આ યથાવત્ રહેશે તો

(જુઓ પાનું ૨) ▶▶

# સેબીની હિંડનબર્ગ કેસમાં અદાણીને ક્લીન ચિટ

નવી દિલ્હીઃ માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ ગુરુવારે યુએસ સ્થિત શોર્ટ-સેલર હિંડનબર્ગ રિસર્ચ દ્વારા લગાવવામાં આવેલા આરોપોમાંથી અદાણી ગ્રૂપને દોષ મુક્ત જાહેર કર્યું છે અને કહ્યું કે અદાણી ગ્રૂપની કંપનીઓ દ્વારા નિયમનકારી ધોરણોનો ભંગ થયો હોવાના કોઇ પુરાવા મળ્યા નથી.

અદાણી જૂથ સામે લગાવવામાં આવેલા આરોપો પુરવાર થયા નથી અને ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા, આ સંદર્ભે કોઇપણ કાર્યવાહી કરવાનો સવાલ ઊભો થતો નથી અને તેથી દંડની રકમ નક્કી કરવાના પ્રશ્ને પણ કોઈ વિચારણા કરવાની જરૂર ના હોવાનું, સેબીના પૂર્ણ સમયના સભ્ય કમલેશ ચંદ્ર વાર્ષનેયાએ આદેશમાં લખ્યું છે.

બજાર નિયામક સેબીએ બે અલગ વિગતવાર આદેશમાં જણાવ્યું છે કે, ઊંડાણભરી તપાસ બાદ ઇનસાઇડર ટ્રેડિંગ, માર્કેટ મેનિપ્યુલેશન અને પબ્લિક શેરહોલ્ડિંગને લગતા

(જુઓ પાનું ૨) ▶▶

### જુઠ્ઠાણાં ફેલાવનારા દેશની માફી માગેઃ ગૌતમ અદાણી

સેબીએ આપેલી ક્લિન ચિટ સંદર્ભે અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણીએ કહ્યું હતું કે, હિંડનબર્ગના કથિત રિસર્ચ રિપોર્ટને આધારે જુઠ્ઠાણા ફેલાવનારાઓ દેશની માફી માગવી જોઇએ. આ આરોપો પાયાવિહોણા હોવાના અદાણી જૂથના દાવાને સેબીના આદેશથી સમર્થન મળ્યું છે.

આ રિપોર્ટને કારણે જન્યુઆરી ૨૦૨૩ દરમિયાન અદાણી જૂથની કંપનીઓના શેરમાં કડાકા પડ્યા હતા અને અંદાજે ૧૫૦ અબજ ડૉલર જેટલું ધોવાણ થયું હતું. આ રિપોર્ટને કારણે પોતાનાં નાણાં ગુમાવનારા રોકાણકારો માટે અમે ખેદ અનુભવીએ છીએ. ■

# ફૅન્ટાનીલની હેરાફેરીઃ ભારતના એક્ઝિક્યૂટિવ્ઝના વિઝા રદ કર્યા અમેરિકાએ

નવી દિલ્હી : અમેરિકાની નવી દિલ્હીની એલચી કચેરીએ ગુરુવારે જાહેર કર્યું હતું કે ફૅન્ટાનીલની દાણચોરીમાં સંડોવાયેલા અમુક ભારતીય બિઝનેસ એક્ઝિક્યુટિવ અને કોર્પોરેટ લીડરના વિઝા રદ કર્યા છે અથવા તો તેમને વિઝાથી વંચિત રાખવામાં આવ્યા છે.

પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ડ્રગ્સની હેરાફેરી અને દાણચોરી તથા માદક દ્રવ્યોના ઉત્પાદન કરનારા દેશોને ચેતવણી આપી હતી. ભારત આવા ૨૩ દેશમાં આવે છે જેના પર અમેરિકાની બારીક નજર છે.

અમેરિકાની એલચી કચેરીએ નવી દિલ્હીમાં એક અખબારી યાદી બહાર પાડીને કહ્યું હતું કે અમેરિકનોને ખતરનાક કૃત્રિમ કેફી દ્રવ્યથી બચાવવા ભારત કંપનીના અમુક એક્ઝિક્યુટિવના વિઝા પાછા ખેંચવામાં આવ્યા છે.આ નિર્ણયને પગલે આ વ્યક્તિઓ અને તેમના નિકટના કુટુંબીજનો અમેરિકામાં મુસાફરી કરવા ગેરલાયક ઠર્યા છે. એલચી કચેરી ફેન્ટાનિલની દાણચોરી કરનારા કંપનીના એક્ઝિક્યુટીવ અમેરિકાના વિઝા મટે

(જુઓ પાનું ૨) ▶▶

**અમદાવાદ પ્લેન ક્રૅશ**

# બૉઇંગ, હનીવેલ સામે અમેરિકામાં કેસ

ડેલાવૅરઃ અમદાવાદમાં ૧૨ જૂને ૨૬૦ જણનો ભોગ લેનારી ઍર ઇન્ડિયાના વિમાનની દુર્ઘટનામાં માર્યા ગયેલા ચાર મુસાફરના સગાંએ બૉઇંગ અને હનીવૅલ કંપની સામે કેસ કર્યો છે.

ડેલાવેરમાં કરાયેલા કેસમાં આક્ષેપ કર્યો હતો કે આ વિમાન દુર્ઘટનાનું કારણ ખામીવાળી ફ્યુઅલ સ્વિચ હતી અને ૨૦૧૮માં ફેડરલ એવિયેશન એડમિનિસ્ટ્રેશન (એફએએ) દ્વારા તે અંગે ચેતવણી આપી હતી અને આ બે કંપની વિમાનની ફ્યુઅલ સ્વિચમાંની ખામીથી ઊભા થઇ શકનારા સંભવિત જોખમ અંગે જાણતી હતી. અમદાવાદથી લંડન જતી ઍર ઇન્ડિયાની ફ્લાઇટ ૧૭૧ની ફ્યુઅલ કટઑફ્ફ સ્વિચમાંની ખામીને લીધે વિમાન તૂટી પડ્યું હોવાનું કહેવાય છે.

ડેલાવૅર સુપિરિયર કોર્ટમાં કરાયેલી ફરિયાદ સાથેની

(જુઓ પાનું ૨) ▶▶

# કરપ્શન કેસઃ અનિલ અંબાણી સામે સીબીઆઈની ચાર્જશીટ

નવી દિલ્હીઃ સીબીઆઈએ ૨,૭૯૬ કરોડના ભ્રષ્ટાચાર સંબંધિત કેસને મામલે ગુરુવારે અનિલ અંબાણી તેમ જ અન્યો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી.

રિલાયન્સ ગ્રૂપની કંપનીઓ રિલાયન્સ ફાઈનાન્સ લિ. (એફએલ, આરએચએફએલ), યસ બૅન્ક, બૅન્કના ભૂતપૂર્વ સીઈઓ રાણા કપૂરના પરિવારજનોની કંપનીએ બનાવટી ટ્રાન્ઝેક્શન મારફતે બૅન્કને કરેલા ૨,૭૯૬ કરોડના નુકસાનને મામલે સીબીઆઈએ ચાર્જશીટ દાખલ કરી હતી.

મુંબઈની વિશેષ અદાલતમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશિટમાં સીબીઆઈએ જણાવ્યું હતું કે અનિલ અંબાણી એડીએ ગ્રૂપના ચેરમેન તેમ જ એફએલ અને આરએચએફએલની હૉલ્ડિંગ કંપની રિલાયન્સ કેપિટલ લિ.ના ડિરેક્ટર છે.

જોકે ચાર્જશીટને મામલે એડીએ ગ્રૂપ દ્વારા તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં નહોતી આવી.

સીબીઆઈએ આઈપીસીના પ્રિવેન્શન ઑફ કરપ્શન ઍક્ટ અંતર્ગત અનિલ અબાંણી સહિત રાણા કપૂર, બિંદુ કપૂર, રાધા કપૂર, રોશની કપૂર, એફએલ, આરએબી એન્ટરપ્રાઈસ પ્રા.લિ., ઈમેજિન એસ્ટેટ પ્રા.લિ., બ્લિસ હાઉસ પ્રા.લિ., ઈમેજિન હેબિટેટ પ્રા.લિ., ઈમેજિન રેસિડન્સ પ્રા. લિ., અને મોર્ગન ક્રેડિટ્સ પ્રા.લિ. વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. (એજન્સી)■

**તમે જ જાવ ભગવાન વિષ્ણુ પાસે...**

# ચીફ જસ્ટિસે હવે ખેદ સાથે કહ્યું હું બધા ધર્મનું સન્માન કરું છું

નવી દિલ્હીઃ દેશના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઇએ એક કેસમાંના પોતાના નિવેદનની સોશ્યલ મીડિયા પર થતી ટીકા અંગે ગુરુવારે જણાવ્યું હતું કે હું દરેક ધર્મનું સન્માન કરું છું.

ભગવાન વિષ્ણુની મૂર્તિના ફરી નિર્માણની દાદ ચાહતી અરજીના સંબંધમાં ગવઇએ કરેલા નિવેદન અંગે સોશ્યલ મીડિયા પર બહુ વિવાદ થયો છે.

દેશના ચીફ જસ્ટિસે જણાવ્યું હતું કે મેં કરેલું સંબંધિત નિવેદન સોશ્યલ મીડિયા પર વિવાદ ઊભો કરી રહ્યું હોવાની મને અન્ય કોઇએ બીજા દિવસે જાણ કરી હતી.

મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઇ અને ન્યાયાધીશ કે. વિનોદચંદ્રની બૅન્ચે મધ્ય પ્રદેશના 'યુનેસ્કો'ના વૈશ્વિક ધરોહર ગણાતા ખજૂરાહો મંદિર સંકુલમાંના જાવેરી મંદિરમાંની ભગવાન વિષ્ણુની સાત ફૂટ ઊંચી મૂર્તિનું ફરી નિર્માણ કરાવીને તેનું ફરી પ્રતિષ્ઠાન કરવાની દાદ ચાહતી અરજી કાઢી નાખી હતી.

ચીફ જસ્ટિસ ઑફ ઇન્ડિયાએ આ અરજીને

(જુઓ પાનું ૨) ▶▶

# ઉત્તરાખંડમાં કુદરત વિફરીઃ વરસાદ, ભેખડો ધસી પડતાં ૧૪ જણ ગુમ

ગોપેશ્વરઃ ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ગુરુવારે ભારે વરસાદને કારણે નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિ અને ભેખડો ધસી પડવાની ઘટનામાં ૧૪ જણ ગુમ થયાં હોવા ઉપરાંત ૨૦ કરતાં પણ વધુ ઘાયલ થયાં હોવાના અહેવાલ છે. ભારે વરસાદને કારણે ચમોલી જિલ્લાના ચાર ગામમાં ૩૦ કરતાં પણ વધુ ઘર તૂટી પડ્યાં હતાં.

મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે ભારે વરસાદે કૂન્તારી લાગાફાલી, કૂન્તાલી લાગાસારાપાની, સેરા અને ધૂર્મા ગામમાં વિનાશ વેર્યો હતો.

ભારે વરસાદને કારણે આ ચાર ગામમાં ૩૩ ઘર, અનેક દુકાનો અને ગાયના કોઢારનો નાશ થયો હતો.

વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૨૦૦ કરતાં પણ વધુ લોકોને અસર થઈ હતી. અસરગ્રસ્ત વિસ્તારમાં એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમ પહોંચી ગઈ છે અને રાહત તેમ જ બચાવ કામગીરી આરંભી દેવામાં આવી છે, એમ ધામીએ કહ્યું હતું.

બાળકો સહિત ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ઍરલિફ્ટ કરી

(જુઓ પાનું ૨) ▶▶





આ દિવાળીએ ચલો, સેલિબ્રેશન કરીએ ગોડ્સ ઓન કન્ટ્રી માં જ્યાં છે અદભૂત નેચરલ બ્યુટી, એક્સોટિક સ્પાઇએસ, હરાભરા ટી પ્લાન્ટેશન્સ, શાંત બેકવોટર્સ, હીલિંગ આયુર્વેદ અને વિશ્વપ્રસિદ્ધ શ્રી પદ્મનાભ સ્વામી મંદિર. આ વર્ષે તમારી દિવાળી બનાવો યાદગાર, ધમાકેદાર વીણા વર્લ્ડ સાથે અહીં!

વીણા વર્લ્ડ કેરળ ટુર્સના એક્સાઈટિંગ વિકલ્પોમાંથી આજે જ તમારો ટુર પસંદ કરો

| | | | | |
|---|---|---|---|---|
| મુન્નાર કોચીન એલેપ્પી (5D) Nov 11, Dec 2 34000-40000 | હાઈલાઈટ્સ ઓફ કેરળ (6D) Oct 12,18 22,29,31, Nov 4,11 37000-50000 | વંડર્સ ઓફ કેરળ 8 Days Oct 14,22,28 50000-65000 | બેસ્ટ ઓફ કેરળ (10D) Oct 20,24, Nov 6, 20 63000-75000 | ઓલ ઓફ કેરળ 15 Days Nov 21, Jan 23 100K-105K |
| બેકલ વાયનાડ મુન્નાર કોચીન - 9 Days Nov 21, Jan 30 66000-70000 | તિરુવનંતપુરમ કન્યાકુમારી રામેશ્વરમ મદુરાઈ - 8 Days, Nov 23, Dec 14 67000 - 70000 | | વુમન્સ સ્પેશિયલ કેરળ - 6 Days Oct 7, 28 39000-45000 | સિનિયર્સ સ્પેશિયલ કેરળ - 8 Days Nov 13, Dec 11 55K-60K |

હનીમૂન સ્પેશિયલ અલ્લેપ્પી મુન્નાર કુમારકોમ કોચીન (7D) Nov 26, Dec 14 - 56K-60K

મૈં હૂં ના! નિશ્ચિંત બનીને ચાલો! સહેલગાહ પર તમારી સંગાથ છે વીણા વર્લ્ડનો ટુર મેનેજર

ગ્રુપ ટુર્સના સહેલગાહ ખર્ચમાં જવા-આવવાનો વિમાનપ્રવાસ, ટ્રાન્સપોર્ટ, હૉટેલમાં અકોમોડેશન, બ્રેકફાસ્ટ-લંચ-ડિનર, એન્ટ્રી ફી સાથે સ્થળદર્શન, ડ્રાઈવર ટિપ્સ, ટ્રાવેલ ઇન્શ્યુરન્સ*, ટુર મેનેજર સર્વિસેસ, વગેરે બાબતોનો સમાવેશ છે.

veenaworld.com Call: 1800 22 7979 1800 313 5555 | Scan for your nearest Veena World Sales Office | Monday-Saturday 10 to 7 travel@veenaworld.com

VEENA WORLD Travel. Explore. Celebrate Life.

All group tours are ex-Mumbai. Tour price is per person and on twin sharing basis. These tour prices are nett and no discount is applicable. At the time of booking, tour price to be paid in full INR by UPI/NEFT/RTGS/Cheque, in the name of 'Veena Patil Hospitality Pvt. Ltd.' No cash transactions at Veena World. Government taxes apply. Any increase in YQ taxes, airport taxes, VISA fees, surcharges (if any) will have to be borne by the travellers. T&C apply.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પનો ડ્રગ્સ રિપોર્ટ, ભારત માટે ખતરાની ઘંટડી

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકન કૉંગ્રેસ એટલે કે યુએસ સંસદમાં 'પ્રેસિડેન્શિયલ ડિટરમિનેશન રિપોર્ટ' રજૂ કર્યો છે અને ભારત માટે આ રિપોર્ટ ચોંકાવનારો છે. 'પ્રેસિડેન્શિયલ ડિટરમિનેશન રિપોર્ટ'માં ડ્રગ્સની હેરફેર અને ગેરકાયદેસર ડ્રગ્સ ઉત્પાદન કરતા ૨૩ દેશોની યાદી છે. આ યાદીમાં ભારતનો પણ સમાવેશ થાય છે તેનો મતલબ એ કે અમેરિકા માને છે કે ભારત પણ વિશ્વમાં ડ્રગ હબ તરીકે ઊભરી રહ્યું છે. ટ્રમ્પ માને છે કે, ભારત સહિતના આ ૨૩ દેશો ગેરકાયદેસર ડ્રગ્સ અને કેમિકલ્સ બનાવીને કે પછી તેની હેરફેરમાં ભાગીદાર બનીને અમેરિકા તથા તેના નાગરિકોની સલામતી માટે મોટું જોખમ ઊભું કરી રહ્યા છે.

ડોનલ્ડ ટ્રમ્પ અત્યારે ભારતની મેથી મારવામાં મશગૂલ છે તેથી ઘણાંને આ 'પ્રેસિડેન્શિયલ ડિટરમિનેશન રિપોર્ટ' ટ્રમ્પે ભારતની મેથી મારવા શોધી કાઢવા નવું બહાનું લાગી રહ્યું છે પણ ટ્રમ્પને ન્યાય કરવા ખાતર પણ કહેવું જોઈએ કે, કમ સે કમ ડ્રગ્સ અંગેના 'પ્રેસિડેન્શિયલ ડિટરમિનેશન રિપોર્ટ'માં તો ટ્રમ્પનો એવો કોઈ બદઈરાદો નથી.

ટ્રમ્પે 'પ્રેસિડેન્શિયલ ડિટરમિનેશન રિપોર્ટ' દ્વારા આપણે જેનાથી અજાણ છીએ અથવા અજાણ હોવાનો ડોળ કરી રહ્યા છીએ એ ખતરા તરફ આપણું ધ્યાન દોર્યું છે. ટ્રમ્પે પોતાના રિપોર્ટમાં અમેરિકા તથા અમેરિકાના નાગરિકોની સુરક્ષાની ચિંતા કરી છે પણ વાસ્તવમાં ડ્રગ્સના કારણે આપણને પણ એટલો જ ખતરો છે તેથી 'પ્રેસિડેન્શિયલ ડિટરમિનેશન રિપોર્ટ' ભારત માટે ખતરાની ઘંટડી જ છે.

ટ્રમ્પના 'પ્રેસિડેન્શિયલ ડિટરમિનેશન રિપોર્ટ'માં ડ્રગ્સના મામલે ક્યો દેશ કઈ રીતે ખરાબ ભૂમિકા ભજવી રહ્યો છે તેની વિગતો અપાઈ છે. આ વિગતો પર નજર નાખશો તો સમજાશે કે આ રિપોર્ટની વાતો સો ટકા સાચી છે અને તેની પાછળ કોઈ બદઈરાદો નથી. આ લિસ્ટમાં અફઘાનિસ્તાન, બોલિવિયા, બર્મા, કોલંબિયા અને વેનેઝુએલા એ પાંચ દેશ એવા છે કે જેમને ડ્રગ્સના દૂષણને નાથવા માટે વારંવાર કહેવાયું છતાં નોંધપાત્ર કામગીરી કરી નથી. તેનું કારણ સ્પષ્ટ છે કે, આ દેશોની સરકારો પોતે જ ડ્રગ્સના ઉત્પાદનમાં સામેલ છે. અફઘાનિસ્તાન, બર્મા અને કોલંબિયાની તો કમાણી જ ડ્રગ્સના ધંધામાંથી છે એ જગજાહેર છે તેથી આ દેશો ડ્રગ્સના દૂષણને નાથવા માટે કંઈ પણ કરે એવી આશા જ ના રખાય.

બહામાસ, બેલીઝ, બોલિવિયા, કોલંબિયા, કોસ્ટા રિકા, ડોમિનિકન રિપબ્લિક, ઇક્વાડોર, અલ સાલ્વાડોર, ગ્વાટેમાલા, હૈતી, હોન્ડુરાસ, જમૈકા, લાઓસ, મેક્સિકો, નિકારાગુઆ, પનામા, પેરુ અને વેનેઝુએલા સહિતના દેશોનો પણ ડ્રગ્સની હેરફેરમાં સામેલ દેશોમાં સમાવેશ કરાયો છે. આ પૈકી મોટા ભાગના દેશો લેટિન અમેરિકા અને કેરેબિયન ટાપુઓ છે. લેટિન અમેરિકન દેશો તો ડ્રગ્સની હેરફેર માટે કુખ્યાત છે જ તેથી તેમનો યાદીમાં સમાવેશ આશ્ચર્યજનક નથી. કેરેબિયન દેશોનો ઉપયોગ લેટિન અમેરિકાના દેશો અમેરિકામાં ડ્રગ્સ ઘુસાડવા કરે છે તેથી તેમનો યાદીમાં સમાવેશ આશ્ચર્યજનક નથી.

'પ્રેસિડેન્શિયલ ડિટરમિનેશન રિપોર્ટ'માં ડ્રગ્સ અને ખાસ કરીને ફેન્ટાનાઇલ જેવાં જીવલેણ કેમિકલ્સ યુનાઇટેડ સ્ટેટ્સ માટે રાષ્ટ્રીય કટોકટી બની ગઈ છે અને જાહેર આરોગ્ય માટે સંકટનું કારણ બની ગયાં છે એવો ઉલ્લેખ કરાયો છે. આ રિપોર્ટ પ્રમાણે, ૧૮ થી ૪૪ વર્ષની વયના અમેરિકનોમાં મૃત્યુનું મુખ્ય કારણ ડ્રગ્સ અને ખાસ કરીને ફેન્ટાનાઇલ છે. ચીન ફેન્ટાનાઇલ દવાઓનું સૌથી મોટું કેન્દ્ર હોવાનું કહેવાય છે અને ટ્રમ્પે સીધો આક્ષેપ જ મૂક્યો છે કે ફેન્ટાનાઇલ જેવા ખતરનાક ડ્રગ્સ બનાવવા માટે વપરાતા રસાયણોનો સૌથી મોટો સ્રોત ચીન છે.

ચીન મેથામ્ફેટામાઇન જેવા અન્ય ડ્રગ્સના ઉત્પાદનને પણ પ્રોત્સાહન આપી રહ્યું છે. ચીન ડ્રગ્સના ધંધામાં સામેલ હોવાની વાત નવી નથી અને ટ્રમ્પ આ પહેલાં પણ આ વાત કહી ચૂક્યા છે. ટ્રમ્પની વાત પર ભરોસો કરવા માટે નક્કર કારણો પણ છે. ચીન નાણાં કમાવવા માટે ગમે તે હદે જઈ શકે છે તેથી ડ્રગ્સ બનાવીને અમેરિકામાં ઠાલવે એ વાત ગળે ઊતરે એવી છે જ. ભારતમાં પણ ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં ચીન દ્વારા ડ્રગ્સ ઠલવાય જ છે તેથી ચીન મોટો ખતરો હોવાની વાતમાં દમ છે.

ભારતનો સમાવેશ એવા દેશોની યાદીમાં કરાયો છે કે જ્યાં ડ્રગ્સનું ઉત્પાદન પણ થાય છે અને બીજા દેશોમાં બનાવાતા ડ્રગ્સની હેરફેર માટે તેનો ઉપયોગ થાય છે. ગેરકાયદેસર ડ્રગ્સ અને ખતરનાક કેમિકલ્સની હેરફેરમાં સંડોવાયેલા દેશોમાં એશિયામાં અફઘાનિસ્તાન, બર્મા, ચીન, ભારત અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે. આપણે ભારતની વાત પછી કરીશું પણ પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બર્મા ડ્રગ્સની હેરફેરમાં સંડોવાયેલા છે એ સામી દીવાલે લખાયેલું સત્ય છે તેથી તેનો કોઈ ઈનકાર ના કરી શકે.

ટ્રમ્પે અફઘાનિસ્તાન સામે ગંભીર આક્ષેપ મૂક્યો છે કે, તાલિબાને ગેરકાયદેસર ડ્રગ્સ પર પ્રતિબંધ જાહેર કર્યો છે પણ અફીણ અને મેથામ્ફેટામાઇનનું ઉત્પાદન ખાનગીમાં ધમધોકાર ચાલી રહ્યું છે. પાકિસ્તાન અને બર્મા મારફતે આ ડ્રગ્સ આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચી રહ્યું છે અને તેમાંથી થતી આવક આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ ગેંગ્સને મળે છે. ટ્રમ્પે એમ પણ કહ્યું છે કે કેટલાક તાલિબાન સભ્યો આ ડ્રગ્સના વેપલામાંથી ધૂમ નફો કમાઈ રહ્યા છે તેથી અફઘાનિસ્તાન ડ્રગ્સ પર નિયંત્રણ મેળવવામાં નિષ્ફળ રહ્યું છે.

આ વાત સો ટકા સાચી છે કેમ તે અફઘાનિસ્તાનના તાલિબાન અને પાકિસ્તાની આર્મી તથા આઈએસઆઈના અધિકારીઓ સાથે મળીને ડ્રગ્સનો વેપલો કરે છે. અફઘાનિસ્તાન દુનિયામાં અફીણનું સૌથી મોટું ઉત્પાદક છે. તેમાંથી બનતાં અલગ અલગ ડ્રગ્સ પાકિસ્તાન આવે છે ને પાકિસ્તાનથી બીજા દેશોમાં પહોંચે છે. ભારતના દરિયાકાંઠાનો ઉપયોગ ડ્રગ્સની હેરફેર માટે થાય જ છે તેથી ટ્રમ્પના રિપોર્ટમાં સત્ય છે જ. ભારતમાંથી છેલ્લાં કેટલાંક વરસોમાં જે પ્રમાણમાં ડ્રગ્સ પકડાયું છે તેના આંકડા પર પણ નજર નાંખીએ તો પણ આ વાત સમજાશે. ભારતમાં દવાઓ અને કેમિકલ્સ બનાવતી નાની નાની ફેક્ટરીઓ ડ્રગ્સ બનાવીને ઈઝી મની કમાવી લેવાની લાલચમાં પડી ગઈ છે એ પણ આપણી નજર સામે જ છે તેથી ટ્રમ્પનો રિપોર્ટ આપણને આયનો બતાવનારો છે.

ભારતે ટ્રમ્પના રિપોર્ટને ગંભીરતાથી લેવો જોઈએ અને ડ્રગ્સના દૂષણને નાથવા પૂરી તાકાત લગાવી દેવી જોઈએ. ભારતમાં પંજાબ સહિતનાં રાજ્યોમાં ડ્રગ્સનાં દૂષણે કઈ હદે યુવાઓને બરબાદ કરી નાખ્યા છે એ આપણે નજર સામે જોયું છે. પંજાબ હજુય ડ્રગ્સની લતમાંથી બહાર નથી આવી શકતું. પંજાબ દેશનું નાનકડું રાજ્ય છે પણ દેશનાં મોટાં રાજ્યોમાં આ દૂષણ ફેલાય તો શું થાય એ આપણે સમજવું જોઈએ. અમેરિકા જેવો સધ્ધર દેશ ડ્રગ્સને બરબાદીનું કારણ માનતો હોય ને તેનાથી દૂર ભાગતો હોય તો ભારતને તો આર્થિક રીતે પણ ડ્રગ્સનું દૂષણ પરવડે તેમ નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, શુક્રવાર, તા. ૧૯-૯-૨૦૨૫

- ભારતીય દિનાંક ૨૮, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ વદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૦૭-૦૫ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં સવારે ક. ૦૭-૦૫ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૮, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૦-૪૩, રાત્રે ક. ૨૨-૫૨
- ઓટઃ સાંજે ક. ૧૭-૦૪, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૮ (તા. ૨૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ – ત્રયોદશી. ત્રયોદશી શ્રાદ્ધ, કલિયુગાદિ, મઘા શ્રાદ્ધ, પ્રદોષ, શિવરાત્રિ, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૩-૩૬, સૂર્ય મહાનક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની, વાહન શિયાળ.
- મુહૂર્ત વિશેષઃ આશ્લેષા-મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, તર્પણ શ્રાદ્ધ, પ્રદોષ, વ્રત ઉપવાસ, શિવપાર્વતી પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રાદ્ધ અને પ્રદોષ ધર્મલાભનો સુંદર યોગ છે. સવારે પિતૃપૂજા અને રાત્રે શિવભક્તિનો પ્રદોષનો સુંદર યોગ છે.
- શ્રાદ્ધ પર્વઃ આજ રોજ કલુયુગાદિ તિથિ હોઈ તર્પણનો મહિમા પણ અધિક છે. તેરસ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. તેરસનું શ્રાદ્ધ આયુષ્યમાં વૃદ્ધિ આપે છે. શ્રાદ્ધ વિધિ આળસ કર્યા વગર બ્રાહ્મણ દ્વારા વિધિ સહિત કરાવવાની તત્પરતા દાખવીએ તો શ્રાદ્ધનો મર્મ, મહિમા જળવાઈ રહે છે. શ્રાદ્ધમાં અન્નદાન, ભોજન એ આવશ્યક કર્મ છે.
- આચમનઃ ચંદ્ર-શુક્ર યુતિ લોકોમાં માનીતા, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ મતલબી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર યુતિ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ-તુલા, માર્ગી બુધ-કન્યા, ગુરુ-મિથુન, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## કંગના ગો બૅકઃ હિમાચલના પૂરગ્રસ્ત વિસ્તારોમાં લાગ્યા નારા

શિમલા : ગુરુવારે બોલિવૂડ એક્ટર અને મંડીનાં ભાજપનાં સાંસદ કંગના રનૌટે હિમાચલ પ્રદેશના પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી ત્યારે ' કંગના પાછી જા, તું મોડી છે' એવા સૂત્રોચ્ચાર સંભળાયા હતા. હિમચલના કુલુ જિલ્લાના મનાલીના પાટલી ખુહાલ વિસ્તારમાં કંગના રનૌતની મુલાકાત સામેના સ્થાનિક લોકોના અસંતોષનો વીડિયો વાઈરલ થયા છે. વીડિયોમાં લોકો કંગનાના કાફલાને કાળા ઝંડા દેખાડી રહ્યા છે અને સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. કંગના સાથે ગયેલા ભાજપના નેતાઓ અને બીજાઓએ સ્થાનિક લોકોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો ત્યારે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

૨૫ ઑગસ્ટે કુલુ અને મનાલીમાં ભારે વરસાદને લીધે ભૂસ્ખલન અને તાજું પૂર આવ્યું હતું. ૨૬ ઑગસ્ટે બ્યાસ નદીના જોરદાર પ્રવાહને લીધે બહુમાળી હૉટેલ અને ચાર દુકાનો તણાઈ ગયા હતા. બ્યાસ નદીની જળસપાટી વધતા ચંડીગઢ-મનાલી નેશનલ હાઈવે અને મનાલી -લેહ હાઈવેના પટ્ટાઓ ધોવાઈ ગયા હતા. કંગનાએ દિવસની શરૂઆતમાં સોલાન્ગ અને પાલચાન વિસ્તારની મુલાકાત લીધી હતી. (એજન્સી)■

## - તો બિહારમાં ઘૂસણખોરી વધી જશેઃ અમિત શાહ

દેહરી-ઓન-સોન (બિહાર): કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે બિહારમાં ભાજપના કાર્યકરોને કહ્યું કે તેઓ મત ચોરીના ઇન્ડી ગઠબંધનના ખોટા દાવાનો પર્દાફાશ કરે અને લોકોને ચેતવણી આપે કે જો વિપક્ષી ગઠબંધન સત્તામાં આવશે તો રાજ્ય ઘૂસણખોરોથી ભરેલું દેખાશે. ભાજપના ભૂતપૂર્વ પ્રમુખ શાહ રાજ્ય વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યની રાજધાનીથી લગભગ ૫૦ કિ.મી. દૂર અહીં એક પાર્ટી કાર્યકર્તા સંમેલનને સંબોધિત કરી રહ્યા હતા. રાહુલ ગાંધીની મતદાર અધિકાર યાત્રાનો ઉલ્લેખ કરતા શાહે આરોપ લગાવ્યો હતો કે, તમે (ભાજપના કાર્યકરો) જાણો છો કે તેનો હેતુ શું છે? તે બાંગ્લાદેશના ઘૂસણખોરોને બચાવવાનો છે.

તમારે રાજ્યભરમાં ફેલાઇ જવું જોઈએ, દરેક ઘરની મુલાકાત લેવી જોઈએ અને લોકોને કહેવું જોઈએ કે જો તેઓ કદાચ સત્તામાં આવશે તો, બિહારનો દરેક જિલ્લો ઘૂસણખોરોથી ભરેલો હશે, એમ શાહે કહ્યું, જેમને ભાજપના મુખ્ય વ્યૂહરચનાકાર તરીકે વ્યાપકપણે માનવામાં આવે છે. તેમણે રાહુલના મત ચોરીના આરોપને ખોટી વાર્તા ગણાવી, અને નિર્દેશ કર્યો કે તેઓ (કોંગ્રેસના નેતાઓ) એ અગાઉ પણ આવી જ રણનીતિ અપનાવી હતી જ્યારે તેમણે આરોપ લગાવ્યો હતો કે અમે એસસી અને એસટી માટે અનામત રદ કરવાના છીએ, પણ આવું કંઈ થયું નથી. ■

## મતગણતરીમાં ગરબડઃ કર્ણાટકમાં કૉંગ્રેસી વિધાનસભ્યની જીત અમાન્ય રાખી કોર્ટે

બેંગલુરુઃ કોંગ્રેસના સાંસદ અને લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સતત ભારતીય જનતા પાર્ટી અને ચૂંટણી પાંચ પણ 'વોટ ચોરી'ના આક્ષેપ કરી રહ્યા છે. આ દરમિયાન જ કોંગ્રેસ શાસિત રાજ્યમાંથી જ આવો એક મામલો પ્રકાશમાં આવ્યો છે. કર્ણાટક હાઇકોર્ટે મંગળવારે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં જીતેલા કોંગ્રેસના એક ધારાસભ્યની જીતને અમાન્ય જાહેર કરી દીધી હતી કોર્ટે મતગણતરીમાં થયેલી ગડબડનો હવાલો આપીને પુનઃ મતગણતરી કરવાનો આદેશ આપ્યો હતો. કર્ણાટક હાઈકોર્ટે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં માલુર બેઠક પર કોંગ્રેસના ધારાસભ્ય કે. વાય. નંજગૌડાની જીતને અમાન્ય જાહેર કરી હતી. કોર્ટે મતગણતરી પ્રક્રિયામાં ગેરરીતિઓનો ઉલ્લેખ કરીને ફરીથી મતગણતરી કરવાનો આદેશ આપ્યો હતો. આ નિર્ણય ભાજપના ઉમેદવાર કે.એસ. મંજીનાથ ગૌડાની અરજી પર આવ્યો છે, જેઓ મે ૨૦૨૩ની ચૂંટણીમાં નંજગૌડા સામે માત્ર ૨૪૮ મતોથી હારી ગયા હતા. હાઈકોર્ટે કહ્યું કે મતગણતરી પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓની ગંભીર તપાસ જરૂરી છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ મતગણતરીનું વિડિયો રેકોર્ડિંગ કોર્ટમાં રજૂ કર્યું ન હતું. કોર્ટે ચાર અઠવાડિયાની અંદર ફરીથી મતગણતરીનો આદેશ આપ્યો છે, જોકે આ આદેશને ૩૦ દિવસ માટે મોકૂફ રાખવામાં આવ્યો છે જેથી નંજગૌડા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે.

માલુર વિધાનસભા બેઠક કર્ણાટકની કોલાર લોકસભા બેઠક હેઠળ આવે છે, જે અનુસૂચિત જાતિ માટે આરક્ષિત છે. ૨૦૨૩ની ચૂંટણીમાં કોંગ્રેસના નંજગૌડાને ૨૯.૪ ટકા મત, ભાજપના મંજીનાથ ગૌડાને ૨૯.૨૬ ટકા મત, અપક્ષ હુડ્ડી વિજયકુમારને ૨૮.૪૮ ટકા મત અને જેડીએસને માત્ર ૧૦.૧૭ ટકા મત મળ્યા હતા. ■

## પહેલા પાનાનું ચાલુ

### સઉદી અરેબિયા

કે કરાર પર હસ્તાક્ષર કરવાની જાહેરાત કરવામાં આવી છે, કરારમાં કહેવામાં આવ્યું છે કે બંનેમાંથી કોઈપણ એક દેશ વિરુદ્ધ કોઈપણ પ્રકારના હુમલાને બંને દેશો પર હુમલો માનવામાં આવશે.

સમારોહ બાદ આપવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, લગભગ આઠ દાયકાઓથી ચાલી રહેલી ભાગીદારીને આગળ વધારતા તેમજ ભાઈચારા, ઇસ્લામી એકતા તેમજ સહિયારી રણનીતિગત હિતોના બંધન પર આધારિત બંને પક્ષોએ રક્ષા સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. આ પહેલા સઉદીની રાજધાની પહોંચેલા પાકિસ્તાનના વડા પ્રધાન શરીફનું સ્વાગત રિયાદના ઉપ-ગવર્નર મુહમ્મદ બિન અબ્દુલરહમામ બીબ અબ્દુલઅજીજે કર્યું હતું.

#### કરારની રાષ્ટ્રીય સલામતી પર અસરનો અભ્યાસ થશે : ભારત

પાકિસ્તાન અને સઉદી અરેબિયાએ એક સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે અંતર્ગત બંનેમાંથી કોઈ એક દેશ પરના આક્રમણને બંને દેશો પરનો હુમલો ગણવામાં આવશે. વ્યૂહાત્મક પરસ્પર સંરક્ષણ કરાર પર વડા પ્રધાન શાહબાઝ શરીફની રિયાધની મુલાકાત દરમિયાન હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. અલ-યમ્માહ પેલેસમાં ક્રાઉન પ્રિન્સ અને વડા પ્રધાન મોહમ્મદ બિન સલમાને તેમનું સ્વાગત કર્યું હતું. આ મામલે ભારતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે તે તેના રાષ્ટ્રીય હિતોની રક્ષા માટે તૈયાર છે અને આ કરારની અસરનો અભ્યાસ કરવામાં આવશે.

પાકિસ્તાન અને સાઉદી વચ્ચે થયેલા રક્ષા કરાર પર વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મીડિયાના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે ભારત સરકારે આ કરાર સંબંધિત સમાચાર જોયા છે અને તેને ગંભીરતાથી લઈ રહી છે. તેમણે જણાવ્યું હતું કે સરકારને આ વાતની જાણ હતી કે બંને દેશો વચ્ચે આ પ્રકારનો કરાર વિચારણા હેઠળ હતો, જે હવે સત્તાવાર સ્વરૂપ લઈ ચૂક્યો છે. તેમણે કહ્યું કે, અમે આ ઘટનાક્રમની ભારતની રાષ્ટ્રીય સુરક્ષાની સાથે સાથે પ્રાદેશિક અને વૈશ્વિક સ્થિરતા પર થનારી અસરોનો અભ્યાસ કરીશું.

ઉલ્લેખનીય છે કે વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ભારતને આ કરારની જાણકારી પહેલેથી જ હતી. માનવામાં આવે છે કે ક્યાં તો સાઉદી અરેબિયાએ પોતે ભારતને જાણકારી આપી છે અથવા કોઈ અન્ય દેશે જણાવ્યું હોય શકે છે. જોકે, આ સંદર્ભમાં કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી. ઉલ્લેખનીય છે કે પ્રવક્તાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત સરકાર પોતાના રાષ્ટ્રીય હિતોના રક્ષણ અને તમામ ક્ષેત્રોમાં વ્યાપક રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે આ સમજૂતીના સંભવિત પરિણામોનું ઊંડું વિશ્લેષણ કરવામાં આવશે, જેથી ભારતની સુરક્ષા અને ક્ષેત્રીય સ્થિરતા પર તેના પ્રભાવને સમજી શકાય. ■

### ટ્રમ્પ-ટૅરિફમાં

અમેરિકાને થતી નિકાસમાં ઘટાડો થશે. તેમણે ભારતની ઈકોનોમીને મહત્ત્વાકાંક્ષી નીચા-મધ્યમ અર્થતંત્ર ગણાવી હતી.

નાગેશ્વરને કહ્યું હતું કે હાલના નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં વાસ્તવિક જીડીપી વૃદ્ધિ ૭.૮ ટકા હતા. કોવિડ મહામારી પછી ભારતનું અર્થતંત્ર બીજા અનેક દેશોની સરખામણીમાં ઝડપથી વિકાસ પામી રહ્યું છે. ઉત્પાદન, સેવા અને કૃષિ ક્ષેત્ર આગામી બે વર્ષમાં આર્થિક પ્રગતિમાં મોટું યોગદાન આપશે. વપરાશ અને રોકાણ દેશની વૃદ્ધિને વેગ આપશે.

તેમના જણાવ્યા પ્રમાણે ડેટ અને જીડીપીનો ગુણોત્તર સારો છે. ડેટના દરેક યુએસડી સાથે દેશ બીજા દેશોની તુલનામાં વધુ જીડીપી સર્જે છે. આ બતાડે છે કે આપણા અર્થતંત્રમાં મૂડીનો અસરકારક ઉપયોગ થાય છે.

તેમણે માહિતી આપી હતી કે અર્થતંત્રમાં ગ્રામીણ માગ શાંત છે અને શહેરી માગ વધી રહી છે. તાજેતરની જીએસટી રાહતથી પણ ગ્રાહકોના હાથમાં વધુ નાણાં રહેશે એને શહેરી વપરાશ વધી શકે. (એજન્સી)■

### રાહુલનો

તે અંગે માહિતી એક અઠવાડિયામાં જ આપવી જોઇએ. જો તેમ નહિ કરાય તો અમે માનીશું કે ચૂંટણી પંચ પણ બંધારણની 'હત્યા'માં સહભાગી છે.

રાહુલ ગાંધીએ અહીં આવેલા કૉંગ્રેસના વડા મથક ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે ચૂંટણીમાં છેલ્લાં ૧૦થી ૧૫ વર્ષથી ગેરરીતિ આચરવામાં આવી રહી છે. ભારતીય લોકશાહીનું 'અપહરણ' કરાયું છે. દેશની જનતા જ લોકશાહીને બચાવી શકે એમ છે.

તેમણે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના રાજુરા મતક્ષેત્રમાં સૉફ્ટવૅરમાં ગેરરીતિ આચરીને મતદારો 'ઉમેરાયા' હતા.

કૉંગ્રેસના નેતાએ જણાવ્યું હતું કે જ્ઞાનેશકુમારે દેશના મુખ્ય ચૂંટણી કમિશનરના હોદ્દા પર બેસતી વખતે લીધેલા સોગંદનું પાલન કરવું જોઇએ. તેમણે જણાવ્યું હતું કે કૉંગ્રેસનો જે દસ મતવિસ્તારમાં ગઢ ગણાતો હતો ત્યાં કૉંગ્રેસના ટેકેદારોના નામ મતદાર યાદીમાંથી સૌથી વધારે કાઢી નખાયા હતા. હું વિપક્ષનો નેતા છું અને ૧૦૦ ટકા પુરાવા વિના કંઇ ન કહું.

#### નેપાળ જેવી અશાંતિનો રાહુલનો ટાર્ગેટઃ ભાજપ

ભાજપે ગુરુવારે દાવો કર્યો હતો કે રાહુલ ગાંધી દ્વારા અવારનવાર ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થા પર કરવામાં આવતા આક્ષેપો લોકશાહીમાં તેમને વિશ્વાસ ન હોવાનું દર્શાવે છે.

આ પ્રકારના આક્ષેપો કરીને રાહુલ ગાંધી ભારતમાં નેપાળ અને બાંગ્લાદેશ જેવી અશાંતિ ઊભી કરવા માગે છે એવો દાવો પણ ભાજપે કર્યો હતો.

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અનુરાગ ઠાકુરે કહ્યું હતું ઘૂસણખોરોને પ્રાથમિકતાનું રાજકારણ રાહુલ ગાંધીનો એકમાત્ર એજન્ડા છે. રાહુલ ગાંધી પછાત જાતિ, અનુસૂચિતજાતિ અને જનજાતિના હિતો માટે બોલી રહ્યા છે, પરંતુ તેમનો મુખ્ય આશય મતદાર યાદીની સમીક્ષા કરવાને મામલે ચૂંટણી પંચનો વિરોધ કરી ગેરકાયદે મતદારોને કવચ પૂરું પાડવાનો છે જે આ તમામ સમુદાયના લોકોનાં હિતોને નુકસાન પહોંચાડશે. (એજન્સી)■

### ફૅન્ટાનીલની હેરાફેરી

અરજી કરશે ત્યારે એલચી કચેરી લાલબત્તી ધરશે.ફૅન્ટાનીલ પ્રિકર્સર અને ગેરકયાદે કેફી દ્રવ્યોને ડામવા માટે સહકાર આપવા ભારત સરકારનો આભાર માન્યો હતો. અમેરિકાના ચાર્જ ડીઅફેર્સ જોર્ગન એન્ડ્રુસે યાદીમાં કહ્યું હતું કે જે સંસ્થાઓ અને ઈસમો ડ્રગ્સના ગેરકાયદે ઉત્પાદન અને હેરફેર કરે છે તેમને તેમના કુટુંબ સાથે માઠા પરિણામો ભોગવવા પડશે અને આમાં તેમનું અમેરિકા આવવાનું બંધ થઈ જશે.

આ વર્ષની શરૂઆતમાં અમેરિકાએ ભારત અને ચીનને ગેરકાયદે ફૅન્ટાનીલ પ્રિકર્સરના ઉત્પાદનના પ્રાથમિક સોર્સ ગણાવ્યા હતા.

અમેરિકાએ માર્ચમાં ભારતસ્થિત કેમિકલ ઉત્પાદનને ગેરકાયદે આયાત કરવા માટે ત્રણ કર્મચારીને પકડયા હતા. ■

### અમદાવાદ પ્લૅન ક્રૅશ

અરજીમાં આક્ષેપ કરાયો હતો કે બૉઇંગ ૭૮૭-૮ ડ્રીમલાઇનરમાંની ફ્યુઅલ કટઑફ્ફ સ્વિચની લૉકિંગ યંત્રણામાંની ખામીને લીધે તે અચાનક બંધ થઇ શકે અને વિમાનને ઈંધણ મળવાનું અટકી જાય એમ હતું.

અરજદારોએ જણાવ્યું હતું કે અમેરિકાના ફેડરલ એવિયેશન એડમિનિસ્ટ્રેશને ૨૦૧૮માં બૉઇંગ વિમાનમાંની ફ્યુઅલ સ્વિચની લૉકિંગ યંત્રણામાંની ખામી અંગે ચેતવણી આપી હતી અને તેની આ સ્વિચ બનાવનારી કંપની હનીવૅલ અને તે વિમાનમાં બેસાડનારી બૉઇંગ કંપનીને જોખમની ખબર હતી, પરંતુ આ બન્ને કંપનીએ આ ખામી દૂર કરવા કંઇ નહોતું કર્યું.

વર્જિનિયાના ઍરલિંગ્ટનમાંના બૉઇંગ કંપનીના વડા મથકે અને નોર્થ કેરોલિનામાંની હનીવૅલ કંપનીએ આ આક્ષેપના સંબંધમાં કંઇ પણ કહેવાનો ઇનકાર કર્યો હતો. અમેરિકામાં આ દુર્ઘટનાના સંબંધમાં કરાયેલા કેસમાં વિમાનના મુસાફરો - કુબેરભાઇ પટેલ, બાબીબહેન પટેલ, કાંતાબહેન ધીરુભાઇ પાઘડાળ અને નવ્યા ચિરાગ પાઘડાળના મૃત્યુ માટે વળતરની માગણી કરાઇ હતી. (એજન્સી)■

### સેબીની હિંડનબર્ગ

ધારાધોરણોના ભંગને લગતા આરોપો પાયા વગરના જણાયા છે. આ સાથે જ, નિયમનકારે ગ્રૂપ કંપનીઓ અદાણી પોર્ટ્સ, અદાણી પાવર, ગૌતમ અદાણી અને રાજેશ અદાણી સામેની તાત્કાલિક કાર્યવાહીનો પણ નિકાલ કર્યો છે.

૨૦૨૩માં, હિંડનબર્ગે અદાણી ગ્રૂપ પર સ્ટોક મેનીપ્યુલેશન, ઓફશોર ટેક્સ હેવનનો અયોગ્ય ઉપયોગ અને કૃત્રિમ રીતે ઉછાળેલા મૂલ્યાંકનનો આરોપ લગાવતો એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો.

આરોપોમાંથી એક એ હતો કે ગ્રૂપને માઇલસ્ટોન ટ્રેડલિંક્સ, રેહવર ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને એડિકોર્પ એન્ટરપ્રાઇઝ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું. રિપોર્ટમાં આ કંપનીઓ દ્વારા મોકલવામાં આવતા ભંડોળના સ્રોત પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો, અને તેનો ઉપયોગ સંબંધિત પક્ષના આર્થિક વ્યવહારોને છુપાવવા માટે વાહક તરીકે કરવામાં આવ્યો હોવાનો આરોપ હતો. પોતાના બચાવમાં, અદાણી જૂથે દલીલ કરી હતી કે આ વ્યવહારો વાસ્તવિક વ્યાપારી વ્યવહારો હતા વ્યાજ સાથે સંપૂર્ણપણે ચૂકવવામાં આવ્યા હતા, અને તે સમયે લાગુ કાયદાનું પાલન કરીને કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે માઇલસ્ટોન અને રેહવર 'સંબંધિત પક્ષો' નથી, અને ઉમેર્યું હતું કે ભંડોળનું કોઈ ડાયવર્ઝન અથવા રોકાણકારોને નુકસાન દર્શાવવામાં આવ્યું નથી. ■

### ચીફ જસ્ટિસે

જાહેર હિતની ગણાવતા અરજદારને જણાવ્યું હતું કે તમે જ ભગવાનની પાસે જઇને તેમને કંઇક કરવા કહો. જો તમે (અરજદાર) પોતાને ભગવાન વિષ્ણુના શ્રદ્ધાળુ ગણતા હો અને ભગવાનમાં આસ્થા હોય તો તમે ભગવાનને જ આ કાર્ય કરવા પ્રાર્થના કરો અને થોડું ધ્યાન પણ ધરો. તમે શિવભક્ત હો તો તમે ખજૂરાહોમાંના વિશાળ શિવલિંગ પાસે જઇને પૂજા-અર્ચના કરી શકો છો.

બૅન્ચે રાકેશ દલાલ નામની વ્યક્તિ દ્વારા મૂર્તિના નવનિર્માણ અંગે કરાયેલી અરજીને કાઢી નાખી હતી.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આ વિવાદના સંબંધમાં જણાવ્યું હતું કે હું ચીફ જસ્ટિસ ગવઇને છેલ્લાં દસ વર્ષથી ઓળખું છું. તેઓ ધાર્મિક સ્થળે જાય છે. તેઓ કોઇ પણ દેવી-દેવતાનું અપમાન કરવાનું વિચારી પણ ન શકે.

ન્યાયાધીશ વિનોદચંદ્રે જણાવ્યું હતું કે આ કિસ્સામાં સોશ્યલ મીડિયાનો દુરુપયોગ કરીને વિવાદ વધારવામાં આવ્યો છે.

દેશના મુખ્ય ન્યાયાધીશ ગવઇએ સોશ્યલ મીડિયાના સંદર્ભે નેપાળમાં તાજેતરમાં થયેલી હિંસાનો દાખલો આપ્યો હતો.

#### હિંદુ ધર્મની મજાક ઊડાવવાથી આઘા રહેવું જોઈએઃ વીએચપી

વિશ્વ હિંદુ પરિષદ (વીએચપી)એ ગુરુવારે ખજૂરાહોમાં ભગવાન વિષ્ણુની મૂર્તિનું ફરીથી સ્થાપન કરવા માટેની માગ કરતી અરજી પર ભારતના ચીફ જસ્ટિસ બી. આર. ગવઈની ટિપ્પણીની ટીકા કરતા કહ્યું હતું કે હિન્દુ ધર્મની માન્યતાઓની મજાક ઉડાવતી આવી ટિપ્પણીઓ ટાળવી વધુ સારું રહેશે. નોંધનીય છે કે મંગળવારે સીજેઆઈના નેતૃત્વ હેઠળની ખંડપીઠે અરજીને ફગાવતા હતા કરી હતી અને તેને પ્રચાર હિતની અરજી ગણાવી હતી.

ચીફ જસ્ટિસે કહ્યું હતું કે આ સંપૂર્ણપણે પ્રચાર હિતની અરજી છે. જાઓ ભગવાનને જ જઈને કાંઈક કરવાનું કહો. જો તમે કહી રહ્યા છો કે તમે ભગવાન વિષ્ણુના ભક્ત છો તો તમે પ્રાર્થના કરો અને થોડું ધ્યાન કરો. સીજેઆઈની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી)ના રાષ્ટ્રીય અધ્યક્ષ આલોક કુમારે એક નિવેદનમાં કહ્યું હતું કે , અમને લાગે છે કે મુખ્ય ન્યાયાધીશની ટિપ્પણીએ હિન્દુ ધર્મની માન્યતાઓની મજાક ઉડાવી છે. આવી ટિપ્પણીઓથી બચવું વધુ સારું રહેશે. તેમણે કહ્યું હતું કે કોર્ટ ન્યાયનું મંદિર છે જેના પર ભારતીય સમાજને આસ્થા અને વિશ્વાસ છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે આપણું કર્તવ્ય છે કે આ વિશ્વાસ અકબંધ રહે અને વધુ મજબૂત થાય. એ પણ આપણી ફરજ છે કે આપણે આપણી ટિપ્પણીઓમાં, ખાસ કરીને કોર્ટની અંદર સંયમ રાખવો જોઈએ. આ જવાબદારી અરજદારો, વકીલો અને સમાન રીતે ન્યાયાધીશોની પણ છે.'' ■

### ઉત્તરાખંડમાં કુદરત

ઋષિકેશસ્થિત એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા.

રસ્તાઓ, પાણીપુરવઠો, વીજળી અને નૅટવર્કની કનેક્ટિવિટી વહેલામાં વહેલી તકે પૂર્વવત્ કરવાનો ધામીએ અધિકારીઓને આદેશ આપ્યો હતો.

અસરગ્રસ્તો માટે રાહતછાવણી, ખોરાક, પાણી સહિત જીવનજરૂરિયાતની વસ્તુઓની વ્યવસ્થા કરવાનો પણ તેમણે આદેશ આપ્યો હતો.

અસરગ્રસ્ત વિસ્તારમાં પૂરતા પ્રમાણમાં ડૉક્ટરો અને દવાની વ્યવસ્થા કરવાનું પણ તેમણે જણાવ્યું હતું. (એજન્સી)■

# સૂક્ષ્મ, લઘુ ઉદ્યોગો માટે એનએ પરવાનગી મેળવવાની શરત રદ કરાશેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે જણાવ્યું હતું કે સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો અને ખાદ્ય પ્રક્રિયા એકમો માટે જરૂરી ચોક્કસ જમીન માટે બિન-કૃષિ (એનએ) પરવાનગી મેળવવાની શરત દૂર કરવામાં આવશે.

મુખ્ય પ્રધાનની કચેરી (સીએમઓ) દ્વારા જારી કરાયેલી સત્તાવાર યાદીમાં જણાવાયું છે કે મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં યોજાયેલી નીતિ સુધારણા બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

મીટિંગ દરમિયાન, ફડણવીસે અધિકારીઓને દરખાસ્ત પર કાર્યવાહી શરૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે આ પગલું ઉદ્યોગસાહસિકો માટે મહત્વપૂર્ણ સમય બચાવશે અને તેમને વિલંબ કર્યા વિના ઉદ્યોગો શરૂ કરવા સક્ષમ બનાવશે.

મુખ્ય પ્રધાને વધુમાં એવું સૂચન કર્યું કે મોટી ઔદ્યોગિક વસાહતોએ સંપૂર્ણ નાગરિક સુવિધાઓથી સજ્જ 'ઔદ્યોગિક ટાઉનશીપ' વિકસાવવી જોઈએ.

તેમણે નોંધ્યું હતું કે આનાથી કાર્યસ્થળોની નજીક રહેણાંક સુવિધાઓ પૂરી પાડવામાં આવશે, જેનાથી કામદારોની ઉત્પાદકતામાં સુધારો થશે.

વીજળીની જરૂરિયાત વિશે વાત કરતા, તેમણે કહ્યું કે અમુક ઉદ્યોગોને કેપ્ટિવ પાવર જનરેશન યુનિટ સ્થાપવાની જરૂર પડી શકે છે, જે સ્પર્ધાત્મક વીજળીના દર બનાવવામાં મદદ કરશે અને ગ્રાહકોને પણ લાભ આપશે.

તેમણે કામદારોના કૌશલ્યને વધારવા માટે નિયમિત તાલીમ કાર્યક્રમો માટે પણ હાકલ કરી, અને હાલની સરકારી પહેલોની જેમ કામદારો માટે શિષ્યવૃત્તિ યોજના શરૂ કરવાનું સૂચન કર્યું.

ભારતીય માલ પર યુએસ દ્વારા લાદવામાં આવેલી ૫૦ ટકા આયાત ડ્યુટીનો ઉલ્લેખ કરતા, ફડણવીસે કહ્યું હતું કે મહારાષ્ટ્રમાંથી નિકાસમાં થતા નુકસાનની ભરપાઈ કરવા માટે નવા ખ્યાલો લાગુ કરવા જોઈએ. ■

# ગણેશોત્સવમાં છ લાખ કોંકણવાસીઓએ એસટીમાં કર્યો પ્રવાસ

મુંબઈઃ ગણેશોત્સવ દરમિયાન મુંબઈ, થાણે અને પાલઘર વિસ્તારોમાંથી પાંચ લાખ ૯૬ હજારથી વધુ કોંકણવાસીઓએ એસટી દ્વારા મુસાફરી કરી જેનાથી એસટી નિગમને લગભગ ૨૩ કરોડ ૭૭ લાખ રૂપિયાની આવક થઈ હતી. આ વર્ષે ગણેશોત્સવ દરમિયાન એસટીએ કોંકણના લોકો માટે ૫,૦૦૦ વધારાની એસટી બસો પૂરી પાડી હતી. આ બસોની ૧૫,૩૮૮ ટ્રીપમાં ૫,૯૬,૦૦૦ પ્રવાસીઓએ મુસાફરી કરી હતી. એસટી નિગમે મુસાફરોનું સલામત અને અકસ્માતમુક્ત પરિવહન પૂરું પાડીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. ૨૩ ઓગસ્ટથી ૮ સપ્ટેમ્બર સુધી ચલાવવામાં આવેલા આ પરિવહનમાં, એસટી વહીવટીતંત્રે યોગ્ય આયોજનના આધારે છેલ્લાં ઘણા વર્ષોના તમામ રેકોર્ડ તોડી નાખ્યા અને ૫,૦૦૦ જેટલી બસોમાં ૫,૯૬,૦૦૦થી વધુ મુસાફરોનું સુરક્ષિત રીતે પરિવહન કર્યું. આ માટે રાજ્યભરના વિવિધ ડેપોમાંથી માર્ગદર્શન આપનારા ૧૦,૦૦૦ થી વધુ ડ્રાઇવરો-કંડક્ટરો, મિકેનિકલ કર્મચારીઓ, સુપરવાઇઝર અને અધિકારીઓનો સમાવેશ થાય છે, જેમણે આટલું મોટું પરિવહન સુરક્ષિત રીતે કર્યું, જે પ્રશંસનીય છે, પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે જણાવ્યું હતું. ■

# 'ફક્ત પીડિતો જ સરકારના નિર્ણયને પડકારી શકશે'

## મરાઠા અનામતને પડકારતી જનહિત અરજી હાઈ કોર્ટે ફગાવી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા અન્ય પછાત વર્ગો (ઓબીસી)માં મરાઠા સમુદાયને અનામત આપવા બીજી સપ્ટેમ્બરે બહાર પાડેલા વટહુકમને પડકારતી જનહિત અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કરી દીધો છે. અદાલતે જનહિત અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કરતા કહ્યું હતું કે અરજદારો પર વટહુકમથી પ્રતિકૂળ અસર થશે નહીં અને ન તો તેઓ ભોગ બનશે.

અદાલતે એ બાબત પર ધ્યાન દોર્યું હતું કે સરકારના નિર્ણયને પીડિતોએ વિવિધ રિટ પિટિશન દ્વારા હાઈ કોર્ટમાં પડકાર્યો છે અને ન્યાયાધીશ રેવતી મોહિતે-ડેરેની અધ્યક્ષતા હેઠળની ખંડપીઠ સમક્ષ ૨૨ સપ્ટેમ્બરે અરજીઓની સુનાવણી કરવામાં આવશે. આ તબક્કે આ પીઆઈએલ સંપૂર્ણપણે ખોટી રીતે કરવામાં આવી છે. અદાલતના કહેવા અનુસાર માત્ર પીડિત વ્યક્તિઓ જ સરકારના નિર્ણયને પડકારી શકે છે. અમે આ પીઆઈએલની સુનાવણી નહીં કરીએ. અદાલતે અરજદારોને અન્ય રિટ પિટિશનમાં હસ્તક્ષેપ અરજી દાખલ કરવા નિર્દેશ આપ્યો હતો. ખંડપીઠે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે જો સંબંધિત ખંડપીઠ અરજદારોના હસ્તક્ષેપને જરૂરી લાગે તો તે તેમની સુનાવણી કરવાનો નિર્ણય લઈ શકે છે. દરમિયાન, એડવોકેટ વિનીત ધોત્રેએ મરાઠા અનામત અંગેના નવા વટહુકમને પડકારતી અલગ જનહિત અરજી દાખલ કરી છે. આ અરજીમાં વટહુકમ તેમજ ઓબીસી કેટેગરીમાંથી મરાઠા સમુદાયને અનામત આપવા માટે અત્યાર સુધીમાં લેવામાં આવેલા અગાઉના નિર્ણયોને પડકારવામાં આવ્યા છે. મરાઠા સમુદાય પછાત નથી, તે પ્રગતિશીલ છે. આ પહેલા ખત્રી કમિશન, બાપટ કમિશન, મંડલ કમિશન, બી.કે.સિંહે એવું તારણ કાઢ્યું હતું કે કુણબી અને મરાઠા એક વર્ગ નથી. ■

# હોમિયોપથીના રજિસ્ટ્રેશન માટે સરકારની મંજૂરીનો વિરોધ

## મહારાષ્ટ્રના ડૉક્ટરોની એક દિવસની હડતાળ

મુંબઈઃ રાજ્ય મેડિકલ કાઉન્સિલમાં મોડર્ન ફાર્માકોલોજીમાં સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ કરનાર હોમિયોપેથિક ડોક્ટરોની રજિસ્ટ્રેશનની મંજૂરી આપવાના સરકારના નિર્ણયના વિરોધમાં મહારાષ્ટ્રના ડોક્ટરોએ ગુરુવારે ૨૪ કલાકની હડતાલ પર ઉતર્યા હતા.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) મહારાષ્ટ્રના પ્રમુખ ડો.સંતોષ કદમે દાવો કર્યો હતો કે પ્રાઈવેટ હોસ્પિટલો સહિત રાજ્યભરના લગભગ ૧.૮ લાખ એલોપેથિક ડોક્ટર હડતાળમાં સહભાગી થયા હતા. જોકે તમામ ઈમરજન્સી અને ક્રિટિકલ સેવાઓ ચાલુ હતી.

ડોકટરોની સંસ્થાએ દાવો કર્યો છે કે આ નિર્ણય (પ્રમાણિત હોમિયોપેથની નોંધણી) દર્દીઓની સલામતી અને આરોગ્ય સેવાઓની ગુણવત્તા માટે ગંભીર ખતરો સાબિત થઈ શકે છે. આ વર્ષની શરૂઆતમાં રાજ્ય સરકારે મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલ (એમએમસી) ને નિર્દેશ આપ્યો હતો કે મોર્ડન ફાર્માકોલોજી (સીસીએમપી) માં એક વર્ષનો સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ કરનારા હોમિયોપેથનું રજિસ્ટ્રેશન કરે જેથી તેઓ પસંદગીના કેસોમાં દર્દીઓને એલોપેથિક દવાઓ સૂચવી શકે. (પીટીઆઈ) ■




**વિરોધનો વંટોળઃ** હોમિયોપથીના ડૉક્ટરોને એલોપથીના ડૉક્ટરો જેવો દરજ્જો આપવાના વિરોધમાં કલવાની હૉસ્પિટલમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. (પીટીઆઈ)

# થાણે જિલ્લાના ગામડામાં ૭૮ વર્ષે વીજળી પહોંચી

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લાના આદિવાસી પ્રભુત્વ ધરાવતા શાહપુર તાલુકાના એક અંતરિયાળ ગામડામાં પહેલી વાર વીજળી પહોંચી છે, જેનાથી આઝાદી પછીના ૭૮ વર્ષના અંધકારનો અંત આવ્યો છે અને તેના રહેવાસીઓમાં આનંદની ઉજવણી શરૂ થઈ છે. મહારાષ્ટ્ર રાજ્ય વીજળી વિતરણ કંપની લિમિટેડ (મહાવિતરણ), કલ્યાણ પ્રદેશના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે વારસવાડી ગામડામાં ૬૩ કેવીએનું નવું ટ્રાન્સફોર્મર સ્થાપિત કરવામાં આવ્યું છે અને તે ગુરુવારે (૧૮ સપ્ટેમ્બર)થી કાર્યરત થયું છે, જેનાથી તેના રહેવાસીઓના ઘરોમાં વીજળી અને પહેલી વાર સ્ટ્રીટ લાઇટનો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો છે.

વીજળી આવતાની સાથે જ મુખ્યત્વે આદિવાસી રહેવાસીઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. ફક્ત ૬૦ રહેવાસીઓ ધરાવતી નાની વસાહત વારસવાડી તેના મુખ્ય ગામ ફુગલેથી ૩.૫ કિમી દૂર છે.

'આજે, અમારા ગામમાં પહેલીવાર વીજળી આવતાં નવો ઉત્સાહ આવ્યો છે. અંધકાર દૂર થયો છે અને હવે અમારા બાળકોના શિક્ષણની સાથે ગામનો વિકાસ પણ ઝડપી બનશે,' એમ સ્થાનિક રહેવાસી રામા અઘાને જણાવ્યું હતું.

રહેવાસીઓએ એક આદિવાસી સંગઠનનો આભાર માન્યો, જેના પદાધિકારીઓ અને સભ્યોએ ૨૦૨૦માં વસાહતની મુલાકાત લીધી હતી અને વીજળી જોડાણો મેળવવા માટે સતત ઝુંબેશ શરૂ કરી હતી. ■

# લોનાવલાથી પાછા ફરતી વખતે કાર ટ્રક સાથે ટકરાતાં બે કૉલેજ સ્ટુડન્ટનાં મોત

પુણેઃ લોનાવલાથી પાછા ફરતી વખતે મુંબઈ-બેંગલુરુ હાઈવે પર પુણે નજીક કાર આગળ જઈ રહેલી કન્ટેઈનર ટ્રક સાથે ટકરાતાં કૉલેજના બે વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે બે જણને ઇજા થઈ હતી. દેહુરોડ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે અકસ્માત ગુરુવારની વહેલી સવારે ૫.૪૫ વાગ્યે થયો હતો. ચારેય વિદ્યાર્થી લોનાવલા હિલ સ્ટેશનેથી પાછા ફરી રહ્યા હતા ત્યારે દેહુ રોડ નજીક ઈદગાહ મેદાન પાસે તેમને અકસ્માત નડ્યો હતો. સિમ્બાઈસિસ કૉલેજના બીબીએના ચારેય વિદ્યાર્થી ફરવા માટે લોનાવલા ગયા હતા. લોનાવલાથી પુણે પાછા ફરતી વખતે તેમની કાર ટ્રક સાથે ભટકાઈ હતી. અકસ્માતને પગલે બે વિદ્યાર્થી દિવ્યા રાજ સિંહ રાઠોડ (૨૦) અને સિદ્ધાંત આનંદ શેખર (૨૦)નાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયાં હતાં.

કારમાં હાજર અન્ય બે વિદ્યાર્થી હર્ષ મિશ્રા (૨૧) અને નિહાર તંબોલી (૨૦)ને નજીવી ઇજા થઈ હતી. સારવાર માટે તેમને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

બનાવની જાણ થતાં દેહુ રોડ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ટ્રક ડ્રાઈવર મનીષ કુમાર સૂરજ મનીપાલ (૩૯)ને તાબામાં લીધો હતો. મનીપાલ મુંબઈના વડાલાનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે અકસ્માતની ઘટનાની વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

# અંધેરીમાં સ્કૂટર પર સ્ટન્ટ કરનારા યુવક વિરુદ્ધ ગુનો

મુંબઈઃ અંધેરીમાં સ્કૂટર પર સ્ટન્ટ કરી વીડિયો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરનારા સોશ્યલ મીડિયા ઈન્ફ્લુએન્સર વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

વર્સોવા પોલીસના જણાવ્યા મુજબ ઈન્સ્ટાગ્રામ રીલને આધારે ગુરુવારે અંશ વિકાસ ચોપ્રા વિરુદ્ધ ગુરુવારે ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫(૩) હેઠળ અંશને નોટિસ બજાવી હતી.

સ્કૂટર પર સ્ટન્ટ કરતા અનેક વીડિયો અંશે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યા હતા. ગયા સપ્તાહે તેણે ફરી એક રીલ પોસ્ટ કરી હતી. અંધેરીમાં લોખંડવાલા બૅક રોડ પર હેલ્મેટ વિના સ્કૂટર ચલાવીને સ્ટન્ટ કરતો અંશ રીલમાં નજરે પડે છે. સ્થાનિક રહેવાસીએ પોલીસનો સંપર્ક સાધી રીલ બતાવી હતી. રીલને આધારે પોલીસે સ્ટન્ટ કરવા બદલ અંશ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ■

# મુંબઈની હૉસ્પિટલમાંથી અપહરણ કરાયેલા બે વર્ષના બાળકનો થાણેમાં ટ્રેનમાંથી છુટકારો

થાણેઃ મુંબઈની હોસ્પિટલમાંથી અપહરણ કરાયેલા બે વર્ષના બાળકનો ગવર્નમેન્ટ રેલવે પોલીસે (જીઆરપી) થાણેમાં તુતારી એક્સપ્રેસમાંથી છુટકારો કરાવ્યો હતો.

આ પ્રકરણે ૪૨ વર્ષના શખસને ૪૨ વર્ષના શખસને ઝડપી પાડવામાં આવ્યો હતો, જેની ઓળખ અમોલ અનંત ઉદલકર તરીકે થઇ હતી. આરોપીને બાદમાં વધુ તપાસ માટે ભોઇવાડા પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો.

મુંબઈ પોલીસના કન્ટ્રોલ રૂમે બુધવારે થાણે રેલવે પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને જણાવ્યું હતું કે એક શકમંદ દાદરથી સાવંતવાડી જનારી તુતારી એક્સપ્રેસના એસ-૨ કોચમાં બાળકને લઇને ભાગવાનો પ્રયાસ કરી રહ્યો છે. આ માહિતી મળ્યા બાદ જીઆરપીની ટીમ તાત્કાલિક થાણે રેલવે સ્ટેશન પહોંચી ગઇ હતી, જ્યાં ટ્રેન થોભવાની હતી.

જીઆરપીની ટીમે બાદમાં ટ્રેનમાંથી શકમંદને તાબામાં લીધો હતો અને બાળકનો છુટકારો કરાવ્યો હતો. આરોપી અમોલ ઉડાલકર સિંધુદુર્ગ જિલ્લાના દેવગડ તાલુકાના ઇંદિલ ગામનો રહેવાસી છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે મુંબઈની કેઇએમ હોસ્પિટલમાંથી બાળકનું અપહરણ કરવામાં આવ્યું હતું અને આ પ્રકરણે ભોઇવાડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. દરમિયાન બાળકની તબીબી તપાસ કરવામાં આવી હતી અને બાદમાં બાળકને ડોંબિવલી ખાતેના ચેરિટેબલ ટ્રસ્ટને સોંપવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■

# ટાયર પાસે સૂતેલા યુવાન પર એક્સકેવેટર મશીન ફરી વળ્યુંઃ સદોષ મનુષ્યવધનો ગુનો

મુંબઈઃ એક્સકેવેટર મશીન ફરી વળતાં ટાયર નજીક સૂતેલા યુવાનનું મૃત્યુ થયું હોવાની ઘટના ઘાટકોપર રેલવે સ્ટેશન નજીક બની હતી. પોલીસે મશીનના ડ્રાઈવર વિરુદ્ધ સદોષ મનુષ્યવધનો ગુનો નોંધ્યો હતો.

કુર્લા ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ના અધિકારીએ જણાવ્યું હતું કે ગુરુવારની વહેલી સવારે બનેલી ઘટનામાં અંદાજે ૩૫ વર્ષના યુવાનનું મૃત્યુ થયું હતું. ઘટના સમયે તે દારૂના નશામાં હોવાનું પોલીસનું માનવું છે.

ઘટનાસ્થળેથી યુવાનનો મૃતદેહ મળી આવ્યા પછી પોલીસે અકસ્માત મૃત્યુની નોંધ કરી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મળેલા ટેક્નિકલ પુરાવાને આધારે એવું પુરવાર થયું હતું કે યુવાન મશીનના ટાયર નજીક સૂતો હતો. તે સમયે ડ્રાઈવર ત્યાં આવ્યો હતો અને તેણે મશીન ચાલુ કર્યું હતું, જેને કારણે યુવાને જીવ ગુમાવ્યો હતો. ■

# ગેરકાયદે બાંધકામ સામે પગલાંઃ નાયબ મુખ્ય પ્રધાને કયા અધિકાર હેઠળ નોટિસ પર રોક લગાવી?

મુંબઈઃ નવી મુંબઈ મહાનગરપાલિકા (એનએમએમસી)એ ગેરકાયદે બાંધકામો વિરુદ્ધ કાર્યવાહી કરવાની પ્રક્રિયા શરૂ કરી છે ત્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કયા અધિકાર હેઠળ આ નોટિસ પર રોક લગાવી હતી? શું શહેરી વિકાસ પ્રધાન તરીકે નાયબ મુખ્ય પ્રધાનને આયોજન સત્તામંડળોની આવી પ્રવૃત્તિઓ પર સ્ટે આપવાની સત્તા છે ? આ સવાલ હાઈ કોર્ટે ઉઠાવ્યો હતો. અદાલતે સરકારી વકીલને નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ કયા અધિકાર હેઠળ નોટિસ પર રોક લગાવી હતી એ સ્પષ્ટ કરવા પણ જણાવ્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાનના નિર્ણયને કોન્શિયસ સિટિઝન્સ ફોરમ નામની સ્વયંસેવી સંસ્થા દ્વારા હાઈ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. નાયબ મુખ્ય પ્રધાનના આદેશને ગેરકાયદે જાહેર કરીને તેને રદ કરવા અને મહાનગરપાલિકા દ્વારા જારી કરાયેલી ડિમોલિશન નોટિસનો અમલ કરવાની પણ માગ કરવામાં આવી છે. ન્યાયમૂર્તિ રવિન્દ્ર ઘુગે અને ન્યાયમૂર્તિ અશ્વિન ભોબેની ખંડપીઠે કેસના તમામ પાસાઓની તપાસ કર્યા બાદ આ મામલાની ગંભીરતાથી નોંધ લીધી હતી. આ ઉપરાંત નાયબ મુખ્ય પ્રધાનને આ રીતે કાયદેસરની કાર્યવાહી પર રોક લગાવવાનો અધિકાર છે? એવો સવાલ કરી સરકારને વીસમી સપ્ટેમ્બરે પોતાનું વલણ સ્પષ્ટ કરવા આદેશ આપ્યો હતો. ૨૦૦૩માં એપાર્ટમેન્ટ ઓનર્સ એસોસિએશન કોન્ડોમિનિયમ નંબર ૧૪ અને વાશીમાં નૈવેદ્યા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી કોન્ડોમિનિયમ નંબર ૩ ની સિડકોની ઇમારતોનું બાંધકામ પરવાનગી વિના તોડી પાડવામાં આવ્યું હતું. એસોસિએશને સ્થાનિક નગરસેવક અને શિવસેનાના બેલાપુર વિધાનસભા મત વિસ્તારના જિલ્લા પ્રમુખ કિશોર પાટકર સાથે હાથ મિલાવીને આ પગલું ભર્યું હતું. આની ગંભીર નોંધ લઈ સિડકોએ એસોસિએશન અને સંબંધિત લોકોને નોટિસ ફટકારી હતી. ત્યારબાદ આ વિસ્તાર નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવ્યો હતો. ■

# ભિવંડીમાં ટ્રક સાથે મોટરસાઇકલ ટકરાતાં પિતા-પુત્રીનાં મોત, પત્ની ઘાયલ

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં ટ્રક સાથે મોટરસાઇકલ ટકરાતાં શખસ અને તેની ત્રણ વર્ષની પુત્રીનાં મોત થયાં હતાં, જ્યારે પત્ની ઘાયલ થઇ હતી. બાળકની તબિયત સારી ન હોવાથી તેને ડોક્ટર પાસે લઇ જવામાં આવી રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો.

એડિશનલ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ (થાણે ગ્રામીણ) અમોલ મિત્તલે કહ્યું હતું કે પડઘા વિસ્તારમાં ગુરુવારે બપોરે આ અકસ્માત થયો હતો.

પડઘાના બોરીવલી વિસ્તારનો રહેવાસી સહીમ મકબૂલ ખોત ગુરુવારે બપોરે તેની પત્ની અને પુત્રી સાથે મોટરસાઇકલ પર જઇરહ્યો હતો. સહીમ ખોતે લેન બદલવાનો તેમ જ ટ્રક અને રિક્ષા વચ્ચે મોટરસાઇકલ ચલાવવાનો પ્રયાસ કર્યો હતો. એ દરમિયાન ખોતની મોટરસાઇકલ ટ્રક સાથે ટકરાઇ હતી, એમ મિત્તલે જણાવ્યું હતું.

આ અકસ્માતમાં ખોતનું ગંભીર ઇજાને કારણે ઘટનાસ્થળે મોત થયું હતું, જ્યારે તેની ત્રણ વર્ષની પુત્રી થોડા સમય બાદ મૃત્યુ પામી હતી. ખોતની પત્ની પણ અકસ્માતમાં ઘાયલ થઇ હોવાથી તેને થાણેની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેની હાલત ગંભીર છે.

ખોતના સંબંધીએ જણાવ્યું હતું કે ખોતની પુત્રીની તબિયત નાદુરસ્ત હોવાથી પરિવારજનો તેને ચેકઅપ માટે ડોક્ટર પાસે લઇ જઇ રહ્યા હતા ત્યારે તેમને અકસ્માત નડ્યો હતો. (પીટીઆઇ) ■

# ગોરેગામની શાળામાં ચાર વર્ષની બાળકીની જાતીય સતામણીઃ મહિલાની ધરપકડ

મુંબઈઃ ગોરેગામની જાણીતી શાળામાં ચાર વર્ષની બાળકીની કથિત જાતીય સતામણી કરવા પ્રકરણે પોલીસે મહિલા કર્મચારીની ધરપકડ કરી હતી.

ગોરેગામ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના સોમવારે શાળામાં બની હતી. દાદી બાળકીને શાળામાં છોડવા ગઈ હતી. જોકે શાળામાંથી બાળકી પાછી ફરી ત્યારે તેણે દુખાવાની ફરિયાદ કરી હતી. તબીબી તપાસ બાદ બાળકીના પરિવારે શાળાના સત્તાવાળાઓને આ બાબતે જાણ કરી હતી અને પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદને આધારે પોલીસે પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. પ્રાથમિક તપાસ પછી પોલીસે બુધવારે શાળાની મહિલા કર્મચારીની ધરપકડ કરી હતી.

જોકે ગુનામાં મહિલાની ભૂમિકા અંગે કોઈ સ્પષ્ટતા પોલીસ દ્વારા કરાઈ નહોતી. પોલીસ તપાસના ભાગ રૂપે સ્કૂલમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજની તપાસ કરી રહી છે. આ પ્રકરણે પોલીસે પૂછપરછ માટે શાળાની ત્રણ મહિલા મદદનીશને પણ બોલાવી હોવાનું જાણવા મળ્યું હતું. (પીટીઆઈ) ■


**PRAHLADRAI DALMIA LIONS COLLEGE OF COMMERCE & ECONOMICS**

Estd. 1972

(Government Aided & Affiliated to University of Mumbai & AICTE)
NAAC Re-Accredited with 'A' Grade ISO 21001 : 2018 Certified
University of Mumbai Recognized Research Centre in Accountancy, Commerce & Economics
A Government Approved Hindi Linguistic Minority Institute
MINORITY INSTITUTION
APPLICATIONS ARE INVITED FOR THE FOLLOWING CLOCK HOUR BASIS POSTS FOR THE ACADEMIC YEAR 2025-2026
AIDED

| Sr. No. | Cadre | Subject | Total No. of CHB Posts | Category |
|---|---|---|---|---|
| 1 | Assistant Professor | English | 02 | 02- OPEN |
| 2 | Assistant Professor | Economics | 02 | 02- OPEN |
| 3 | Assistant Professor | Statistic | 06 | 06-OPEN |
| 4 | Assistant Professor | Commerce | 04 | 04- OPEN |
| 5 | Assistant Professor | Accountancy | 02 | 02- OPEN |

The above posts are open to all, however candidates from any category can apply for the post.

Reservation for women will be as per University Circular No. BCC/16/74/1998 dated 10th March, 1998. 4% reservation shall be for the persons with disability as per University circular No. Special Cell/ICC/2019-20/05 dated 05th July, 2019.

Candidates having knowledge of Marathi will be preferred.

"Qualification, Pay Scales and other requirement are as prescribed by the UGC Notification dated 18th July, 2018, Government of Maharashtra Resolution No. Misc 2018/C.R.56/18/UNI-1, dated 8th March, 2019 and University Circular No. TAAS/(CT)/ICD/2018-19/1241, dated 26th March, 2019, Higher & Technical Department Government Resolution No. अर्थसं २०२२/प्र.क्र.१०५/(१)/मशि-३, दिनांक २७ मार्च, २०२३, University Circular No. सीटीएयु/०१/२०२४-२०२५ दिनांक २४/०४/२०२४ and Higher & Technical Department Government Resolution No. संकीर्ण/२०२१/प्र.क्र. १८१/२१/विशि-१, दिनांक १७ ऑक्टोबर, २०२२, University Circular No. सीटीएयु/०३/२०२४-२०२५, दिनांक २६/०४/२०२४ for filling the post on clock hour basis revised from time to time". The Government Resolution & circular are available on the website mu.ac.in

Application with full details should reach the PRINCIPAL, Prahladrai Dalmia Lions College of Commerce & Economics, S. V. Road, Sunder Nagar, Malad (W), Mumbai – 400064. Within 15 days from the date of publication of this advertisement. This is University approved advertisement.

Sd/- Principal


**વિદ્યાર્થીઓ માટે મોટી રાહત**

# પ્રવેશ સમયે આપેલી માહિતી જ કોર્સ પૂર્ણ થાય ત્યાં સુધી શિષ્યવૃત્તિ માટે ધ્યાનમાં લેવાશે

મુંબઈઃ પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓ સ્ટેટ કોમન એન્ટ્રન્સ એક્ઝામિનેશન સેલ એન્ડ ડિરેક્ટોરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશનને આવકનો પુરાવો, વ્યક્તિગત માહિતી અને દસ્તાવેજો સબમિટ કરે છે.

આ દસ્તાવેજોની ચકાસણી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન અને ઓફલાઈન થાય છે. તેથી એકવાર વિદ્યાર્થીઓ પોતાનો આવકનો પુરાવો સબમિટ કરે છે, પછી અભ્યાસક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી શિષ્યવૃત્તિ માટે વારંવાર માહિતી આપવાની જરૂર નથી. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલે સૂચના આપી હતી કે પ્રવેશ સમયે આપવામાં આવેલી માહિતી સ્વીકારવામાં આવે.

આનાથી વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓને મોટી રાહત મળી છે.

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો, આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને અન્ય તમામ શ્રેણીઓના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ રકમ શૈક્ષણિક સંસ્થાઓ અને વિદ્યાર્થીઓને સમયસર મળે તે માટે કાર્યપદ્ધતિમાં સુધારો કરવા માટે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલની અધ્યક્ષતામાં એક સમીક્ષા બેઠક યોજાઈ હતી.

કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયા સિવાયના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ માટે Maha DBT પોર્ટલ પર દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે.

સંબંધિત વિભાગોએ કાળજીપૂર્વક આયોજન કરવું જોઈએ જેથી એકવાર વિદ્યાર્થીઓ પાસેથી શિષ્યવૃત્તિ માટે માહિતી અપલોડ થઈ જાય, પછી નવી માહિતી એકત્રિત કરવાની જરૂર ન પડે.

આનાથી શિષ્યવૃત્તિ અરજીની ચકાસણી માટે જરૂરી સમય તો બચશે જ, પરંતુ પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓનો સચોટ ડેટા પણ મળશે.

પરિણામે, વિદ્યાર્થીઓને વારંવાર એક જ માહિતી આપવી પડશે નહીં, એમ ચંદ્રકાંત પાટીલે જણાવ્યું હતું. ■

## સંસ્થા સમાચાર

### મુંબઈમાં કાર્ડિયોલોજી કોન્ફરન્સનું એકનાથ શિંદેને હસ્તે ઉદ્ઘાટન



ડૉ. જી. પી. રત્નપારખીના ગુરુકૃપા હાર્ટ ફાઉન્ડેશના નેજા હેઠળ મુંબઈમાં કાર્ડિયોલોજી કોન્ફરન્સ 'કાર્ડિયોકોન કોન્ફરન્સ ૨૦૨૫'નું આયોજન ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ, મુંબઈની હોટેલ લલિત ઇન્ટરનેશનલ ખાતે સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

કોન્ફરન્સનું ઉદ્ઘાટન 'માનનીય નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્થાનિક વિધાનસભ્ય મુરજી પટેલ, આચાર્ય પવન ત્રિપાઠી (સિદ્ધિવિનાયક મંદિરના ખજાનચી ટ્રસ્ટી), અને જાણીતા ઓસ્કાર એવોર્ડ વિજેતા ગાયક 'સુખવિંદર સિંહે' તેમના લાઈવ પરફોર્મન્સથી કાર્યક્રમને શોભાયમાન બનાવ્યો હતો.

ગુરુકૃપા હાર્ટ ફાઉન્ડેશનના પ્રખ્યાત કાર્ડિયોલોજિસ્ટ ચેરમેન ડૉ. ગજાનન રત્નપારખી દ્વારા બધા મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. અન્ય પ્રતિષ્ઠિત મહેમાનોમાં પ્રખ્યાત મરાઠી ફિલ્મના સુપરસ્ટાર પ્રશાંત દામલે, પ્રખ્યાત ડૉ. વિકી રુઘવાણી એમએમસીના પ્રમુખ અને વિધાનસભ્ય બિપિન દાદા કોલ્હે, તેમજ અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓનો સમાવેશ થતો હતો.

કોન્ફરન્સમાં લગભગ ૧,૦૦૦ ડોક્ટરો હાજર રહ્યા હતા. ૧૧ વિશ્વ વિખ્યાત નિષ્ણાત ડોક્ટરોએ વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર પ્રવચનો આપ્યા હતા.

નોંધપાત્ર વક્તાઓમાં ડો. ગજાનન રત્નપારખી, ડો. ચંદ્રશેખર પોંડે, ડો. અજય મહાજન, ડો. સંજય રત્નપારખી, ડો. આકાંક્ષા મહેશ્વરી, ડો. અનિલ શર્મા, ડો. દર્શન ઝાલા, ડો. ગિરીશ પરમાર, ડો. અજિત મેનન, ડો. સલીલ અને ડો. સયાલી બેન્દ્રેનો સમાવેશ થાય છે.

સમગ્ર મહારાષ્ટ્રમાંથી અનેક વિશેષતાઓનું પ્રતિનિધિત્વ કરતા ડોક્ટરોએ આ ભવ્ય કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

ડો.રામ ચવ્હાણ, ડો. સ્મૃતિ રત્નપારખી, ડો. રાહુલ રત્નપારખી, ડો. પ્રાંજલ રત્નપારખી, ડો. અનિલ કુમાર ઉલગાડી, ડો. શશાંક શાહ, ડો. અશ્વિની ચવ્હાણ (પ્રમુખ, અંધેરી મેડિકલ એસોસિએશન), ડો. સીમા તિવારી, વિલે પાર્લે), ડો. રાજેશ તિવારી, ડો. પ્રિયંવદા શર્મા, ડો. ગજાનન કાતે, ડો. દિપાલી કાતે, ડો. તેજસ્વિની રત્નપારખી પંધારે, શ્રી સાગર પંધારે, ડો. મોના ગાંધી, ડો. સમીર પાટીલ અને અન્ય ઘણા લોકોએ પરિષદની સફળતામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

કોન્ફરન્સમાં ડોકટરો અને સરકારી અધિકારીઓ સહિત અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું સન્માન પણ જોવા મળ્યું હતું. ■

### શાસક પક્ષો

કુમાર પર લોકશાહીનો ખાત્મો બોલાવનારાઓની રક્ષા કરવાનો આરોપ મૂક્યો હતો અને કર્ણાટક વિધાનસભા મત વિસ્તારના ડેટાને ટાંકીને દાવો કર્યો હતો કે ચૂંટણી પહેલા કોંગ્રેસ સમર્થકોના મત વ્યવસ્થિત રીતે ઉડાવી દેવામાં આવ્યા હતા.

મહારાષ્ટ્રના રાજુરા મત વિસ્તારનું ઉદાહરણ આપી ઓટોમેટિક સોફ્ટવેરનો ઉપયોગ કરીને છેતરપિંડી રીતે મતદારો ઉમેરવામાં આવ્યા હોવાનું ઉદાહરણ પણ તેમણે આપ્યું હતું. શરદ પવારની આગેવાની હેઠળના એનસીપી (એસપી)ના પ્રવક્તા ક્લાઇડ ક્રાસ્ટોએ કહ્યું હતું કે મતદાર યાદીમાંથી મોટા પાયે નામો કાઢી નાખવાના રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા આરોપો ગંભીર છે અને સ્વતંત્ર તપાસની જરૂર છે.

પરિષદને સંબોધિત કરતા મહારાષ્ટ્ર કોંગ્રેસ અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે દાવો કર્યો હતો કે રાજુરા વિધાનસભા મત વિસ્તારમાં ૬ હજાર ૮૫૦ મતની ગોલમાલ કરવામાં આવી હતી અને સીએમ ફડણવીસની અધ્યક્ષતાવાળી રાજ્ય પોલીસે પણ આ મામલે એફઆઈઆર નોંધી હતી. (પીટીઆઈ) ■

## રાહુલ ગાંધી વોટચોરીના બાદશાહ, બાલિશ આરોપો કરે છે

મુંબઈ: મહારાષ્ટ્ર ભાજપે ગુરુવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને વૉટ ચોરીના 'બાદશાહ' ગણાવ્યા હતા અને કહ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયા અંગે વારંવાર 'પાયાવિહોણા આરોપો' કરવા બદલ તેમણે ભારતીય જનતાની માફી માગવી જોઈએ. બીજી તરફ અજીત પવારની આગેવાની હેઠળના મહારાષ્ટ્ર એનસીપીના પ્રમુખ સુનીલ તટકરેએ ગુરુવારે રાહુલ ગાંધીના 'મત ચોરી'ના નવા આક્ષેપોને 'બાલિશ' ઠેરવી કહ્યું હતું કે મતદારો કોંગ્રેસ નેતા અને વિપક્ષી ભારતીય જૂથ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી વાત બરાબર સમજી ગયા છે. કોંગ્રેસ આવા આરોપો મૂકી રહી છે કારણ કે તે નવેમ્બર ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં થયેલો કારમો પરાજય પક્ષ નથી પચાવી શક્યો. પ્રદેશ ભાજપના મુખ્ય પ્રવક્તા કેશવ ઉપાધ્યાયે આરોપ મૂક્યો હતો કે રાહુલ ગાંધીને બેફામ દાવા કરવાની આદત છે. કેવળ આક્ષેપો કરવાને બદલે બંધારણના માળખામાં રહી કાનૂની લડાઈ લડવી જોઈએ. ગુરુવારે દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર વોટચોરી કરનારાઓને અને લોકશાહીને નષ્ટ કરનારા લોકોની સુરક્ષા કરવાનો આરોપ મૂક્યો હતો. આ દલીલના સમર્થનમાં કર્ણાટક વિધાનસભા મત વિસ્તારના ડેટાને ટાંકીને દાવો કર્યો હતો કે ચૂંટણી પહેલા કોંગ્રેસ સમર્થકોના મત કાઢી નાખવામાં આવ્યા હતા. (પીટીઆઈ) ■

### વસઈમાં

શહેરમાં વાહનોની સંખ્યા ઝડપથી વધી રહી છે. આને કારણે, રસ્તાઓ અપૂરતા બની રહ્યા છે. આને કારણે, દરરોજ ટ્રાફિક જામનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના પૂર્વથી પશ્ચિમ તરફ જતી વખતે સૌથી વધુ ટ્રાફિક જામ થાય છે. આ માટે, મ્યુનિસિપલ કોર્પોરેશને રેલવે ફ્લાયઓવર (એફઓબી) બનાવવાનો પ્રસ્તાવ તૈયાર કરીને એમએમઆરડીએને મોકલ્યો હતો. આમાં નાયગાંવ અને વસઈ રોડ રેલવે સ્ટેશનો વચ્ચે ઉમેળમાન રેલવે પુલ, વસઈ રોડ અને નાલાસોપારા વચ્ચેના અલકાપુરી, નાલાસોપારા અને વિરાર વચ્ચેના ઓસવાલ નગરી અને વિરાટ નગર પાસે એફઓબીનો સમાવેશ થાય છે. એમએમઆરડીએએ આ રેલવે ફ્લાયઓવરના કામને વહીવટી મંજૂરી આપી હતી. ત્યારબાદ, નગરપાલિકાએ આ સંદર્ભમાં સર્વે અને યોજનાઓ રજૂ કરી હતી. તાજેતરમાં રેલવે દ્વારા આ યોજનાને પણ મંજૂરી આપવામાં આવી હતી. 'એમએમઆરડીએ'ના મેટ્રોપોલિટન કમિશનર ડૉ. સંજય મુખર્જીએ વિધાનસભ્ય રાજન નાઈકને એવી ખાતરી આપી છે કે આ પુલોના કામ માટે એમએમઆરડીએની આગામી બેઠકમાં ૮૦૦ કરોડ રૂપિયાના ભંડોળનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે. ■

## અકસ્માતમાં જીવ ગુમાવનારા યુવાનના પરિવારને ૬૨.૧૯ લાખનું વળતર

થાણે: કલ્યાણ નજીક ટૅન્કરની ટક્કરમાં જીવ ગુમાવનારા યુવાનના પરિવારને ૬૨.૧૯ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ મોટર એક્સિડન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) આપ્યો હતો.

ટ્રિબ્યુનલના સભ્ય આર. વી. મોહિતેએ ટૅન્કર માલિક અને ધ ન્યૂ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપનીને સાથે અને વ્યક્તિગત રીતે પિટિશનની તારીખથી નવ ટકા વ્યાજ સાથે વળતર ચૂકવવાના નિર્દેશ આપ્યા હતા. મૃતકના પરિવારજનોએ શરૂઆતમાં એક કરોડ રૂપિયાના વળતરની માગ કરી હતી.

અકસ્માતની ઘટના ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ કલ્યાણ-નગર હાઈવે પર બની હતી. મૃતક મોહન શિરોશે કારમાં જઈ રહ્યો હતો ત્યારે વિરુદ્ધ દિશામાંથી આવેલા દૂધના ટૅન્કરે મોહનની કારને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કાર આખી ફરી ગઈ હતી અને અન્ય વાહન સાથે ટકરાઈ હતી.

ઘટના બાદ ટૅન્કરનો ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ગંભીર જખમી મોહનને હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. (પીટીઆઈ) ■

## સંઘના વરિષ્ઠ પ્રચારક મધુભાઈ કુલકર્ણીનું અવસાન

છત્રપતિ સંભાજીનગર: વરિષ્ઠ આરએસએસ પ્રચારક મધુભાઈ કુલકર્ણી (૮૮ વર્ષની વયે)નું ગુરુવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે વૃદ્ધાવસ્થાને કારણે અવસાન થયું. તેમણે દેહદાન કર્યું હતું અને તે પહેલાં તેમના પાર્થિવ શરીરને અંતિમ દર્શન માટે સંઘના અહીંના 'સમર્પણ' કાર્યાલયમાં રાખવામાં આવ્યો હતો.

બે અઠવાડિયા પહેલા સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે ડૉ. હેડગેવાર હૉસ્પિટલની મુલાકાત લીધી હતી અને મધુભાઈના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી હતી. ૧૯૮૫માં મધુભાઈને ગુજરાત પ્રાંત પ્રચારક તરીકે મોકલવામાં આવ્યા પછી તેમણે સંઘ પ્રચારક નરેન્દ્ર મોદીને ભાજપમાં મોકલ્યા હતા. બાદમાં નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યપ્રધાન અને પછી વડા પ્રધાન બન્યા.વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ પર પ્રકાશિત થયેલા કેટલાક લેખોમાં તત્કાલીન સરસંઘચાલક બાળાસાહેબ દેવરાસે મોદીને રાજકારણમાં પ્રવેશવાનો આદેશ આપ્યો હતો અને લેખમાં મધુભાઈનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ■

છેલ્લા પાનાનું ચાલુ

### સાપે ડંખ

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું. જોકે આ બાબતની ખાતરી વિગતવાર તપાસમાં જાણી શકાશે, એમ પોલીસનું કહેવું છે.

અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના મંગળવારની મધરાત બાદ દોઢ વાગ્યાની આસપાસ બની હતી. મધરાતે એક વાગ્યે અમિત ઘરની બહાર નીકળ્યો હતો અને ટૅક્સીમાં બાન્દ્રા પહોંચ્યો હતો. ત્યાંથી ટૅક્સી બાન્દ્રા-વરસી સી-લિંક પરથી પસાર થઈ રહી હતી ત્યારે તેણે અચાનક સાપ કરડ્યો હોવાની બૂમાબૂમ કરી હતી. અમિતના કહેવાથી ડ્રાઈવરે ટૅક્સી રોકી હતી. ડ્રાઈવર કંઈ સમજે તે પહેલાં ટૅક્સીમાંથી ઊતરીને અમિતે સી-લિંક પરથી કૂદકો માર્યો હતો.

ડરી ગયેલા ટૅક્સી ડ્રાઈવરે આ બાબતે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. બાન્દ્રા પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી ત્યારે બુધવારની સવારે ૧૦ વાગ્યે અમિતનો મૃતદેહ જૂહુના દરિયાકિનારેથી મળી આવ્યો હતો. માછીમારની નજર મૃતદેહ પર પડતાં સાંતાક્રુઝ પોલીસને જાણ કરી હતી. સાંતાક્રુઝ પોલીસની ટીમે ફાયર બ્રિગેડના જવાનોની મદદથી મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો. મૃતદેહ અમિતનો હોવાની ખાતરી ટૅક્સી ડ્રાઈવરે કરી હતી. પોલીસને સુસાઈડ નોટ મળી ન હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

### મસ્જિદ બંદર નજીક

ઉપરાંત દેખરેખ માટે મ્યુનિશિપલ ટીમ ત્યાં તહેનાત કરવામાં આવી છે.

કબૂતરોના મળ અને પીંછાને કારણે શ્વાસોચ્છવાસના રોગ થતા હોવાથી મુંબઈમાં કબૂતરખાનાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. પ્રાણી પ્રેમીઓ દ્વારા કોર્ટમાં અરજી કરવામાં આવ્યા પછી પણ કોર્ટે આ નિર્ણયને માન્ય રાખ્યો હતો. મ્યુનિશિપલ કોર્પોરેશન કબૂતરોને ખવડાવનારા અને વેચનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી કરી રહી છે. આમ છતાં, મ્યુનિશિપલ કોર્પોરેશનના નિયમોને અવગણીને મુંબઈમાં ઘણી જગ્યાએ કબૂતરોને ખવડાવવામાં આવતા હોવાના અહેવાલો છે. છેલ્લા ઘણા દિવસોથી, મસ્જિદ બંદર રેલવે સ્ટેશનના ફૂટબ્રિજ પાસે ગેરકાયદેસર રીતે કબૂતરોને ખવડાવવામાં આવી રહ્યા હતા. આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ફરીથી ન થાય તે માટે બી ડિવિઝનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે તે જગ્યાએ ન્યુસન્સ ડિટેક્ટર, કામદારો અને કર્મચારીઓને ૨૪ કલાક તહેનાત કર્યા છે. ઉપરાંત, ઊંચા ઉડતા પક્ષીઓના કબૂતરોને ખોરાકનો પુરવઠો બંધ કરવા માટે નોટિસ બોર્ડ લગાવવામાં આવ્યા છે. ■

### રહેવાસી વિસ્તારોથી

કબૂતરખાનાનું અનધિકૃત બાંધકામ દૂર કરવામાં આવ્યું, તેમજ કબૂતરો માટે સંગ્રહિત ખોરાક પણ દૂર કરવામાં આવ્યો. નગરપાલિકાના આ પગલા સામે કેટલાક પક્ષી પ્રેમીઓએ હાઇ કોર્ટનો સંપર્ક કર્યો હતો. આ અરજીની સુનાવણી દરમિયાન હાઇકોર્ટે કબૂતરખાનાને બંધ કરવાનો આદેશ આપ્યો હતો. આ અંગે હજુ પણ વિવાદ ચાલુ છે અને વકરી રહ્યો છે.

કબૂતરખાનાનો વિવાદ કોર્ટમાં પહોંચ્યો છે અને મુંબઈ મ્યુનિશિપલ કોર્પોરેશન વહીવટીતંત્રે ભવિષ્યમાં દરેક વિભાગમાં કબૂતરખાના ખોલવાનો સમય આવે તો આવી જગ્યાઓ શોધવાની શરૂઆત કરી લીધી છે. તમામ વિભાગીય અધિકારીઓને મૌખિક રીતે આવી જગ્યાઓ શોધવાનો આદેશ આપવામાં આવ્યો છે. મ્યુનિસિપલ અધિકારીઓએ માહિતી આપી હતી કે સંજય ગાંધી પાર્કમાં કબૂતરખાના માટે પણ પાંચસો મીટરના અંતરના માપદંડને આધીન પરવાનગી આપવામાં આવી છે.

શહેરમાં આવી જગ્યા મળવી મુશ્કેલ

મુંબઈમાં વસ્તીથી પાંચસો મીટર દૂર આવી જગ્યા શોધવી મુશ્કેલ છે. ખાસ કરીને શહેરમાં ઘણા વિભાગો ખૂબ નાના અને ગીચ વસ્તીવાળા છે. તેથી અધિકારીઓ કહે છે કે દરેક વિભાગમાં આવી જગ્યા શોધવી મુશ્કેલ છે.

રેસકોર્સ, આરે કોલોની ખાતે કબૂતરખાના?

લોઢાએ અગાઉ મ્યુનિસિપલ કમિશનર ભૂષણ ગગરાણીને પત્ર લખીને કબૂતરોના મુદ્દે કોર્ટના નિર્ણયનો આદર કરીને માર્ગ શોધવાની અપીલ કરી હતી. તેમણે એવી પણ માંગ કરી હતી કે બીકેસી, રેસકોર્સ, આરે કોલોની, સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન જેવી ખુલ્લી જગ્યાઓને કબૂતરોને ખવડાવવા માટે સલામત અને નિયંત્રિત ખોરાક વિસ્તારો તરીકે નિયુક્ત કરવામાં આવે. ■

### પ્રભાદેવી બ્રિજના

જૂના માળખાને તોડી પાડવા માટે ૮૦૦-મેટ્રિક-ટનની બે વિશાળ ક્રેનનો ઉપયોગ કરવામાં આવશે. મોટાપાયે તોડકામ કરવાનું હોવા છતાં, રેલ્વે અધિકારીઓએ ખાતરી આપી હતી કે પશ્ચિમ અને મધ્ય લાઇન પર ટ્રેન સેવાઓને કોઈ મોટી અસર નહીં થાય.

મંજૂરીઓ મળ્યા બાદ પ્રોજેક્ટને લગભગ એક વર્ષની અંદર પૂર્ણ થવાનું અનુમાન છે. અધિકારીઓના કહેવા મુજબ એકવાર થાંભલાઓ બેસાડ્યા બાદ કામ ઝડપથી આગળ વધશે, જેના કારણે મુંબઈના સૌથી વધુ વ્યસ્ત પરિવહન વિસ્તારમાં મુસાફરી સરળ બનશે. ■

## જૈન મરણ

સુરેન્દ્રનગર નિવાસી હાલ ઘાટકોપર, યોગેશભાઈ મુકુંદભાઈ ચુનીલાલ વોરા (ઉં. વ. ૬૬) શુક્રવાર ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ચેતનાબેનના પતિ. જીતેન્દ્રભાઈના ભાઈ. એકતા - દીપેન, જતીન - અંતરાના પિતાશ્રી. સ્વ. લક્ષ્મીચંદ જયંતીલાલ પટેલ ખીજડીયાના જમાઈ. અવિયાન / ધૃતિના દાદા/નાનાજી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ખોપાળા નિવાસી હાલ બોરીવલી અરવિંદભાઇ બાબુભાઇ શાહના ધર્મપત્ની લતાબેન (ઉં. વ. ૭૦) તા. ૧૬-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રીકું (તનીષા)ના માતુશ્રી. તથા મિલનકુમારના સાસુ. તથા ભોગીભાઇના ભાઇના ધર્મપત્ની. જયસુખભાઇ, કિશોરભાઇ તથા સ્વ. મધુબેન ભૂપેન્દ્રકુમાર તથા વિલાસબેન પ્રવીણકુમાર, માયાબેન કિરિટકુમાર, રીટાબેન હર્ષદકુમાર, વર્ષાબેન મનીષકુમારના ભાભી. પીયરપક્ષે કમળેજ નિવાસી. શાહ પ્રભુદાસ વનમાળીદાસની દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**સોરઠ વીશા શ્રીમાળી જૈન**

મોટી પાનેલીના સ્વ. ચંદ્રકાંત મગનલાલ શેઠના પત્ની ગં. સ્વ. મંજુલાબેન (ઉં. વ. ૭૪) તા. ૧૭-૯-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે નિમેશ, રીતેશ, અનિતાના માતા. કપિલા, કસ્તુરી, કલ્પેશ શાહના સાસુ. સ્વ. ગંભીરભાઇ દોશીના દીકરી. રિયાના દાદી. નિશના નાની. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિજાપુર સત્તાવીસ વિશા શ્રીમાળી જૈન**

લોદરા નિવાસી હાલ બોરીવલી મંજુલાબેન જશવંતલાલ મફતલાલ શાહ (ઉં.વ.૭૯) તા. ૧૬-૯-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે ધર્મેન્દ્ર અને નિલેશના માતુશ્રી. ઝંખના અને અંજુના સાસુ. ધવલ, રચિત, સિદ્ધિ અને અર્પિતાના દાદીમા. બાલવા નિવાસી શાહ મણિલાલ શાંકલચંદ શાહના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૯-૯-૨૫ શુક્રવારના સાંજે ૭.૩૦થી ૯. ઠે. પેરેડાઇઝ હોલ, રોડ નં.૧૦, દૌલતનગર, બોરીવલી (પૂર્વ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અ. સૌ. મંછાબેન હેમાણી (ઉં. વ. ૯૧) અમરેલી હાલ મુલુંડ તે હરસુખલાલ અચરતલાલ હેમાણીની ધર્મપત્ની. તે કિરણભાઇ હેમાણી અને ભાવનાબેન બિલખીયાના માતુશ્રી. તે મીનાબેન અને સ્વ. હિતેશભાઇના સાસુ. રુચિ આત્મન કુમાર, અદિતિ પ્રિયાંક અંકિતા પ્રતીશ હિનલના દાદી/નાની. પિયરપક્ષે સાવરકુંડલા નિવાસી માતુશ્રી પ્રભાબેન જયંતીલાલ વનમાળીદાસ દોશીના સુપુત્રી. અયાન કિયારા અરહાન કબીરના પરદાદી/નાની. બુધવાર, તા. ૧૭-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના શુક્રવાર, તા. ૧૯ સપ્ટેમ્બર ૨૫ના સાંજે ૪થી ૬. ઠે. કાલિદાસ મેરેજ હોલ પી. કે, રોડ, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડી સ્થાનકવાસી દશા શ્રીમાળી જૈન**

મૂળી નિવાસી હાલ મલાડ ગં. સ્વ. ચંદનબેન (ઉં. વ. ૮૯) તે સ્વ. રસિકલાલ રતિલાલ શાહના ધર્મપત્ની. સ્વ. ભાવેશભાઇ અને હીનાબેનના માતુશ્રી. જયેશભાઇ શેઠ અને રીટાબેનના સાસુ. ઉત્સવ, આદિત્ય, ધ્રુવિન, સુમીત તથા રાજવીના દાદી. નંદાબેન જયસુખભાઇ શાહ. સ્વ. હંસાબેન જશવંતલાલ મોદી અને શશીકાંતભાઇના ભાભી. પિયરપક્ષે ડગલી ધનસુખલાલ વર્ધમાનના બહેન તા. ૧૮-૯-૨૫ને ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમરાપુર હાલ કાંજુર માર્ગ નિવાસી સ્વ. મુક્તાબેન રતિલાલ દેસાઇના પુત્ર અરવિંદ (ઉં.વ.૬૭) તે દીપ્તિબેનના પતિ. રીમા, ભાવિકના પિતા. ફોરમના સસરા. ભરત અને દીપકના ભાઇ. સ્વ. રજનીકાંત મણીલાલ મહેતાના જમાઇ. ભાવેશ મોદીના વેવાઇ. બુધવાર, તા. ૧૭-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વે. મૂર્તિપૂજક જૈન**

ચોટીલા નિવાસી હાલ મલાડ સ્વ. ચંદ્રકાંત પાનાચંદ શાહના ધર્મપત્ની હંસાબેન (ઉં. વ. ૮૩) વિપુલ, નીતા, મીતાના માતુશ્રી. રીટા, સ્વ.બિપીનકુમાર, સંજયકુમારના સાસુ. સ્વ. શાંતિભાઇ, સ્વ. પ્રભુદાસભાઇના નાનાભાઇના પત્ની. સ્વ. પ્રભાબેન, સ્વ. કંચનબેન, સ્વ. ઇન્દુબેન, રંજન બહેનના ભાભી. સ્વ. રજનીભાઇ, સ્વ. ઇંદુબેન, અરુણાબેનના બહેન. તા. ૧૮-૯-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી દશા શ્રીમાળી જૈન**

અમરાપુર (ધાનાણી) નિવાસી હાલ કિંગસર્કલ, સ્વ. જમનાદાસ રામજી મડિયાના ધર્મપત્ની ગં.સ્વ. દયાબેન (ઉં. વ. ૮૭) તા. ૧૮/૯/૨૫ના ગુરુવાર અરિહંતશરણ પામેલ છે. તે ભરતભાઈ, મુકેશભાઈ, વિપુલભાઈ, અનિતા જતીનકુમારના માતુશ્રી. ભાવના, મેઘના,

## પારસી મરણ

મની એલીસ ભરૂચા તે મરહુમ એલીસના ધન્યાની. તે મરહુમો નાજામાય તેહમુરસપ પાવરીના દીકરી. તે બરઝીન ને મરહુમ અદીલના માતાજી. તે બાલેશ્રી બરઝીન ભરૂચાના સાસુજી. તે મરહુમો નોશીર ને દોલીના બહેન. તે ફિરીન બરઝીન ભરૂચાના બપઇજી. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૯૬, વાલકેશ્વર રોડ, નેકલેસ વ્યુ, ૧૦મે માળે, મુંબઇ-૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૯-૯-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે સેથના અગિયારીમાં છેજી.

થ્રીતી માનેક દારૂવાલા તે માનેકના ધન્યાની. તે મરહુમો દોલતબાનું સોરાબજી બેહરાવોનાના દીકરી. તે ફેની સીરીશ પાસ્તેના માતાજી. તે હુફરીઝ તથા મરહુમ તેહમતનના બહેન. તે રોશની ને રીહા પાસ્તેના મમઇજી. તે નીના અંકલેસરીયા ને બકતાવર પારડીવાલાના ભાભી. (ઉં.વ.૮૫) રે. ઠે. ૨,ભોંયતળિયે, પ્લોટ નં. ૧૩, કાશીનાથ બિલ્ડિંગ, આવાબાઇ રોડ, તારદેવ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૯-૯-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે કપાવાલા અગિયારીમાં છેજી.

---

હિના તથા જતીનકુમાર પારેખના સાસુ. ચિરાગ, પાર્શ્વ, સિદ્ધના દાદી. આરતી તથા હિયાંશીના મોટીદાદી, સ્વ. નરભેરામ ગોપાલજી લાઘાણીના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૧૯-૯-૨૫ના શુક્રવાર ૪ થી ૬. રામજી અંદરજીની વાડી, (રામવાડી) મંદ્યવરકર રોડ, માટુંગા સેન્ટ્રલ રેલ્વે.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ સામખીયારીના સ્વ.મેઘજી વાલજી ગડાના (ઉં. વ. ૫૮) સોમવાર તા. ૧૫.૦૯.૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. કામલબેન આસધીરના પૌત્ર. સ્વ. જમણીબેન વાલજીના પુત્ર. દમયંતીના પતિ. મૈત્રી, પ્રતિક, વૃત્તિકના પિતા. જયંતી, રમેશ, હંસા, ધનુ, જયશ્રીના ભાઈ. ગામ લાકડીયાના સ્વ. રાજીબેન ભાણજી હાજા છાડવાના જમાઈ. પ્રાર્થના સભા શનિવાર તા.૨૦.૦૯.૨૫, સમય સવારે૧૦.૩૦ થી ૧૨.૦૦ સ્થળ. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, દાદર-વેસ્ટ, ઠે.રૂમ નં.૭ પહેલે માળે, એમ.જી.રોડ, ગોરેગામ-વેસ્ટ, મુંબઈ-૬૨.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ મનફરાના સ્વ.પુષ્પાબેન પ્રેમજી કારીઆ (ઉં. વ. ૬૯) મંગળવાર તા.૧૬.૦૯.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. પ્રેમજી ભોજરાજના સુપુત્ર, ખેતશી, સમીર, મીના, અલ્પા, સ્વ. હેતલના માતુશ્રી. ભરત ડાઘા, અશોક ગાલાના સાસુ. હેત,વિનય, પ્રિયા, શુભના નાની.મનફરાના સ્વ. લાખઈબેન વેરશી ગાલાના દીકરી. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૯.૯.૨૫ સમય ૪.૦૦ થી ૫.૧૫ સ્થળ. શ્રી વર્ધમાન સ્થાનક લઘુભાઈ નિસર હોલ, ઠે.સી-૩૧૨, સ્વામીનારાયણ એપાર્ટમેન્ટ, દત્તમંદિર રોડ, મલાડ-ઈસ્ટ, મુંબઈ-૯૭.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાની તુંબડીના ભવાનજી કેશવજી સાવલા (ઉં. વ. ૭૭) ૧૬-૯-૨૫ ના અવસાન પામેલ છે. સોનબાઈ/જેવુબાઈ કેશવજી આસધીર સાવલાના સુપુત્ર. સુશીલાના પતિ. ધવલ, શ્વેતાના પિતા. પદમશી, કાંતિલાલ, કલ્યાણજી, સાકરબાઈ, પાનબાઈ, કંકુબાઈ, ભચીબાઈ, જયા, સરસ્વતીના ભાઈ. શાંતાબેન શામજી છેડાના જમાઈ. પ્રાર્થના : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.સં.કરસન લઘુ નીસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦. નિ. ભવાનજી સાવલા, ૩૩, સાધના બિલ્ડીંગ, તેલી ગલી, અંધેરી (ઈ) મું-૬૯.

બિદડાના શ્રી ચંદ્રકાંત દામજી (વલ્લભજી) ભીમશી છેડા (ઉં. વ. ૭૭) તા. ૧૬-૯-૨૫ ના અવસાન પામેલ છે. વેજબાઇ દામજી ભીમશીના પુત્ર. વિમળાના પતિ. દિપેશ, ઝિનલના પિતા. જીતેન્દ્ર, લક્ષ્મીચંદ, જગદીશ, મનસુખ, કપાયાના હેમલતા હરીલાલ સંગોઇના ભાઇ. પત્રીના મોંઘીબાઇ શામજી કચુ ગોગરીના જમાઇ. પ્રાર્થના : શ્રી ક.વિ.ઓ. સ્થા.જૈન મહાજનવાડી, ચીંચપોકલી. સાંજે ૪ થી ૫.૩૦. નિ. દિપેશ છેડા, બી/૨૦૧, ભાગીરથી ભુવન, જીજીભોય લેન, ગણેશ ગલ્લી, લાલબાગ, મું. ૧૨.

હાલાપુરના માતુશ્રી રશ્મીબેન રમણીકલાલ મારૂ (ઉં. વ. ૮૫) તા. ૧૬-૯-૨૦૨૫ના અવસાન પામેલ છે. નર્મદાબેન હીરજીના પુત્રવધૂ. સ્વ. રમણીકલાલના પત્ની. ડૉ. મયંક, બિરેન, જીનેશ, આશાના માતુશ્રી. મોટા લાયજાના કસ્તુરબેન ધનજી જેઠાભાઇ ફુરીયાના પુત્રી. મોહનલાલ, વસનજી, સરલાબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રમણીકલાલ મારૂ, હીરા મહલ, આર.કે.રોડ, વડાલા, મું. ૩૧.

બેરાજાના જીવરાજ ધારશી સૈયા (ઉં. વ. ૯૨) અરિહંત શરણ પામેલ છે. પાનબાઈ/જેઠીબાઈ ધારશીના પુત્ર. લક્ષ્મીબેનના પતિ. રમણીકલાલ, પરેશ, ચંચળ, કંચનના પિતાશ્રી. નાનજી, દામજી, પોપટલાલ, સુંદરબેન, મકાંબાઈ, મણીબેનના ભાઈ. ના.તુંબડી ગંગાબાઈ જીવરાજ દેરાજ ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પરેશ સૈયા, ૧૧૦૨, આવિષ્કાર, ગુલમોહર રોડ, બોરીવલી (વે).

## હિન્દુ મરણ

**સુરત દશા લાડ વણિક**

સુરત નિવાસી હાલ મુંબઇ સ્વ. જશવંતલાલ જમનાદાસ દલાલ અને સ્વ. સુલોચના દલાલના પુત્ર સુધીરભાઇ દલાલ (ઉં. વ. ૭૪) તા. ૧૭-૯-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તેઓ સ્વ. નીતાબેનના પતિ. રિદ્ધિના પિતા. ઝુબેરના સસરા. તે સ્વ. જયંતભાઇ, વાસંતીબેન, સ્વ. કિરીટભાઇ, સ્વ.કિર્તીભાઇન ભાઇ. લૌકિક અને સાદડી પ્રથા બંધ છે.

**દેસાઇ સઇ સુતાર દરજી જ્ઞાતિ મંડળ**

ભુંબલી નિવાસી હાલ મલાડ સ્વ. હસમુખભાઇ લાલજીભાઇ વાઘેલાના ધર્મપત્ની સ્વ. મધુબેન વાઘેલા (ઉં.વ. ૬૨) તા. ૧૫-૯-૨૫ સોમવારના રામચરણ પામ્યા છે. તે વૈશાલી, હિતેશ, સમીરના મમ્મી. તે અવનીના સાસુ. વિનોદભાઇના ભાભી. ઇલાબેન વિનોદભાઇ વાઘેલાના જેઠાણી. સ્વ. શામજીભાઇ કેશવભાઇ માંડલિયા અને સ્વ. પાર્વતીબેન શામજીભાઇ માંડલિયાની મોટી દીકરી. બેસણું: તા. ૧૯-૯-૨૫ શુક્રવારના સાંજે ૪થી ૬. ઠે. દેસાઇ સુતાર જ્ઞાતિ મંડળ, પ્લોટ નં.૧૫, ૪થો અશોક ચક્રવર્તી રોડ, ઓપોઝિટ ગણેશ મંદિર, અશોકનગર, કાંદિવલી (ઇસ્ટ).

**દશા વાયડા વૈષ્ણવ વણિક**

કડી નિવાસી હાલ કાંદિવલી ગં. સ્વ. ધર્મિષ્ઠાબેન શાહ (ઉં. વ. ૮૯) તા. ૧૬-૯-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.બીપીનચંદ્ર કાંતિલાલ શાહના ધર્મપત્ની. ગં. સ્વ. લલિતાબેન કૃષ્ણલાલ પરીખના પુત્રી. અતુલ, મનોજ, રેખા પરીખના માતુશ્રી. રીના, આરતી, જસ્મીન પરીખના સાસુ. પ્રાર્થનસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. તરુણભાઇ આડ ઠક્કર (ઉં. વ. ૭૨) ગામ મોટી ચીરઇ હાલ મુલુંડ ચેકનાકા તા. ૧૬-૯-૨૫ના મંગળવારે રામશરણ પામેલ છે. તે સ્વ. હરીરામ દામજી આડ ઠક્કર, સ્વ. મંગળાબેન આડ ઠક્કરના પુત્ર. માધુરીના પતિ. અશ્વિન, સ્વ. મનોજભાઇ, મીનાબેન કાંતિલાલ રૂપારેલના ભાઇ. તે સ્વ. ચત્રભુજ વિઠ્ઠલદાસ ચોથાણી, સ્વ. શાંતાબેન ચત્રભુજ ચોથાણીના જમાઇ. સ્વ. હરીશભાઇ, નીતાબેન શ્રીકાંત આંબેકરના બનેવી. રામશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી, તેમ જ લૌકિક વ્યવહાર બંધ છે.

**હિન્દુ મેઘવાળ**

ગામ ભડી ભંડારીયા ભાવનગર હાલ મુંબઇ મહાલક્ષ્મી સ્વ. ટાભજીભાઇ પડાયા (ઉં. વ. ૫૯) સોમવાર, તા. ૧૫-૯-૨૫ના સ્વર્ગવાસ થયા છે. સ્વ. દેમાબેન તથા રાણાભાઇ ખોડાભાઇ પડાયાના પુત્ર. રમીલાબેનના પતિ. સ્વાતિબેન, દીપેનભાઇ (જયદીપભાઇ)ના પિતા. સ્વ. જેશિંગભાઇ, સ્વ. કાનજીભાઇ, લક્ષ્મણભાઇ, સ્વ. મંજુલાબેનના ભાઇ. ગીરીશભાઇ બધાભાઇ વાઘના સસરા. સ્વ. ખીમીબેન તથા હીરાભાઇ કેશવભાઇ ચારણીયાના જમાઇ. બારમાની વિધિ તા. ૧૯-૯-૨૫ના સાંજે ૪ કલાકે. ઠે. એ૧. રૂમ નંબર ૩૧૪ તીજો માળો, ઇન્કમટેક્સ ગલ્લી ડોકટર બાબાસાહેબ આંબેડકર નગર, રેસકોર્સ, મહાલક્ષ્મી મુંબઇ-૩૪.

**ઔદિચ્ય સહસ્ત્ર ગુજરાતી બ્રાહ્મણ**

મૂળ વતન ભાવનગર હાલ ઘાટકોપર અ. સૌ. કિંજલબેન (ઉં. વ. ૫૫) મુંજાલ પુસ્કરરાય મહેતાના ધર્મપત્ની. જીગર, પ્રચિતીના માતુશ્રી. તથા પિયર પક્ષે (અમરેલી) સ્વ. ઇશ્વરલાલ હીરાલાલ શુકલના પુત્રી. સુધીરભાઇ, બીનાબેન તથા સ્વ. રીટાબેનના બહેન. તા. ૧૪-૯-૨૫ના કૈલાસવાસી થયેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**જુનાગઢ દશા શ્રીમાળી વણિક વૈષ્ણવ**

પ્રમીલાબેન (ઉં. વ. ૭૯) તે સ્વ. જીતેન્દ્ર રતિલાલ સાંઘાણીના પત્ની. સ્વ. હરકીશનદાસ કરસનદાસ પાંઢીના દીકરી. સમીર તથા પૂનમ દોશીના માતા. સપના તથા હિરેન દોશીના સાસુ, વિનોદચંદ્ર તથા મહેશભાઈના ભાભી. મંગળવાર તા. ૧૭/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૦-૯-૨૫ના ૪ થી ૬. લોહાણા મહાજન વાડી, પહેલે માળે, શંકરમંદિરની બાજુમાં, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી વૈષ્ણવ**

હાંસોટ નિવાસી હાલ બોરીવલી, અનુરાધા શિરીષચંદ્ર મજુમદાર (ઉં. વ. ૭૯) તા.૧૫/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શિરીષચંદ્રના પત્ની, વિઠ્ઠલતા શેઠના દીકરી. તેજસ અને સોનાલીના માતા. ધૃતિ અને ચિરાગના સાસુ, સાદડી પ્રથા બંધ છે.

**ઘોઘારી લોહાણા**

મોટા લીલીયા નિવાસી હાલ બોરીવલી, અ.સૌ. નીતાબેન (નલીનીબેન) અઢિયા (ઉં. વ. ૭૫) તા. ૧૭-૯-૨૫ના બુધવાર શ્રીજીચરણ પામેલ છે. કિશોરકુમાર રામજીભાઈ અઢિયાના ધર્મપત્ની, તે આશિષના માતા, રૂપલ (રૂપા) આશિષના સાસુ. સ્વ. ગોદાવરીબેન પરશોતમદાસ હરજીવનદાસ ઉનડકટના દીકરી. સ્વ. પ્રમીલાબેન હિમંતલાલ રૂપારેલીયા, સ્વ. પ્રફુલભાઇ, દીલીપભાઈ, સ્વ. હરેશભાઇ, પન્નાબેન નરેન્દ્રકુમાર કારિયા, ગં.સ્વ. પ્રતિભાબેન ચંદ્રકાન્ત પંચમતીયાના બેન. બંનેપક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૧૯/૯/૨૫ને શુક્રવાર ૪.૩૦.થી ૬.૩૦. લોહાણા મહાજન વાડી, બીજે માળે, શંકરમંદિરની બાજુમાં, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**શ્રીમાળી બ્રાહ્મણ**

શુક્લતીર્થ નિવાસી, મુકુંદભાઈ ત્રિવેદી (ઉં. વ. ૭૫) તે પ્રદ્યુમનરાઈ ત્રિવેદી અને પુષ્પાબેન ત્રિવેદીના પુત્ર. કનુભાઈ પંડ્યા અને સરલાબેનના જમાઈ. જ્યોતિબેનના પતિ. આનંદ અને શિશિરના પિતાશ્રી. કીર્તિ અને સોનાલીના સસરા. અનિલભાઈ ત્રિવેદી, સ્વાતિબેન, દક્ષાબેન, ચેતનાબેનના ભાઈ. તા. ૧૭.૦૯.૨૫ના દેવલોક પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા શનિવાર તા.૨૦.૦૯.૨૦૨૫ના ૪ થી ૬. ઠેઃ બી-૨૦૩, સુપ્રીમ મધુકર, કસ્તુરપાર્ક, શિંપોલી રોડ, બોરીવલી (૫), લો. વ્ય. બંધ છે.

**કચ્છી રાજગોર**

મસ્કા કચ્છ, શ્રીમતી મોંઘીબેન (ઉં. વ. ૭૭) તે હરિશંકર જીવરામ મોતાના ધર્મપત્ની. સ્વ. માનબાઈ જીવરામના પુત્રવધૂ, સ્વ.મણિબાઈ હિરજીના સુપુત્રી. સ્વ.અમૃતબેન જેઠાલાલના બેન. વિમળા, હિતેશ, ઉષા, કમલેશ, મનીષાના માતુશ્રી. પ્રફુલ, મનીષા, ભરત, ઉષા, રાકેશના સાસુ. તા. ૧૬/૯/૨૫ના મસ્કા ખાતે અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ગુર્જર ક્ષત્રિય કડિયા**

અમરેલી નિવાસી હાલ બોરીવલી, સ્વ. હરેન્દ્રભાઈ કાચા (ઉં. વ. ૬૬) ૧૬/૦૯/૨૫ મંગળવારે શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. મુકતાબેન બચુભાઈ કાચાના સુપુત્ર. જ્યોતિબેન કાચાના પતિ, કૌશિક, દિશાંતના પિતા, હિરલના સસરાજી, સ્વ. કાન્તાબેન કાંતિલાલ લાખનીના જમાઈ. પ્રવિણાબેન કમલેશભાઈ મારૂ, હર્ષદભાઈ કાચાના ભાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૮/૦૯/૨૫ના ૫ થી ૭. શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા વાડી, મામલતદાર વાડી, રોડ નંબર -૩, મલાડ વેસ્ટ.

### મુંબઈમાં

અંધેરી અને બાંદ્રામાં આશરે ૧૩૯ એકર જમીન પર સહકારી હાઉસિંગ સોસાયટીઓનો પુનર્વિકાસ શરૂ થયો છે. આ બધા વિસ્તારો મોકાની જગ્યાઓ પર આવેલા છે અને બજાર ભાવ રેડી રેકનર દરો કરતા અનેક ગણા વધારે છે, જે પુનર્વિકાસ પ્રોજેક્ટ્સને વ્યવહારુ બનાવે છે. આ વિસ્તારમાં ડેવલપરે રહેવાસીઓને ૬૦ થી ૭૦ ટકા વધુ વિસ્તાર ઓફર કર્યો છે. જે પ્રોજેક્ટ્સમાં બજાર કિંમત પ્રતિ ચોરસ ફૂટ રૂ. ૪૦,૦૦૦ થી ઓછી હોય ત્યાં ડેવલપર ૩૦ થી ૩૫ ટકા ચૂકવશે અને જે વિસ્તારોમાં બજાર કિંમત પ્રતિ ચોરસ ફૂટ રૂ. ૪૦,૦૦૦ થી ૬૦,૦૦૦ છે ત્યાં ડેવલપર ૩૫ થી ૪૦ ટકા અને અને જે વિસ્તારોમાં પ્રતિ ચોરસ ફૂટ કિંમત રૂ. ૭૫,૦૦૦ થી વધુ છે ત્યાં ૫૦ ટકા વધારાનો વિસ્તાર આપવામાં આવી રહ્યો છે.

રિપોર્ટમાં જણાવાયું છે કે આ પુનર્વિકાસમાંથી સરકારને સ્ટેમ્પ ડ્યુટી તરીકે રૂ. ૭,૮૩૦ કરોડ અને વસ્તુ અને સેવા કર તરીકે રૂ. ૬,૫૨૫ કરોડ મળવાની શક્યતા છે. અત્યાર સુધીમાં ૭૫૪ સહકારી હાઉસિંગ સોસાયટીઓએ ડેવલપર્સ સાથે વિકાસ અધિકાર કરારો કર્યા છે. રિપોર્ટમાં એમ પણ જણાવાયું છે કે બાકીની સંસ્થાઓ સાથે ચર્ચા ચાલી રહી છે અને ડેવલપર નક્કી થઈ ગયો છે. કેટલાક પુનર્વિકાસ પ્રોજેક્ટ્સને પૂર્ણ થવામાં આઠથી દસ વર્ષ કેમ લાગ્યા તેનું વિવેચન કરવામાં આવ્યું છે.

મુંબઈમાં ખાલી પ્લોટના અભાવે, જૂની ઇમારતોનો પુનઃવિકાસ કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. ઘણા વર્ષોથી અટકેલા પ્રોજેક્ટ્સને કારણે, રહેવાસીઓમાં ભયનું વાતાવરણ છે, પરંતુ , સફળ પુનર્વિકાસના પણ ઘણા કિસ્સાઓ છે. જો સહકારી ગૃહ મંડળીઓ કાર્યક્ષમ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ રાખે અને પ્રોજેક્ટની શક્યતાને ધ્યાનમાં લઈને તેમની માંગણીઓ મર્યાદિત કરે, તો પ્રોજેક્ટ ચોક્કસપણે પૂર્ણ થઈ શકે છે. નાઈટ ફ્રેન્કના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શિશિર બૈજલે અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે ડેવલપરને પણ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં રસ હોય છે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|




BOOK YOUR CABIN NOW!
For Bookings & Business Collaborations:
+91 98199 57598 | +91 90049 95154

# પીએમ મોદી લોથલની મુલાકાત લેશેઃ ₹૪૫૦૦ કરોડના પ્રોજેક્ટનું નિરીક્ષણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ભાવનગરની મુલાકાતે આવશે. આ દરમિયાન તેઓ લોથલની મુલાકાત લેશે અને ₹૪૫૦૦ કરોડના ખર્ચે તૈયાર થતાં નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ પ્રોજેક્ટનું નિરીક્ષણ કરી સમીક્ષા બેઠક કરશે. અમદાવાદ જિલ્લામાં આવેલું લોથલ સિંધુ ખીણની સંસ્કૃતિના મુખ્ય વેપાર કેન્દ્રની સાથે-સાથે ભારતની સમુદ્ર શક્તિ અને સમૃદ્ધિનું પ્રતીક પણ હતું. આ ઐતિહાસિક સિંધુ સંસ્કૃતિના ઇતિહાસના સાક્ષી સમા લોથલમાં ભારતના ભવ્ય દરિયાઈ વારસાને દર્શાવતું 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ' નિર્માણ પામી રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જે પાંચ પ્રણો આપ્યાં છે, તેમાંનું એક પ્રણ પ્રાચીન વિરાસતોનું સંવર્ધન કરવાનું છે, જે 'નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ'ના નિર્માણ થકી સાકાર થશે.

આ હેરિટેજ કોમ્પ્લેક્સ લોકો માટે એક પ્રવાસન સ્થળ ઉપરાંત અભ્યાસ માટેનું કેન્દ્ર બનશે. નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ એક નવા આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે અને વિશ્વના અન્ય આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમોની સમકક્ષ તેની સારસંભાળ લેવામાં આવશે. આ પ્રોજેક્ટ સમગ્ર ભાલ પ્રદેશની અર્થવ્યવસ્થા વિકસાવવામાં પણ મદદરૂપ સાબિત થશે. જેના પરિણામ સ્વરૂપે હજારો લોકો માટે રોજગારીની અનેક તકો અહીં સર્જાશે તેમ જ સંખ્યાબંધ કુટીર ઉદ્યોગોના વિકાસની પણ અનેક રાહ ખુલશે.

આ નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ લગભગ ₹૪૫૦૦ કરોડના ખર્ચે તૈયાર થઇ રહ્યું છે. આ પ્રોજેક્ટ માટે ૩૭૫ એકર જમીન રાજ્ય સરકારે ફાળવી છે. હડપ્પીયન સમયથી શરૂ કરીને આજ સુધીના ભારતના સમુદ્રી વારસા પર પ્રકાશ પાડતી ૧૪ ગેલેરીઓ તેમજ અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વિવિધ સમુદ્રી વારસાને પ્રદર્શિત કરતું કોસ્ટલ સ્ટેટ્સ પેવેલિયન પણ અહીં રાખવામાં આવશે.

નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સમાં મેરિટાઇમ યુનિવર્સિટી બનશે. આમ, મેરીટાઈમની ડિગ્રી એક જગ્યાએ પ્રાપ્ત થશે. સાથો-સાથ સ્ટુડન્ટ્સ એક્સચેન્જ પ્રોગ્રામને વેગ મળશે. નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સમાં માત્ર મેરીટાઈમ કોમ્પ્લેક્સ જ નહીં પરંતુ અભ્યાસ માટે ઈન્સ્ટિટ્યૂટ પણ બનાવવામાં આવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આ મુલાકાત દરમિયાન કરોડો રૂપિયાના એમઓયુ પણ કરવામાં આવશે. તેમજ શિપિંગ ઉદ્યોગ અંગે પોલિસીઓ પણ જાહેર કરાશે.

# ગાંધીનગરમાં મેગા ડિમોલિશનઃ ૭૦૦ મકાનો તોડીને ₹ ૧૦૦૦ કરોડની જમીન ખુલ્લી કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ગુરુવારે સવારે અધિકારીઓ સંખ્યાબંધ બુલડોઝર સાથે સાબરમતી નદીના કિનારે આવેલા કેટલાક વિસ્તારોમાં પહોંચ્યા હતાં, કોઈ અનિચ્છનીય ઘટના ના બને એ માટે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. અહેવાલ મુજબ સરકારી જમીન પર બનેલા ૭૦૦ થી વધુ બાંધકામો તોડી પાડવા માટે આ ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી.

સૂત્રોએ જણાવ્યું કે, આરએન્ડબી અને ગાંધીનગર કોર્પોરેશનની જમીનો ઉપર જે દબાણ થયાં છે એને હટાવવા માટે લગભગ ૨૦ ટીમ કોર્પોરેશન અને આરએન્ડબી તરફથી પોલીસકર્મચારી અધિકારી સાથે જોડાયેલી છે. આ કામગીરી માટે ૭૦૦થી વધુ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ બંદોબસ્તમાં જોડાયા હતા. આ કાર્યવાહીનો હેતુ ૧ લાખ સ્ક્વેર મીટરથી વધુ જમીનને દબાણમુક્ત કરવાનો હતો. આ જમીનની કિંમત લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે.

સાબરમતી નદીના કાંઠે આવેલા જીઈબી, પેથાપુર અને ચરેડી જેવા વિસ્તારોમાં સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે વસવાટ કરતાં ગરીબ પરિવારોના ૭૦૦થી વધુ કાચાં-પાકાં મકાનોને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા હતા. જોકે, તંત્રની આ કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા હતા. આ દબાણકર્તાઓને અગાઉ વહીવટી તંત્ર દ્વારા સરકારી જમીન ખાલી કરવા માટે નોટિસ ફટકારવામાં આવી હતી. નોટિસની સમયમર્યાદા પૂરી થવા છતાં દબાણકારોએ જગ્યા ખાલી ન કરતાં આખરે તંત્રએ બળપ્રયોગ કરી દબાણો દૂર કરવાની ફરજ પડી હતી.

એક તરફ નદી કિનારે વર્ષોથી રહેતાં લોકોના મકાનો તોડી પાડવામાં આવ્યા હતા ત્યારે બીજી તરફ ગાંધીનગરના મુખ્ય સેક્ટરોમાં થયેલા મોટા અને પાકા દબાણો સામે કોર્પોરેશનની નિષ્ક્રિયતા લોકોમાં ચર્ચાનો વિષય બની હતી.

# ગુજરાત હાઈ કોર્ટે નારાયણ સાંઈને બીમાર માતાને મળવા પાંચ દિવસના હંગામી જામીન મંજૂર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દુષ્કર્મ કેસમાં સજા ભોગવી રહેલા નારાયણ સાંઈને ગુજરાત હાઇ કોર્ટમાંથી રાહત મળી હતી. ૮૨ વર્ષીય બીમાર માતાની સારવાર માટે ૪૫ દિવસના હંગામી જામીન માગ્યા હતા. નારાયણ સાંઈની હંગામી જામીન અરજી પર સુનાવણી થયા બાદ હાઈ કોર્ટે પાંચ દિવસના શરતો સાથે હંગામી જામીન મંજૂર કર્યા હતા. જામીન દરમિયાન નારાયણ સાંઈ અમદાવાદમાં તેના માતાના ઘરે જ રોકાઈ શકશે. પરંતુ તે પોતાના અનુયાયીઓને મળી શકશે નહીં.

નારાયણ સાંઈના વકીલે રજૂઆત કરી હતી કે, અગાઉ બીમાર પિતા આસારામને મળવા માટે પાંચ દિવસના હંગામી જામીન આપવામાં આવ્યા હતા. હાલ, અરજદારના કાર્ડિયાક અરેસ્ટથી પીડિત બીમાર માતાને મળવા માટે ૪૫ દિવસના જામીન આપો. જોકે, હાઈ કોર્ટે ૪૫ દિવસના જામીન આપવાનો ઇનકાર કરી દીધો હતો અને શરતો સાથે પાંચ દિવસના જામીન મંજૂર કર્યા હતા. જેલમાંથી છૂટશે ત્યારથી જામીન ગણાશે. જામીન દરમિયાન તે ફક્ત તેના માતાના ઘરે જ રોકાઈ શકશે, બીજી કોઈ જગ્યાએ નહીં. સુરતની લાજપોર જેલમાંથી છુટ્યા બાદ અમદાવાદ તેના માતાના ઘર પર આવશે.

નારાયણ સાંઈ જામીનની શરતોનો ભંગ ન કરી શકે તે માટે તેમને પોલીસના કડક જાપ્તા હેઠળ રાખવામાં આવશે. હાલમાં નારાયણ સાંઈ સુરતની લાજપોર જેલમાં બંધ છે, જ્યાં તેઓ દુષ્કર્મના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે. આ જામીન તેમની માતાની ગંભીર બીમારીને ધ્યાનમાં રાખીને માનવીય આધાર પર આપવામાં આવ્યા હતા.

# મોરબી આઈટીની રેડમાં ૧૧ કરોડથી વધુની રોકડ, પાંચ કરોડની જ્વેલરી જપ્ત કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબીમાં આવકવેરા વિભાગે મોટી કાર્યવાહી કરતાં રૂ. ૨૫૦ કરોડથી વધુના બેનામી હિસાબો શોધી કાઢ્યા હતા. આ દરોડામાં રૂ. ૧૧ કરોડથી વધુની રોકડ અને રૂ. ૫ કરોડની જ્વેલરી પણ જપ્ત કરવામાં આવી હતી. આ ઉપરાંત, વિભાગે ૩૨ બૅન્ક ખાતા સીલ કર્યા હતા.

મંગળવારે વહેલી સવારે પાંચ વાગ્યે આવકવેરા વિભાગની ૪૦ ટીમોએ મોરબીના ચાર મોટા ગ્રુપ પર એકસાથે દરોડા પાડ્યા હતા. આ ગ્રૂપમાં લેવીસી સિરામિક, મેટ્રો સિરામિક, ઇડન ગ્રૂપ અને મોડર્ન હોમ પ્લાન ગ્રૂપનો સમાવેશ થાય છે. છેલ્લા બે દિવસથી આ ગ્રૂપોના માલિકોનાં ઘર, ઓફિસ અને કારખાનાઓમાં તપાસ ચાલી રહી છે. હાલમાં ડિજિટલ ડેટાની તપાસ ચાલુ છે અને સર્ચ ઓપરેશન હજુ પણ ચાલી રહ્યું છે, જેથી બેનામી સંપત્તિનો આંકડો વધી શકે છે.

સર્ચ-ઓપરેશનની શરૂઆતમાં જ પ્રથમ દિવસે રાજકોટમાં રહેતા એક ભાગીદારના ઘરેથી રૂ. ૩ કરોડની બિનહિસાબી રોકડ મળી હતી. ત્યાર બાદ તપાસ આગળ વધતાં બીજા દિવસે અન્ય સ્થળોએથી પણ મોટી માત્રામાં રોકડ અને જ્વેલરી જપ્ત કરવામાં આવી, જેનો આંકડો ૧૧ કરોડ રૂપિયાની રોકડ અને ૫ કરોડની જ્વેલરી પર પહોંચ્યો હતો. આ ગ્રૂપ દ્વારા ટાઇલ્સના ઉત્પાદનમાં ઓછો નફો બતાવી મોટા પાયે કરચોરી કરવામાં આવી રહી હોવાનું સામે આવ્યું છે. ઈન્કમટેક્સ વિભાગે છેલ્લા પાંચ મહિનાથી આ ગ્રૂપના હિસાબોની ઝીણવટભરી તપાસ કરી હતી અને મહિનાઓના હોમવર્ક બાદ આ મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

# સુરતમાં ૨૪ કલાકમાં દુષ્કર્મની ચાર ઘટનાથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેર મહિલાઓ માટે અસલામત બની રહ્યું હોય તેમ ૨૪ કલાકમાં દુષ્કર્મની ચાર ઘટનાથી ચકચાક મચી ગઈ હતી. શહેરના ચોકબજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક યુવતી પર બ્યુટીકેરની દુકાનમાં જ તેની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. આ દુષ્કર્મ બાદ, આરોપીએ પીડિતાને અને તેના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

બીજા બનાવમાં પરિણીતાએ દિયરે પરિણીતાની મરજી વિરુદ્ધ જબરદસ્તીથી તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હોવાની ફરિયાદ નોંધાવી હતી. આ ઘટના બાદ પીડિતાએ હિંમત કરીને સાસરિયા પક્ષના આઠ સભ્યો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં મુખ્યત્વે દિયર સામે દુષ્કર્મનો ગુનો દાખલ થયો હતો. ત્રીજો કિસ્સો ડીંડોલી વિસ્તારમાં બન્યો હતો. પીડિતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપીએ તેને વિશ્વાસમાં લીધા બાદ ઠંડાઈમાં ભાંગ ભેળવીને પીવડાવી હતી. યુવતી બેભાન જેવી સ્થિતિમાં આવી ગયા બાદ તેનો લાભ ઉઠાવીને તેની પર બળાત્કાર ગુજાર્યો હતો. આટલેથી ન અટકતાં તેણે ગુપ્ત રીતે આ અંગત પળોનો વીડિયો પણ ઉતારી લીધો હતો. ચોથો કિસ્સો ભેસ્તાન વિસ્તારમાં સામે આવ્યો હતો. પીડિતાના જણાવ્યા મુજબ યુવકે તેની સાથે પરિચય કેળવ્યો હતો. તેણે યુવતીને લગ્ન કરવાની લાલચ આપી અને તેની સાથે અનેકવાર શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ સિવાય તેણે યુવતી પાસેથી હાથ ઉછીના પૈસા પણ પડાવી લીધા હતા. આખરે, જ્યારે યુવતીને તેના ઈરાદા પર શંકા ગઈ અને તેણે લગ્ન માટે દબાણ કર્યું, ત્યારે તે ફરી ગયો હતો. જેને લઈ તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# ભરૂચની દૂધધારા ડેરીની ચૂંટણી પહેલા સાંસદ મનસુખ વસાવાએ ગંભીર આક્ષેપ લગાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચની દૂધધારા ડેરીની આજે ચૂંટણી યોજાશે. આ પહેલા મનસુખ વસાવાએ ગંભીર આક્ષેપ કર્યા હતા. સાંસદ વસાવાએ કહ્યું કે, ભરૂચમાં સહકારી સંસ્થાઓ મૂળ હેતુથી વિખેરાઈ ગઈ છે, ત્યારે સહકારી માળખાનું શુદ્ધિકરણ જરૂરી બની ગયું છે. સહકારી સંસ્થાઓની ચૂંટણી ખરીદફરોત થઈ રહી છે. જેની પાસે વધુ પૈસા હશે તે જીતશે.

ભરૂચ દૂધધારા ડેરીની ચૂંટણીમાં વાગરાના ધારાસભ્ય અરૂણસિંહ રાણાએ ભાજપના ઉમેદવારોની પેનલ સામે વિકાસ પેનલ ચૂંટણી મેદાને ઉતારી છે. તેમણે કહ્યું કે, સસ્પેન્ડ કરવાનો કોઈ અર્થ નથી. આનાથી કોઈ ફરક પડે નહીં. અમારી વિકાસ પેનલ ચૂંટણી લડશે અને જીતશે.

નોંધનીય છે કે, દૂધધારા ડેરીની મલાઈદાર ચૂંટણી માટે અરૂણસિંહ રાણાની પેનલના ૩ ઉમેદવારો અને ઘનશ્યામ પટેલની પેનલના ૧૨ ઉમેદવારોને પ્રદેશ ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવ્યું હતું. તેમ છતાં વાગરાના ધારાસભ્યએ મેન્ડેટ વિરુદ્ધ જઈ પોતાની પેનલ ઉતારી હતી.

ચૂંટણી લડનાર સભ્યો પર કડક કાર્યવાહી કરવામાં આવી હતી. વાગરાના ધારાસભ્યની સહકાર વિકાસ પેનલના ૯ ઉમેદવારોને પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ સસ્પેન્ડ કરાયા હતા. ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ આ સભ્યોને તાત્કાલિક અસરથી પક્ષમાંથી તથા પ્રાથમિક સભ્યપદેથી બરતરફ કર્યા હતા. આ સંજોગોમાં આજે યોજાનારું મતદાન મહત્ત્વપૂર્ણ બની રહેશે.

# કૉંગ્રેસની પ્રશિક્ષણ શિબિરમાં ગેરહાજર રહેવા મુદ્દે પ્રતાપ દૂધાતે ખુલાસો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં આયોજિત કૉંગ્રેસના પ્રશિક્ષણ શિબિરમાં અમરેલી જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ પ્રતાપ દૂધાતની સૂચક ગેરહાજરી જોવા મળી હતી. જેની ટોચના નેતૃત્વએ પણ ગંભીર નોંધ લીધી હતી. જે બાદ પ્રતાપ દૂધાતને પક્ષમાંથી હાંકી કાઢવામાં આવશે તેવી અટકળો વહેતી થઈ હતી.

કૉંગ્રેસની પ્રાશિક્ષણ શિબિરમાં ગેરહાજરનો મુદ્દો વકર્યા બાદ પ્રતાપ દૂધાતે ખુલાસો કરતા કહ્યું કે, કૉંગ્રેસ છોડવાની કોઈ વાત નથી. મારે ઘરે કોઈનું દુઃખદ અવસાન થયું હોવાથી મેં ગેરહાજર રિપોર્ટ મુક્યો હતો. પ્રદેશ પ્રમુખની રજા પણ લીધી હતી. પાર્ટીમાંથી કોઈએ હાઇકમાન્ડને મિસગાઈડ કર્યા છે, તેનો જવાબ કૉંગ્રેસ આપશે.

હાઇકમાન્ડ જવાબ આપશે એટલે કૉંગ્રેસમાં ક્યાંય અંદર ખાને વિરોધ હોવાની ચર્ચા થઈ રહી છે. આવનારા દિવસોમાં પણ લોકોના પ્રશ્ન માટે લડીશ. હાલ પક્ષમાં નિષ્ક્રિય રહેવાનું કારણ પારિવારિક હતું, જે અમુક રાજકીય લોકોને ખબર હતી. મારા માટે મારા પરિવારથી વિશેષ મારે કંઈ ન હોઈ શકે. આ ઉપરાંત તેમણે નામ લીધા વગર પાર્ટીમાં કેટલાક લોકો કિન્નાખોરી રાખતા હોવાનો આક્ષેપ કર્યો હતો.

તેમણે આ મુદ્દે કહ્યું કે, જે લોકોએ અટકચાળો કર્યો છે તે મીડિયા મારફતે ખબર પડી જશે. પ્રતાપ દૂધાતે શિસ્ત બહાર ક્યારે કામ કર્યું નથી અને કરશે પણ નહીં. મેં હોદ્દા માટે રાજનીતિ કરી નથી, મને પાર્ટીએ ઘણું આપ્યું છે. પાર્ટી હોદ્દા આપી પણ શકે અને લઈ પણ શકે પણ મારો મતાધિકાર ક્યારે લઈ શકવાના નથી.

# રાજ્યમાં ૯૭ ટકાથી વધુ વિસ્તારમાં ચોમાસું-ખરીફ વાવેતરઃ કચ્છમાં સૌથી વધુ ૧૩૫ ટકા વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ચાલુ ચોમાસું સિઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે સરેરાશ ૧૦૮ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ પ્રદેશમાં ૧૩૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૧૮ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૧૨ ટકા, પૂર્વ-મધ્યમમાં ૧૧૦ ટકા જ્યારે સૌરાષ્ટ્રમાં ૯૩ ટકાથી વધુ સરેરાશ વરસાદ નોંધાયો હોવાનું સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર દ્વારા જણાવાયું હતું.

સાર્વત્રિક વરસાદના પરિણામે સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૧૪૫ ડેમ હાઈએલર્ટ એટલે કે ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાયા છે. જ્યારે ૧૨ ડેમ એલર્ટ પર તેમજ ૧૭ ડેમ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં તેની કુલ ક્ષમતાના ૯૩ ટકાથી વધુ જળસંગ્રહ ઉપલબ્ધ છે.

ગુજરાતમાં નોંધપાત્ર વરસાદના પરિણામે જગતના તાત એવા ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં સરેરાશ કુલ ૯૭.૭૨ ટકા વિસ્તારમાં ખરીફ ચોમાસું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધુ ૨૨ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર જ્યારે બીજા ક્રમમાં ૨૦ લાખ હેક્ટરમાં કપાસ જ્યારે ત્રીજા ક્રમમાં ૦૯ લાખ હેક્ટર વિસ્તારમાં ડાંગરનું વાવેતર કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં ચોમાસાની વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે હવામાન વિભાગે ફરી પાંચ દિવસ ગાજવીજ અને ભારે વરસાદની આગાહી કરી હતી. સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય હોવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. રાજ્યમાં પાંચ દિવસ ૩૦થી ૪૦ કિ.મીની ઝડપે પવન ફૂંકાશે. અમદાવાદમાં પણ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં વર્ષ ૨૦૨૨માં ૧૨૨ ટકા, વર્ષ ૨૦૨૩માં ૧૦૮ ટકા અને વર્ષ ૨૦૨૪માં ૧૪૩ ટકા વરસાદ નોંધાયો હતો. જ્યારે વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ૧૦૮ ટકા વરસાદ નોંધાયો છે.

# ગુજરાતના જાહેર સાહસના કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબ લઘુતમ પેન્શન મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે વધુ એક મોટો નિર્ણય લીધો હતો. સરકારના નાણા વિભાગે ઠરાવ પસાર કરીને કર્મચારીઓ માટે સાતમા પગારપંચ અનુસાર માસિક લઘુતમ પેન્શન રૂપિયા ૯૦૦૦ સુનિશ્ચિત કર્યું હતું. આ નિર્ણયનો અમલ ૧ ઓક્ટોબર ૨૦૨૫થી કરવામાં આવશે.

નાણા વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે રાજ્ય સરકારમાંથી જાહેર સાહસોમાં કાયમી ધોરણે સમાવિષ્ટ થયેલા કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબ લઘુતમ પેન્શન ચૂકવવા અંગેની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. અગાઉ, રાજ્ય સરકારના અન્ય પેન્શનરોને સાતમા પગારપંચનો લાભ આપવામાં આવ્યો હતો અને આ 'એબ્સોર્બ' થયેલા પેન્શનરો માટે અલગથી હુકમ કરવાની જોગવાઈ રાખવામાં આવી હતી.

વિવિધ કર્મચારી મંડળો તરફથી મળેલી રજૂઆતો તેમજ ભારત સરકાર દ્વારા સમાન પ્રકારના કર્મચારીઓ માટે જાહેર કરાયેલી સૂચનાઓને ધ્યાનમાં લેતા, જે 'એબ્સોર્બ' પેન્શનરો લઘુતમ પેન્શન કરતાં ઓછી રકમ મેળવી રહ્યા હતા, તેમને રાહત આપવાનો સરકારે નિર્ણય કર્યો છે.

સરકારના આ ઠરાવ મુજબ, જે કર્મચારીઓ રાજ્ય સરકારની સેવામાંથી જાહેર સાહસો, બોર્ડ કે કોર્પોરેશનમાં કાયમી રીતે સમાવિષ્ટ થયા છે અને સાતમા પગારપંચના અમલ છતાં માસિક રૂપિયા ૯,૦૦૦ કરતાં ઓછું પેન્શન મેળવી રહ્યા છે, તે તમામને હવે લઘુતમ રૂપિયા ૯,૦૦૦ પેન્શન ચૂકવવામાં આવશે. આ લાભ તારીખ ૧ ઑક્ટોબર ૨૦૨૫થી રોકડમાં મળશે, જ્યારે તે પહેલાના સમયગાળા માટે આ લાભની ગણતરી 'નોશનલ' ગણવામાં આવશે.

# સુરત મૉડલ આત્મહત્યા કેસમાં લિવ ઇન પાર્ટનરની પોલીસે ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મૉડલ સુખપ્રીત કૌર આત્મહત્યા કેસમાં પોલીસે લિવ ઇન પાર્ટનરની ધરપકડ કરી હતી. મૃતકની બેગમાંથી પોલીસ અધિકારીને લખેલી અરજીમાં લિવ ઇન પાર્ટનર અને પ્રેમી મહેન્દ્ર રાજપૂતના અત્યાચાર અને બ્લેકમેઇલિંગથી કંટાળી મૉડલ આપઘાત કરવા મજબૂર બની હતી. આરોપી મૉડલને ઘરમાં ગોંધી રાખતો હતો અને મારઝૂડ કરી હાથ પર બ્લેડના ઘા મારતો હતો. આ ઉપરાંત પગના ભાગે ડામ પણ આપ્યા હતા. મે ૨૦૨૫માં મૉડલે આપઘાત કર્યા બાદ તેના પરિવારજનો જરૂરી કાર્યવાહી કર્યા બાદ મૃતદેહને મધ્ય પ્રદેશ લઈ ગયા હતા. ઉત્તરક્રિયા પૂરી થયા બાદ તેનો સામાન ચેક કરવામાં આવ્યો હતો. જેમાં બેગમાંથી સુખપ્રીત કૌરે હિન્દીમાં લખેલી અરજી મળી હતી. જેમાં તેણે મહેન્દ્ર રાજપૂત સામે ગંભીર આરોપ મૂક્યા હતા. મહેન્દ્રએ મૉડલને ઘરમાં ગોંધી રાખી મારઝૂડ કરવા ઉપરાંત હાથ પર બ્લેડના ઘા માર્યા અને પગના ભાગે ડામ આપ્યા હતા. તેમજ બ્લેકમેઇલ કરવામાં આવતી હતી. સુસાઈડ નોટમાં તેણે લખ્યું હતું કે, હું સુખપ્રીત સંધુ, હું સુરતમાં મુખ્ય મૉડેલિંગ એજન્સીમાં મૉડેલ તરીકે કામ કરતી હતી, ત્યાં મારી મુલાકાત એક છોકરા મહેન્દ્ર રાજપૂત સાથે થઈ હતી. અમે સારાં મિત્રો બની ગયાં અને લિવ-ઈન રિલેશનશિપમાં રહેવા લાગ્યાં. લગભગ એક મહિના પછી તેણે મને ત્રાસ આપવાનું શરૂ કર્યું, હું તેનાથી નારાજ થઈ ગઈ અને તેને છોડી દીધો, પરંતુ તે મને સતત બ્લેકમેલ કરતો હતો કે મારા અંગત ફોટો ઇન્ટરનેટ પર અપલોડ કરીશ, જાનથી મારી નાખીશ તથા અપશબ્દો બોલીને મને બ્લેકમેઇલ કરતો હતો. તેણે મને તેના ફ્લેટમાં બોલાવી અને મને એક દિવસ સુધી ગોંધી રાખી હતી. તેમજ મારા હાથ, પગમાં બ્લેડના ઘા માર્યા અને મારપીટ કરી હતી. મારા પગમાં ડામ આપ્યા હતા. હું ત્યાંથી ભાગીને મારા ઘરે આવી હતી. આ બધા પછી તેણે મને ધમકી આપવાનું શરૂ કર્યું કે જો મેં આ વાત કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ.

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે 'મિશન ફોર મિલ્યન ટ્રીઝ' અભિયાન અંતર્ગત સાબરમતી વોર્ડમાં વૃક્ષારોપણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાન અંતર્ગત રાણીપ વોર્ડમાં સાબરમતી જેલ પાછળના ગાર્ડનમાં આયોજીત વૃક્ષારોપણ કાર્યક્રમમાં પદાધિકારીઓ સાથે સામૂહિક વૃક્ષારોપણ કર્યું હતું. તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'એક પેડ માં કે નામ' અને 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાનમાં વૃક્ષારોપણ કરીને હરિત ગુજરાતનો સંદેશ આપ્યો હતો, સાથે સાથે નાગરિકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા, તેમનું સંરક્ષણ કરવા અને હરિયાળું ગુજરાત બનાવવામાં સહભાગી થવા માટે આહ્વાન કર્યું હતું.

શહેરનું ગ્રીન કવર વધારવાના ઉમદા આશય સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જે અંતર્ગત મોટી સંખ્યામાં વૃક્ષો વાવવાનું લક્ષ્ય નક્કી કરાયું છે. આ વર્ષે ફોર મિલિયન ટ્રીઝ અભિયાન માટે કરવામાં આવેલ સચોટ સૂક્ષ્મ આયોજન અને તે મુજબની વાસ્તવિક અમલવારીના કારણે તારીખ ૭ સપ્ટેમ્બર સુધીમાં ૪૦ લાખ ૮૦ હજાર ૧૮૦ રોપાનું વાવેતર પૂર્ણ થયું છે.

એટલું જ નહિ, પવિત્ર શ્રાવણ માસના ચાર સોમવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ઝોનમાં કુલ ૫૪,૮૮૩ તુલસીનું વિતરણ-વાવેતર કરવામાં આવ્યું હતું. શ્રાવણ માસમાં આવતી અગિયારસના દિવસે તમામ ઝોનમાં ધાર્મિક મહત્ત્વ ધરાવતા કદમ, પીપળો, સમી, સેવન, સીતાઅશોક અને બીલી જેવા વૃક્ષો મળી કુલ ૪૯૧ વૃક્ષોનું વિતરણ-વાવેતર કરવામાં આવ્યું હતું. વડા પ્રધાનના જન્મદિન ૧૭મી સપ્ટેમ્બરે અમદાવાદ શહેરના દરેક વોર્ડમાં એક ધાર્મિક સ્થળે તુલસી વિતરણના કાર્યક્રમ દ્વારા ૧૨,૮૨૦ તુલસીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ મિશન ૪ મિલિયન ટ્રીઝ અંતર્ગત વૃક્ષારોપણ માટેના સ્થળો ગૂગલ મેપથી શોધવામાં આવે છે આ ઉપરાંત દરેક વાવેતર સ્થળનું જીઓ ટેગિંગ કરવામાં આવ્યું છે અને એલઆઈડીએઆર સર્વે ટેકનોલોજી દ્વારા વૃક્ષોની વૃદ્ધિ અને સર્વાઇવલ રેટનું મોનિટરિંગ પણ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે પુત્રજીવા વૃક્ષનું વાવેતર સાથે રાણીપ વોર્ડમાં સાબરમતી જેલ પાછળના ગાર્ડનમાં ગુરૂવારે યોજવામાં આવેલા આ વૃક્ષારોપણ કાર્યક્રમ અન્વયે આ વિસ્તારમાં મિયાવાંકી પદ્ધતિથી ૪૩૦૦ ચોરસ મીટરમાં આયુર્વેદીક સહિત ૧૪ હજાર જેટલા વૃક્ષોના વાવેતરનું આયોજન છે, આ ઉપરાંત સેવા સપ્તાહ અંતર્ગત આ કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ અને સોસાયટીઓ પણ જોડાઈ હતી.

# દેવાયત ખવડને એક લાખના બોન્ડ પર શરતી જામીન મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયરા કલાકાર દેવાયત ખવડના વેરાવળ ડિસ્ટ્રીક સેસન્સ કોર્ટે જામીન મંજૂર કર્યા હતા. જોકે આકરી શરતો સાથે જામીન મંજૂર કરવામાં આવ્યા હતા. જે મુજબ સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં પ્રવેશબંધી ફરમાવવામાં આવી હતી.

દેવાયત ખવડના એક લાખના બોન્ડ જ્યારે અન્ય છ આરોપીઓના ૨૫ હજારના બોન્ડ રપર જામીન આપવામાં આવ્યા હતા. તેમજ દર ૧૫ દિવસે તાલાલા પોલીસ સ્ટેશનમાં હાજર થવું પડશે.

બુધવારે તાલાલા કોર્ટે દેવાયત ખવડ સહિત સાત આરોપીઓના જામીન નામંજૂર કર્યા હતા. જે બાદ તમામ આરોપીઓને જૂનાગઢ જેલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અંતે ગુરુવારે ડિસ્ટ્રીક સેશન્સ કોર્ટે જામીન મંજૂર કરતાં તમામ આરોપીઓ જેલ મુકત થયા હતા.




કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# નેપાળી ફિલ્મમાં ભારતીય કલાકારોનો શંભુમેળો...

## પાડોશી દેશમાં ફિલ્મ નિર્માણનો પ્રારંભ ૭૪ વર્ષ પહેલાં થયો. જોકે, એમની ફિલ્મોમાં હિન્દી ફિલ્મોનો પ્રભાવ ખાસ્સો જોવા મળ્યો છે.

નેપાળ આપણો પાડોશી દેશ છે. આપણા પાંચ રાજ્ય ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, સિક્કિમ અને પશ્ચિમ બંગાળની સરહદ નેપાળ સાથે જોડાયેલી છે. નેપાળમાં રાજાશાહી અમલની સ્થાપના ૧૭૬૮માં થઈ હતી. જોકે, જૂન, ૨૦૦૬માં નેપાળની સંસદે ઐતિહાસિક ઠરાવ પસાર કરી રાજાશાહી નાબૂદ કરી હતી. ૨૦૦૮ના મે મહિનામાં નેપાળ સમવાયતંત્ર બન્યું. એ સાથે નેપાળમાં ૨૫૦ વર્ષની રાજાશાહી પર પડદો પડી ગયો.

નેપાળનો પોતાનો સાંસ્કૃતિક વારસો છે, પણ એની ફિલ્મ ઈન્ડસ્ટ્રી ફક્ત ૭૫ વર્ષનો ઈતિહાસ ધરાવે છે. રસપ્રદ વાત તો એ છે કે કહેવા માટે નેપાલીઝ ફિલ્મ ઈન્ડસ્ટ્રી છે, પણ નેપાળી ફિલ્મોની વાર્તા, એની રજૂઆત અને એના ગીત - સંગીત હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અવતાર જેવા મોટેભાગે રહ્યા છે. કાઠમંડુ નેપાળની રાજધાની છે અને એટલે નેપાળની ફિલ્મ ઈન્ડસ્ટ્રી કોલિવૂડ તરીકે ઓળખાય છે. ચેન્નઈ સ્થિત તમિલ ભાષાના ચિત્રપટોની ઈન્ડસ્ટ્રી પણ કોલિવૂડ તરીકે જ ઓળખાય છે. બંનેનું અલગ તેમ જ સ્વતંત્ર અસ્તિત્વ છે.

ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો નેપાળ પર કેટલો પ્રભાવ રહ્યો છે એનો ખ્યાલ એના પ્રારંભથી જ આવી જાય છે. બરાબર ૭૪ વર્ષ પહેલા ૧૫ સપ્ટેમ્બર, ૧૯૫૧ના દિવસે પહેલી નેપાળી ફિલ્મ રિલીઝ થઈ હોવાની નોંધ છે. આ ફિલ્મનું નામ હતું 'સત્ય હરિશ્ચંદ્ર' (૧૯૧૩ની ભારતની પહેલી ફીચર ફિલ્મનું નામ હતું 'રાજા હરિશ્ચંદ્ર') અને એનું નિર્માણ પશ્ચિમ બંગાળના કલકત્તા શહેરમાં કરવામાં આવ્યું હતું. આમ નેપાળી ભાષામાં બનેલી પહેલી ફિલ્મમાં ભારતીયતા હતી. નેપાળમાં ફિલ્મ નિર્માણ પ્રવૃત્તિ ગોકળગાયની ઝડપે આગળ વધતી હતી અને પહેલી ફિલ્મનું નિર્માણ ૧૯૬૦ના દાયકામાં થયું હતું. 'અમ્મા' નામની ફિલ્મ ઓક્ટોબર ૧૯૬૪માં રિલીઝ થઈ હતી. ફિલ્મનું નિર્માણ નેપાળની રાજાશાહી સરકારના માહિતી ખાતા દ્વારા કરવામાં આવ્યું હતું. ફિલ્મના મુખ્ય કલાકાર હતા શિવશંકર મનનધર અને ભુવન થાપા જે નેપાળ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રથમ એક્ટર તરીકે ઓળખ ધરાવે છે. નેપાળના ફિલ્મ ઈતિહાસનો આ સૌથી મહત્ત્વનો પ્રસંગ તરીકે અંકિત થયો છે.

નેપાળમાં ફિલ્મ મેકિંગની જે પણ છૂટીછવાઈ પ્રવૃત્તિ ચાલતી હતી એનું નિર્માણ સરકારી વિભાગની છત્રછાયા હેઠળ થતું હતું. સરકારી અંકુશ હેઠળ મુક્ત વિચારસરણીને ખીલવાની તક મળે નહીં. ૧૯૭૧માં નેપાળ સરકારે 'રોયલ નેપાળ ફિલ્મ કોર્પોરેશન'ની સ્થાપના કરી જેથી ફિલ્મ નિર્માણને વેગ મળે. જોકે, એના પાંચ વર્ષ પહેલા 'સુમાનાંજલિ ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડ' નામના પ્રાઈવેટ બેનર દ્વારા 'માઈતીઘર' નામની ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ફિલ્મ ડિસેમ્બર ૧૯૬૬માં રિલીઝ થઈ હતી. જોકે, નેપાળમાં વિક્રમ સંવતનું ચલણ હોવાથી આ ફિલ્મ ત્યાં વિ.સં. ૨૦૨૩ પોષ સુદ એકમે રિલીઝ થઈ હોવાની નોંધ છે.

નેપાળી ફિલ્મ હોવા છતાં એમાં ઘણા ભારતીય કલાકારોનું યોગદાન હતું અને એ પણ અલગ અલગ વિભાગમાં. ફિલ્મના મુખ્ય કલાકાર હતા માલા સિન્હા અને નેપાળી એક્ટર ચિદમ્બરમ લોહની (એમના




વિશે વિસ્તૃત જાણકારી 'ફ્લેશબેક' કોલમમાં છે). કલાકારોની યાદીમાં એ સમયના હિન્દી ફિલ્મોના ટોચના હીરો સુનીલ દત્ત અને કોમેડિયન રાજેન્દ્રનાથની પણ હાજરી હતી. ફિલ્મના ગીતો સંગીતકાર જયદેવએ સ્વરબદ્ધ કર્યા હતા. રસપ્રદ વાત એ છે કે ફિલ્મની સ્ટોરી અને કલાકાર દમદાર હોવા છતાં ફિલ્મના ગીત - સંગીત વધુ લોકપ્રિય થયા હતા. ૧૩૪ મિનિટ લાંબી 'માઈતીઘર'માં ૧૪ ગીત હતાં, જેની લંબાઈ ૫૩ મિનિટ હતી. ટૂંકમાં એ દોરની હિન્દી ફિલ્મોની જેમ ગીત - સંગીતને ખાસ્સું પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. પ્લેબેક આપનારી ગાયકોની ફોજમાં પાંચ ભારતીય ગાયક (ત્રણ મંગેશકર બહેનો લતા, આશા અને ઉષા ઉપરાંત ગીતા દત્ત અને મન્ના ડે). લતાદીદીનું એક જ સોલો ગીત હતું, જ્યારે ઉષા મંગેશકરનું એકમાત્ર ગીત ડ્યુએટ હતું. આશા ભોસલેનાં બે સોલો, ગીતા દત્તના બે ડ્યુએટ અને મન્ના ડેનાં ત્રણ સોલો સોંગ હતા. અન્ય ગીત એ સમયના જાણીતા નેપાળી ગાયકોએ રજૂ કર્યા હતાં જેમાં એક નામ હતું એક્ટર ચિદમ્બરમ લોહનીનું. લોહની અભિનેતા ઉપરાંત એક કુશળ ગાયક સુધ્ધાં હતા. 'માઈતીઘર' ટાઈટલ ધરાવતી નવી ફિલ્મ આવતા અઠવાડિયે નેપાળમાં રિલીઝ થવાની જાહેરાત કરવામાં આવી છે.

૧૯૭૧માં રોયલ નેપાળ ફિલ્મ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવતા ફિલ્મ નિર્માણમાં સીધો સરકારી અંકુશ હળવો થયો. કોર્પોરેશન દ્વારા નિર્મિત પ્રથમ ફિલ્મ હતી 'મન કો બાંધ'. ત્યારબાદ ૧૯૭૭માં નેપાળનું પહેલું રંગીન ચિત્ર 'કુમારી' આવ્યું અને પછી ધીરે ધીરે ફિલ્મ બનાવવાની પ્રવૃત્તિઓ વધવા લાગી. કોર્પોરેશન નિર્મિત ફિલ્મોને વ્યાવસાયિક સફળતા મળવાના કારણે અન્ય લોકો પ્રોડ્યુસર બનવા પહેલ કરવા લાગ્યા. ફિલ્મ મેકિંગ ધીમી પણ મક્કમ ગતિએ ઈન્ડસ્ટ્રીનું સ્વરૂપ ધારણ કરવા લાગી.

ફિલ્મ નિર્માણ વેગ પકડી રહ્યું હતું અને જનતામાં સ્વદેશી નેપાળી ફિલ્મો માટે રુચિ વધી રહી હતી ત્યાં ૧૯૯૬માં નેપાળમાં આંતરવિગ્રહ ફાટી નીકળ્યો. સ્વાભાવિક છે કે ફિલ્મ નિર્માણને બ્રેક લાગી, બજેટ ઘટી ગયા. સરવાળે નબળી ફિલ્મ - નબળા પરફોર્મન્સ અને પરિણામે દર્શકોની સંખ્યામાં ઓટ આવી. ફિલ્મ નિર્માણ લગભગ સ્થગિત થઈ ગયું અને અનેક એક્ટર - ફિલ્મમેકર કામની શોધમાં દેશ છોડી જતા રહ્યા. એક્ટ્રેસ મનીષા કોઈરાલા એનું જાણીતું ઉદાહરણ છે. મનીષાના દાદા વિશ્વેશ્વર પ્રસાદ કોઈરાલા ૧૯૬૦માં નેપાળના વડા પ્રધાન હતા. નેપાળી ફિલ્મથી ચિત્રપટ સૃષ્ટિમાં પ્રવેશેલી મનીષા કોઈરાલા નેપાળના અસ્થિર વાતાવરણને કારણે ભારત આવી અને સુભાષ ઘઈની 'સૌદાગર'થી હિન્દી ફિલ્મોમાં પગલાં પાડ્યાં.

૨૦૦૬માં આંતરવિગ્રહ સમાપ્ત થયો અને રાજાશાહી નાબૂદ થઈ. સંસદીય લોકશાહી આવતા નેપાળની ફિલ્મ ઈન્ડસ્ટ્રીના વિકાસનો પ્રારંભ થયો. 'નેપાળી ફિલ્મ પ્રોડ્યુસર્સ એસોસિએશન'ના પ્રેસિડેન્ટ નવલ ખડકાના કહેવા અનુસાર દર વર્ષે નેપાળમાં ૧૦૦ ફિલ્મનું નિર્માણ થાય છે. પ્રત્યેક ફિલ્મનું એવરેજ બજેટ બે કરોડ રૂપિયા જેટલું હોય છે. જોકે, તેમાંથી માત્ર ૫ ટકા ફિલ્મો જ નફો કરે છે અને પાંચ ટકા ફિલ્મો ખર્ચ જેટલી આવક મેળવી લે છે. બાકીની ૯૦ ટકા ફિલ્મો ફ્લોપ થાય છે. આ ઈન્ડસ્ટ્રીમાં અંદાજે ૫૦ હજાર લોકોને રોજગારી મળે છે.

ત્યાં ફિલ્મોની સંખ્યા વધી રહી છે અને ગુણવત્તામાં પણ સુધારો થઈ રહ્યો હોવાથી નેપાળી ફિલ્મો થિયેટરમાં જોવા આવતા દર્શકોની સંખ્યા વધી રહી છે. અલબત્ત, હજી પણ યુવાનોમાં હિન્દી ફિલ્મો અને હોલિવૂડ મૂવી માટે વધુ ક્રેઝ છે, પણ સમકાલીન વિષયોને પ્રાધાન્ય આપતી ફિલ્મો દર્શકોને પસંદ પડી રહી હોવાથી નેપાળી ચિત્રપટ સૃષ્ટિનું ભાવિ ઉજળું હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ■

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# બોલિવૂડ સ્ટાર્સને શો હોસ્ટ બનવાની જરૂર કેમ પડે છે?

## સિલ્વર સ્ક્રીનથી સ્મોલ ટોક સુધીની વાત...

કાજોલ અને ટ્વિંકલ ખન્નાનો નવો ટોક શો 'ટૂ મચ વિથ કાજોલ એન્ડ ટ્વિંકલ' લોન્ચ થઈ રહ્યો છે. આ બે ચહેરા આપણે વર્ષોથી બિગ અને સ્મોલ સ્ક્રીન પર જોયા છે, પણ આ વખતે એ બન્ને સ્ક્રીન પર કોઈ પાત્ર ભજવવા નહીં, પણ પોતાના નામે, પોતાના સ્વરૂપે, સીધા લોકોને અને પોતાના સાથી કલાકારોને મળવા બેઠા છે. શોના ટ્રેલરમાં જ સલમાન ખાન, આમિર ખાન, આલિયા ભટ્ટ, ગોવિંદા જેવા ગેસ્ટને જોઈને અંદાજ આવે કે આ શો મસ્તી, હાસ્ય અને ઘણી કેન્ડીડ વાતોથી ભરપૂર હશે.

હવે પ્રશ્ન એ થાય છે કે બોલિવૂડના સ્ટાર્સને આવી રીતે હોસ્ટ બનવાની જરૂરત કેમ પડી?










એક મોટું કારણ છે આજના દર્શકોની અપેક્ષા. ફેન્સ માટે ફક્ત સ્ટારની ફિલ્મ જોવી પૂરતું નથી, એમને સ્ટારનું અંગત સ્વરૂપ પણ જોવું છે. ઇન્સ્ટાગ્રામ પરની ફોટોઝ કે રીલ્સ તો એક માધ્યમ છે જ, પણ જ્યારે સ્ટાર ખુદ સ્ક્રીન પર હોય અને ખુલ્લા દિલથી વાત કરે, મજાક કરે, એમાં એક અલગ જ કનેક્શન બને છે. એ કનેક્શન ફિલ્મ કે એડ્વર્ટાઇઝમેન્ટમાં નથી મળતું.

બીજું કારણ છે કે બોલિવૂડમાં દરેક કલાકાર માટે દર વર્ષે મોટી ફિલ્મ આવવી શક્ય નથી. કોઈએ થોડા સમય માટે ફિલ્મ્સથી બ્રેક લીધો હોય, કોઈ નવા પ્રકારનું કામ કરવા માગતો/માગતી હોય તો કોઈની કારકિર્દી ધાર્યા પ્રમાણે ચાલતી ન હોય, પણ જેમને સ્પોટલાઇટથી દૂર ન થવું હોય એવા બધા માટે આ પ્રકારનું હોસ્ટિંગ સંચાલન એક સરળ રસ્તો છે. ટ્વિંકલ ખન્ના એનું ઉદાહરણ છે. ફિલ્મ્સથી દૂર જઈને લેખન, કોલમ, બિઝનેસમાં એણે પોતાનું નામ બનાવ્યું, પણ હવે હોસ્ટ તરીકે એ ફરી લોકોને એન્ટરટેઇન કરી શકે છે. કાજોલ માટે પણ આ એક તક છે કે પોતાનું અલગ સ્વરૂપ દર્શકોને બતાવી શકે.

આ ટ્રેન્ડ પાછળ OTT પ્લેટફોર્મ્સની ભૂમિકા પણ મોટી છે. નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઈમ, જીયો હોટસ્ટાર જેવા પ્લેટફોર્મને સતત નવું કન્ટેન્ટ-સામગ્રી જોઈએ છે અને સેલિબ્રિટીવાળા શો એમની રેડી-મેઈડ ફોર્મ્યુલા છે. સ્ટાર પોતે હોસ્ટ એટલે મોટાભાગે પહેલેથી જ દર્શકો માટે એક આકર્ષણ. એમાં પ્રોડક્શન ખર્ચ ફિલ્મની સરખામણીએ ઓછો હોય, સ્પોન્સરશિપ પણ સરળતાથી મળે અને સોશ્યલ મીડિયા પર એની ક્લિપ્સ પણ ખૂબ ઝડપથી વાયરલ થાય. એક મસ્ત વન-લાઈનર કે કેન્ડીડ ખુલાસો બીજા જ દિવસે રીલ્સ અને મીમ્સમાં ફરવા લાગે અને લોકો એકબીજા સાથે શેર કરીને તેને ટોકિંગ પોઇન્ટ બનાવી દે.

આ વાત સાચી છે કે બોલિવૂડમાં સ્ટાર્સે શોઝના હોસ્ટ બનવાનો રસ્તો અનેક વખત અપનાવ્યો છે. અમિતાભ બચ્ચનનો 'કૌન બનેગા કરોડપતિ' તો ઐતિહાસિક શો બની ગયો. એ શોએ એમને ફક્ત એક ટીવી હોસ્ટ નહીં, પણ ઘરઘરમાં વધુ પ્રસિદ્ધિ અપાવી. એક નવી પેઢીના લોકો KBC દ્વારા બચ્ચન સાહેબને ઓળખતા થયા હતા અને થઈ રહ્યા છે.

શાહરુખ ખાને પણ હોસ્ટિંગમાં હાથ અજમાવ્યો, પરંતુ એના બધા શો સફળ ન થયા. કરણ જોહર તો કદાચ આ ક્ષેત્રમાં સૌથી સફળ રહ્યો છે. 'કોફી વિથ કરણ' આજ સુધીમાં ભારતનો સૌથી લોકપ્રિય ટોક શો છે, જ્યાં ગોસિપ, હાસ્ય અને કોન્ટ્રોવર્સી ત્રણેય એકસાથે મળે છે.

આ બધા વચ્ચે કાજોલ અને ટ્વિંકલનો શો આથી થોડો અલગ છે. અહીં બે મહિલા હોસ્ટ છે અને એમાં કોઈ રેપિડ ફાયર હોય એવું હજુ સુધી તો નથી લાગતું. કાજોલ અને ટ્વિંકલનું હ્યુમર, એમની મિક્સ એનર્જી કદાચ શોને હળવો રાખશે. એ કદાચ 'કોફી વિથ કરણ' જેટલો સેન્સેશનલ નહીં હોય.

આવા દરેક શોમાં કમર્શિયલ પાસું પણ મહત્વનું છે. બ્રાન્ડ સ્પોન્સરશિપ ઉપરાંત સ્ટ્રીમિંગ ડીલ અને સોશ્યલ મીડિયા બઝ શોને આર્થિક રીતે પણ સફળ બનાવે છે એટલે આવાં શો પૈસાની દૃષ્ટિએ પણ નફાનો સોદો બની જાય છે. સાથે સાથે દર્શકો માટે પણ મોટાભાગે મનગમતું જ, કેમ કે એક તરફ મનપસંદ હોસ્ટ બીજી તરફ અવનવા ગેસ્ટ તરીકે આવતા મોટા સ્ટાર્સ.

હા, ટોક શોઝને લઈને નેગેટિવ પોઈન્ટ્સ પણ ગણાવી શકાય. જો હોસ્ટ ઓવર સ્ક્રિપ્ટેડ લાગે, કે કન્વર્સેશન બોરિંગ થઈ જાય, તો શો ટકી શકતો નથી. હોસ્ટમાં સ્પોન્ટેનિયસ એનર્જી હોવી જરૂરી છે. અમુક સ્ટાર્સ પાસે આ ચીજ નેચરલી નથી,

એટલે બધાને હોસ્ટ તરીકે સફળતા નથી મળતી, પરંતુ જ્યારે આ ફોર્મેટ બરાબર ક્લિક થાય, ત્યારે તેનો ફાયદો પણ મોટો હોય છે.

ભારતમાં તો સેલિબ્રિટી કલ્ચર એટલું ઊંડું છે કે લોકો એમના સ્ટારને ઘરનો સભ્ય માનીને સાંભળવા તૈયાર હોય છે. 'ટૂ મચ વિથ કાજોલ એન્ડ ટ્વિંકલ' જેવા શોઝ એ પણ બતાવે છે કે આજના સમયમાં સ્ટારડમ ફક્ત ફિલ્મ સુધી મર્યાદિત નથી.

જો આ શો સફળ થશે તો ૯૦ના દાયકાના વધુ સ્ટાર્સને આપણે કદાચ પોતાના શો લાવતા જોઈશું. આજે જ્યારે ફિલ્મ્સનું ભવિષ્ય ઓટીટી, થિયેટર અને સોશ્યલ મીડિયા વચ્ચે વહેંચાઈ ગયું છે ત્યારે આવાં ટોક શો એક કોમન ગ્રાઉન્ડ આપી શકે છે. ■

**લાસ્ટ શૉટ**

*હોલિવૂડમાં પણ ડ્રૂ બેરીમોર કે જેનિફર હડસન જેવા એક્ટર્સે ટોક શો હોસ્ટ તરીકે પોતાનું નવું કરિયર બનાવ્યું છે.*

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## આમિરની જીદ... હિરાણીને આઘાત!



રાજકુમાર હિરાણી અને આમિર ખાન બે વખત એકબીજાં સાથે કામ કરી ચૂક્યાં છે. 'થ્રી ઈડિયટ્સ' અને 'પીકે' આ બંનેની જબરદસ્ત હીટ નીવડેલી ફિલ્મો છે. થોડા મહિના પહેલાં એવી વાત ફેલાઈ હતી કે આમિર અને હિરાણી હિન્દી ફિલ્મ ઉદ્યોગના પિતામહ એવા દાદા સાહેબ ફાળકેની બાયોપિક સાથે મળીને બનાવશે... કિન્તુ-બટ- પરંતુ, ... આ ફિલ્મ શરૂ થાય એ પહેલાં જ એક વિશાળકાય વરસાદી ખાડામાં પડી ગઈ છે. અનામી સૂત્રનું માનીએ તો બન્યું એવું કે આ બાયોપિકની સ્ક્રિપ્ટ લઈને હિરાણી અને અભિજાત જોષી આમિર પાસે ગયાં. સ્ક્રિપ્ટ સાંભળીને આમિરે ઊહું... એમ કહીને ડોકું ધુણાવ્યું. તો લેખક જોડીએ કારણ પૂછ્યુ તો આમિર ખાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે, 'આ સ્ક્રિપ્ટમાં રાજકુમાર હિરાણી ટચ નથી...' એટલે કે વાર્તા વધુ પડતી ગંભીર છે.

આમેય હિરાણીની દરેક ફિલ્મમાં સ્વચ્છ કોમેડીનું પ્રમાણ સારું એવું હોય છે એટલે આમિરે માગણી કરી કે તમે બંને ફરીથી સ્ક્રિપ્ટ લખીને આવો પછી હું કશું વિચારું... આમિરની આ માગણી સાંભળીને રાજકુમાર અને અભિજાત બંનેને આઘાત લાગ્યો છે : 'મારું બેટું, ભારતીય સિનેમાના જનકની સત્યકથામાં કોમેડી કેમની ઘુસાડવી?!'

હવે તકલીફ એ થઇ છે કે આવતે મહિનેથી આ ફિલ્મ ફ્લોર ઉપર જવાની હતી, પણ હવે આમિરની માગણી પછી એ શક્ય નથી. બીજો કોઈ રસ્તો પણ લેખક બેલડીને દેખાઈ રહ્યો નથી. જોઈએ, અત્યારે તો દાદાસાહેબનું 'ફિલ્મી ભાવિ' અધ્ધર તોળાય છે.

## 'દીદી' સામે 'દાદાગીરી' એમ?!




ટાઈગરની 'બાગી ફોર' બોક્સ ઓફિસ પર ગર્જના કરી રહી છે કે નહીં એ વાત તો હાલ પૂરતી બાજુમાં મુકાઈ ગઈ છે. વાત એમ બની કે જ્યારે આ ફિલ્મ રિલીઝ થવાની હતી ત્યારે એક એવી 'અફવા' ફેલાઈ હતી કે ફિલ્મના પ્રોડ્યુસર્સ 'નડિયાદવાલા ગ્રાન્ડ સન્સ' એવું નક્કી કરીને બેઠાં છે કે, જો આ ફિલ્મનો કોઈએ નેગેટિવ રિવ્યૂ આપ્યો તો...તો, એ યુટ્યુબના રિવ્યૂકારો પર સ્ટ્રાઈક આપીને એમની ચેનલો બંધ કરાવી દેશે.! દીક્ષા શર્મા જે ફિલ્મી ઇન્ડિયન ચેનલ પર પોતાનાં રિવ્યૂ આપે છે એણે એ ફિલ્મનો નેગેટિવ રિવ્યૂ આપવાની હિંમત કરી દીધી. એમણે આમ ભૂલ એ કરી કે પોતાનાં રિવ્યૂમાં 'બાગી ફોરનું' પોસ્ટર પણ મૂક્યું. પોલીસી પ્રમાણે આ કોપીરાઇટનો ભંગ કહેવાય અને 'નડિયાદવાલાના ગ્રાન્ડ સન્સ'ને તો આ જ જોઈતું હતું . એમણે 'દીદી' તરીકે પ્રખ્યાત એવી દીક્ષાની આ ચેનલ પર આ વીડિયો જ નહીં, પરંતુ પોતાની જૂનીપુરાણી ફિલ્મોના રિવ્યૂ શોધીશોધીને એક સાથે ત્રણ સ્ટ્રાઈક આપી દીધી. દીક્ષાબહેનની ચેનલ બંધ થઇ ગઈ. જો કે જવાબ આપવા એમની પાસે સાત દિવસ હતાં. એટલે એમણે જવાબ તો આપ્યો સાથે એક વીડિયો બનાવીને પોતાની તકલીફ દુનિયા સામે રજૂ કરી.

મોટાં મોટાં રિવ્યૂકારો જે દીક્ષાના વિરોધી હતાં એમણે પણ આ મામલે દીદીનો પક્ષ લીધો તો સામે નડિયાદવાલા ગાંજ્યા જાય એમ ન હતાં. એમણે બે દિવસ પછી નિવેદન જાહેર કર્યું કે સોશ્યલ મીડિયાવાળા અમને ધમકી આપીને પૈસા માગે છે...એટલા માટે કે જો અમે પૈસા નહીં આપીએ તો એ લોકો અમારી ફિલ્મના નેગેટિવ રિવ્યૂ કરશે.

આમ દીદી સામેની દાદાગીરી ખુલ્લી પડી જતાં નડિયાદવાલા જેવું મોટું બેનર હવે વિકટીમ કાર્ડ રમવા માંડ્યું છે. આ જે શિરસ્તો શરૂ થયો છે એ આગળ જતાં રિવ્યૂકારોને યુટ્યુબ પરથી દૂર કરી દે તો નવાઈ નહીં!

## એક બાપ બેટા માટે આટલું કરે જ ને?



શાહરુખ ખાનના દીકરા આર્યન ખાનની અહીં લખી ન શકાય એવાં નામ સાથેની વેબ સિરીઝની પહેલી સિઝન ગઈકાલે આવી ગઈ છે. હવે પોતાનો દીકરો બોલિવૂડમાં પહેલું ડગલું માંડતો હોય ત્યારે એક 'સ્ટાર પિતા' બધું સરખી રીતે પાર પડે એ માટે થોડુંઘણું તો કરે ને?

ગઈ કાલે શાહરુખે આ અવસરની ઉજવણી કરવા એક પાર્ટી આપી, જેમાં બચ્ચન પરિવાર, સંજય લીલા ભણસાલી, કરણ જોહર, ધર્મેન્દ્ર-હેમા, રણવીર-દીપિકા, ઈત્યાદિ-ઈત્યાદિ ઘણીબધી સેલિબ્રિટીઝને આમંત્રણ આપવામાં આવ્યું હતું. કહે છે કે શાહરુખે આમંત્રણ આપતી વખતે દરેકને ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'મારા દીકરાને આશીર્વાદ આપવા જરૂર પધારજો.' આટલું જ નહીં, શાહરુખે આ બધાં મોટાં માથાં સાથે પાર્ટી દરમ્યાન કેવું વર્તન કરવું એની ટ્રેનિંગ પણ પોતાના પનોતા પુત્રને આપી હતી! ■

કટ એન્ડ ઓકે...



*'હું કાંઈ એટલી સસ્તી નથી!'...*
*'બિગ બોસ'માં સામેલ થવા માટે દોઢ કરોડની 'કહેવાતી ઓફરનો' અસ્વીકાર કર્યા પછી તનુશ્રી દત્તાનું નિવેદન.*

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# માલા સિન્હા - દેવ આનંદનો નેપાળી નાતો

## ભયંકર રાજકીય ઊથલપાથલનો અનુભવ કરનારા આપણો પાડોશી દેશ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે અનેરું કનેક્શન ધરાવે છે

**દેવ આનંદ અને માલા સિન્હા...**

એક એવરગ્રીન કલાકાર અને બીજી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સદાબહાર દોરની સફળ અભિનેત્રી. ૧૯૫૦ - ૬૦ના દાયકામાં દેવસા'બ અને માલા સિન્હાના નામના સિક્કા પડતા હતા. બંને કલાકારની ફિલ્મોનાં ગીત- સંગીત આજે પણ લોકો સંભારી હોંશે હોંશે ગણગણે છે. જોકે, આ બંને હીરો - હીરોઈન તરીકે ફક્ત બે જ ફિલ્મમાં સાથે જોવા મળ્યા છે. એક 'લવ મેરેજ' (ધીરે ધીરે ચલ ચાંદ ગગન મેં અને કહે ઝૂમ ઝૂમ રાત યે સુહાની) બીજી હતી 'માયા' (જા રે જા રે ઉડ જા રે પંછી, તસવીર તેરી દિલ મેં જિસ દિન સે ઉતારી હૈ, કોઈ સોને કે દિલવાલા કોઈ ચાંદી કે દિલવાલા). બંને બોક્સ ઓફિસ પર સફળ. હિન્દી ફિલ્મ દર્શકોની આંખોમાં વસી ગયેલા આ બે કલાકાર વચ્ચે એક વિશિષ્ટ સામ્ય છે, જે વર્તમાન પરિસ્થિતિમાં ચર્ચામાં આવ્યું છે. ભારતના પાડોશી દેશ નેપાળમાં તાજેતરમાં ભયંકર ઊથલપાથલ થઈ. દેવ આનંદ અને માલા સિન્હા નેપાળ સાથે અતૂટ નાતો ધરાવે છે.

માલા સિન્હાનો જન્મ થયો હતો પશ્ચિમ બંગાળના કલકત્તા શહેરમાં, પણ એના માતા - પિતા મૂળ નેપાળી હતા, જે પછી સ્થળાંતર કરી પશ્ચિમ બંગાળમાં રહેવા આવી ગયા હતા. ૧૦ વર્ષની ઉંમરે ફિલ્મોમાં બાળ કલાકાર તરીકે અભિનયનો આરંભ કર્યા પછી ૧૯૫૪માં અભિનેત્રીને પહેલો બ્રેક મળ્યા પછી ધીમે ધીમે એના પગ ઈન્ડસ્ટ્રીમાં જામતા ગયા.

૧૯૬૦ના દાયકામાં માલા સિન્હા હિન્દી ફિલ્મોમાં અત્યંત વ્યસ્ત હતી. એની ફિલ્મો બોક્સ ઓફિસ પર હિટ થતી હોવાથી એની ડિમાન્ડ પણ ખાસ્સી હતી. તેમ છતાં નેપાળમાં પ્રાઈવેટ બેનર દ્વારા નિર્માણ કરવામાં આવેલી ફિલ્મ 'માઈતીઘર' (જેનો અર્થ પરિણીત સ્ત્રીની માતાનું ઘર - પિયર થાય છે)માં અભિનેત્રી જોવા મળ્યાં હતાં. આમ પણ નેપાળ માલાજીનાં માતુશ્રીનું પિયર જ હતું. વતનનું કહેણ આવતા કોઈપણ પ્રકારની પૂર્વ શરત મૂક્યા વિના માલા સિન્હા નેપાળની ફિલ્મમાં કામ કરવા તૈયાર થયા હતાં. ફિલ્મને તો સારી સફળતા મળી, પણ અભિનેત્રીના અંગત જીવનને એક મીઠો વળાંક આપવામાં સાબિત થઈ.

થયું એવું કે 'માઈતીઘર' (૧૯૬૬)ના શૂટિંગ દરમિયાન બંગાળી - નેપાળી અભિનેત્રી નેપાળી એક્ટર - સિંગર ચિદમ્બરમ પ્રસાદ લોહનીના સંપર્કમાં આવી. કોઈ કારણવશ હિન્દી ફિલ્મ અભિનેત્રી અને નેપાળી સહ કલાકાર વચ્ચે નિકટતા વધી. પરિચય પ્રેમમાં અને પ્રેમનું રૂપાંતર પરિણયમાં થયું. માલા સિન્હાના પિતાશ્રીને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો પર ભરોસો નહોતો અને પોતાની દીકરી નેપાળીને પરણે એવું ઈચ્છતા હતા અને મિસ્ટર લોહની એમની નજરમાં વસી ગયા.૧૯૬૮માં બંનેનાં લગ્ન મુંબઈમાં થયા. જોકે, લગ્ન પછી માલા સિન્હાએ ફિલ્મોમાં કામ કરવાનું ચાલુ રાખ્યું હતું, જ્યારે એક્ટિંગની દુનિયા છોડી એસ્ટેટ એજન્સીનો



પ્રેમનાથ અને દેવ આનંદ 'ઈશ્ક ઈશ્ક ઈશ્ક'માં



માલા સિન્હા પતિ ચિદમ્બરમ લોહની સાથે

બિઝનેસ શરૂ કરનારા મિસ્ટર લોહની વ્યવસાય સંભાળવા નેપાળ પાછા ફર્યા હતા. અલગ અલગ દેશમાં વસવાટ હોવા છતાં આપસી મનમેળ અને સમજદારીને કારણે લગ્ન જીવનમાં કોઈ ખટરાગને અવકાશ નહોતો. બંને વચ્ચે ભૌગોલિક અંતર હતું, પણ અંતરમાં આનંદ આનંદ હતો. અભિનેત્રીને મન થાય તો એ નેપાળ પહોંચી જતી અને ઈચ્છા થાય એટલે ચિદમ્બરમ પણ મુંબઈ આવી જતા. સુખી અને સંતોષી લગ્ન જીવન હતું. ૫૬ વર્ષના સાહચર્ય પછી ગયા વર્ષે મિસ્ટર લોહનીનું અવસાન થયું હતું.

દેવ આનંદનું નેપાળી કનેક્શન અંગત અને વ્યવસાયિક કારણસર હતું. નેપાળના રાજકુમાર કિંગ બિરેન્દ્રના લગ્ન પ્રસંગમાં દેવ સાબને વિશષ આમંત્રણ મળ્યું હતું. એમના પરિચિત એક જર્મન ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર પણ હાજર હતા. એક દિવસ બંને જઈ પહોંચ્યા હિપ્પીઓના અડ્ડા પર. થોડી મિનિટોની હાજરીમાં જ દેવ આનંદને એવું કશુંક દેખાયું કે તેમના દિમાગમાં 'હરે રામ હરે કૃષ્ણ' ફિલ્મનું બીજ રોપાયું. લગ્નોત્સવ પૂરો થયા પછી નીકળતા પહેલાં રાજા મહેન્દ્રની ઔપચારિક મુલાકાત વખતે દેવ સાબે નેપાળમાં ફિલ્મનું શૂટિંગ કરવાની ઈચ્છા વ્યક્ત કરી. રાજાએ કેવળ પરવાનગી જ ન આપી, દેવ આનંદને સ્ક્રિપ્ટ તૈયાર કરવા નેપાળ રોકાઈ જવા આગ્રહ કર્યો અને નેપાળના રમણીય વિસ્તાર પોખરામાં રોયલ ગેસ્ટહાઉસમાં રહેવાની બધી સગવડ કરી આપી.

રાજાની મદદ અને મહેમાનગતિ તેમ જ નેપાળી લોકોના ઉત્સાહ અને ઉષ્માને કારણે ફિલ્મનું શૂટિંગ ૧૦ અઠવાડિયામાં જ પૂરું થઈ ગયું. ઝીનત અમાનને સ્ટાર બનાવી દેનારી આ ફિલ્મનું શૂટિંગ મુખ્યત્વે કાઠમંડુના ખીણ પ્રદેશમાં થયું હતું. 'હરે રામ હરે કૃષ્ણ'ના શૂટિંગ દરમિયાન દેવ આનંદ નેપાળના પર્વતીય વિસ્તાર અને એના પ્રાકૃતિક સૌંદર્યથી મોહિત થયા હતા. ૧૯૭૪માં એમની 'ઈશ્ક ઈશ્ક ઈશ્ક' ફિલ્મનું ખાસ્સું શૂટિંગ નેપાળમાં થયું હતું. વિજય આનંદ દિગ્દર્શિત 'જોની મેરા નામ'ના કેટલાક હિસ્સાનું ફિલ્માંકન પણ નેપાળમાં કરવામાં આવ્યું હતું. દેવ આનંદના આ પ્રયાસોને કારણે નેપાળ ભારતીય સહેલાણીઓમાં ટુરિસ્ટ પ્લેસ તરીકે પ્રખ્યાત થયું અને નેપાળી ટેક્નિશ્યનો અને એક્ટરો ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સંપર્કમાં આવ્યા. પરિણામે પછી ઘણી હિન્દી ફિલ્મના શૂટિંગ નયનરમ્ય નેપાળમાં થયા. એક અર્થમાં દેવ આનંદ નેપાળના બ્રાન્ડ એમ્બેસેડર હતા.

દેવ આનંદે એમની આત્મકથા 'રોમાન્સિંગ વિથ લાઈફ'નું લોકાર્પણ ૨૦૦૮માં નેપાળની રાજધાની કાઠમંડુમાં કર્યું હતું. નેપાળ ફરી આવી ફિલ્મનું શૂટિંગ કરવાની ઈચ્છા પણ એમણે વ્યક્ત કરી હતી. જોકે, એ એમની અંતિમ નેપાળ યાત્રા સાબિત થઈ હતી. ૨૦૧૧માં એમનું અવસાન થયું અને એ ઈચ્છા અધૂરી રહી ગઈ. ■

મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# સૂર્યના પહેલાં કિરણ જેવી તાજગીસભર દિવિતા જુનેજા

હમણાં ગત શુક્રવાર, ૧૨ સપ્ટેમ્બરે બોલિવૂડમાં એક નવો ઈતિહાસ રચાયો છે, જેની ભાગ્યે જ નોંધ લેવામાં આવી છે. ઘણીવાર એક જ હીરો કે એક જ હીરોઈનની બે ફિલ્મો એક જ દિવસે રજૂ થતી હોય છે, પણ આ શુક્રવારે એક જ દિગ્દર્શકની બે ફિલ્મો રજૂ થઈ છે અને એ છે આપણા ગુજરાતી દિગ્દર્શક ઉમેશ શુકલા. એમની નવા કલાકારો સાથેની 'હીર એક્સપ્રેસ' અને બીજી ફિલ્મ 'એક ચતુર નાર' સાથે જ રિલીઝ થઈ છે.

આપણે અહીં 'હીર એક્સપ્રેસ'ની હીરોઈન દિવિતા જુનેજાની વાત કરવાના છીએ. દિવિતાની આ પ્રથમ જ ફિલ્મ છે, એની સાથે પ્રીત કામાણી નામનો નવો હીરો છે અને સાથે આશુતોષ રાણા, સંજય મિશ્રા અને ગુલશન ગ્રોવર જેવાં જાણીતાં કલાકારો છે. દિવિતા જુનેજાએ ફિલ્મ માટે નવું નામ છે, પણ એ કથક નૃત્યાંગના, થિયેટર આર્ટિસ્ટ, સમાજસેવિકા, યુટ્યુબર અને મોટિવેશનલ આઈકનના રૂપે લોકપ્રિય થઈ ચુકી છે.

'હીર એક્સપ્રેસ'માં હીરની ભૂમિકા ભજવતી દિવિતાને પહેલી જ ફિલ્મમાં અમિતાભ બચ્ચન, રિશી કપૂર, પરેશ રાવળ, અક્ષય કુમાર જેવાંને દિગ્દર્શન આપનારા ઉમેશ શુકલા જેવા અનુભવી દિગ્દર્શક મળ્યા છે. ચંડીગઢમાં સંજીવ જુનેજા અને માતા સારાને ત્યાં જન્મેલી દિવિતાને નાનપણથી જ કુટુંબનો સાથ મળ્યો છે.

દિવિતા ભણવામાં પણ શરૂઆતથી જ ખૂબ હોશિયાર રહી છે. ૧૨મા ધોરણમાં એણે ૯૮.૨ ટકા માર્કસ મેળવ્યા હતા અને અત્યારે એની પહેલી ફિલ્મ રિલીઝ થઈ ત્યારે એ પંજાબ યુનિવર્સિટીમાંની કોલેજમાં છેલ્લાં વર્ષમાં અભ્યાસ કરી રહી છે અને આવતા વર્ષે તે ડિગ્રી પણ મેળવી લેશે.

દિવિતાનો નામનો અર્થ પણ ખૂબ જ સુંદર થાય છે. 'દિવિતા એટલે સૂર્યનું પહેલું કિરણ'. અભ્યાસ ઉપરાંત નાનપણથી જ કળા પ્રત્યે આકર્ષાયેલી દિવિતાએ કથકમાં સારી એવી નામના મેળવી છે. એણે ટ્રિનિટી કોલેજ - લંડનમાંથી પરફોર્મિંગ આર્ટસમાં ગ્રેડ-ત્રણ ડિસ્ટીંકશન પણ મેળવ્યું છે. નાની ઉંમરમાં જ સમાજસેવિકા તરીકે



એણે નામના મેળવી છે. 'આઈકેજે કેયર ફાઉન્ડેશન'ની તેણે શરૂઆત કરી છે, જે મહિલાઓને આત્મનિર્ભર કરવામાં મદદ કરે છે.

નાનપણમાં તો દિવિતા ખૂબ જ જાડીપાડી હતી. ૧૭ વર્ષની ઉંમરે તેનું વજન ૭૬ કિલો જેટલું હતું, પણ એક દિવસ અરીસામાં જોઈને એણે વજન ઉતારવાનો નિર્ણય કર્યો. છ મહિનામાં એણે ૧૨ કિલો વજન ઉતાર્યું અને પછી એક પર્સનલ ટ્રેનર અને શેફની મદદથી આજે એ ૫૬ કિલો વજન સુધી આવી ગઈ છે.

દિવિતાને એક સમયે 'સાઈનોફોબિયા ' (કૂતરાંનો ડર) હતો, પણ હવે તેનાં પર કાબૂ મેળવી લીધો છે અને અત્યારે એનાં ઘરમાં ત્રણ પાળેલાં કૂતરાં છે, જે એનાં જીવનનો ભાગ બની ગયા છે. દિવિતાને મેક્સિકન ફૂડ ભાવે છે, એને પુસ્તકો વાંચવાનો અને બેડમિન્ટન રમવાનો શોખ છે. હૃતિક રોશન એના ફેવરીટ કલાકાર છે અને આલિયા ભટ્ટ તેની ફેવરીટ અભિનેત્રી છે.

'હીર એક્સપ્રેસ'ની હીર અને દિવિતામાં બહુ ફરક નથી. એ બંને પોતાના કુટુંબને ખૂબ પ્રેમ કરે છે અને બંનેને જીવનના પડકારોનો સામનો કરવાનું ગમે છે. આ બંનેને પોતાની જાત પર ભોરોસો છે અને કુટુંબીજનો એને પૂર્ણ સાથ આપે છે.દિવિતા તેનાં આધારે જ બોલિવૂડમાં પ્રવેશી છે.

જોકે, એની આ પહેલી ફિલ્મ 'હીર એક્સપ્રેસ' બોકસ ઑફિસ પર ખાસ સફળ નથી થઈ, પણ દિવિતાનું કામ ખૂબ વખણાયું છે એટલે એને જો બોલિવૂડમાં નસીબ સાથ આપશે તો જરૂર જામી જશે.

OTTનું હોટસ્પોટ

## ૨૦ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન શું જોવા મળશે?

આ અઠવાડિયા દરમિયાન તમને OTT પર અજય દેવગણની કોમેડી ફિલ્મ અને કાજોલ તેમજ ટ્વિંકલ ખન્નાનો ટોક શો જોવા મળશે. તે જ રીતે 'સોની લીવ' પર એશિયા કપની ધમાકેદાર સેમિ-ફાઈનલ અને ફાઈનલ મેચ જોવા મળશે.




* નેટફિલક્સઃ અજય દેવગણ, મૃણાલ ઠાકુર અને રવિ કિશન અભિનીત 'સન ઓફ સરદાર-ટુ' ૨૬મી સપ્ટેમ્બરે રજૂ થવાની છે.

૨૫ સપ્ટેમ્બરે 'એલિસ ઈન બોર્ડરલેન્ડ'ની ત્રીજી સિઝન શરૂ થઈ રહી છે અને દક્ષિણના ખૂબ જ જાણીતા અભિનેતા વિક્રમ અભિનીત તમિળ ફિલ્મ 'થગંલ' હિન્દી સબ-ટાઈટલ સાથે ૨૦ સપ્ટેમ્બરે રજૂ થશે.

* એમેઝોન પ્રાઈમ વીડિયોઃ ૨૫ સપ્ટેમ્બરે કાજોલ અને ટ્વિંકલ ખન્નાનો ટોક શો 'ટૂ મચ'ની શરૂઆત થશે. આ શોમાં શાહરુખ ખાન, આમિર ખાન જેવાં બોલિવૂડના કલાકારો મહેમાન તરીકે આવશે. આ ઉપરાંત તમિળ હોરર ફિલ્મ 'પેચાસી' પણ રજૂ થશે

* જિયો સિનેમાઃ 'ધ પેંગ્વિન' નામની અંગ્રેજી સિરીઝ ૨૨ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહી છે.

* ડિઝની પ્લસ હોટસ્ટારઃ મલયાલમ ફિલ્મ (હિન્દી સબ




સાઈટલ સાથે) ૨૩ સપ્ટેમ્બરે રજૂ થશે. આ સિવાય 'હેલ્સ કીચન'ની ૨૪મી સિઝન ૨૩ સપ્ટેમ્બરે શરૂ થઈ રહી છે. ■

સ્ટાર-યાર-કલાકાર

સંજય છેલ

# તુમ મુઝે યૂં ભૂલા ના પાઓગે...

## આજે આ એક ઓલરાઉન્ડર શાયરને યાદ કરી લઈએ...



હસરત જયપુરી

એક કવિની માતાને એ શેરોશાયરીમાં લાઇફ વેડફે એ જરા પસંદ નહોતું. પણ શાયર માને? માએ કહ્યુંઃ 'શાયરી કરવી હોય તો ઘરમાંથી નીકળી જા!' કવિ તો ટ્રેન પકડીને સપનાઓ પૂરા કરવા મુંબઈ આવી ગયા ને દિવસો સુધી ભૂખ્યા રહીને ફૂટપાથ પર સૂવું પડતું. એક સવારે જોયું તો એ જ ફૂટપાથમાં પાસે સૂતેલો ગરીબ મજૂર મૃત હાલતમાં પડ્યો હતો. આ જોઈને કવિનું દિલ ભરાઈ આવ્યું ને કવિતા લખીઃ 'મઝદૂર કી લાશ'.

પછી એક મુશાયરામાં નાટક ફિલ્મના સફળ અભિનેતા પૃથ્વીરાજ કપૂર આવેલા, જે આ કવિતાથી એટલા પ્રભાવિત થયા કે પુત્ર રાજ કપૂરને મળવા કહ્યું. એ કવિ એટલે ૧૯૫૦થી ૧૯૯૦ સુધી સતત ૪૦ વરસ રોમેંટિક, ઇમોશનલ ને મસ્તીભર્યા સુપરહિટ ગીતો લખનારા : **હસરત જયપુરી!**

એ ખરેખર દુઃખની વાત છે કે શૈલેંદ્ર, મજરૂહ કે સાહિર જેવાં મોટાં નામો વચ્ચે ફિલ્મ- સંગીતમાં જેનું નામ બહુ ગાજ્યું નહીં એવા અંડરરેટેડ પણ બહુમુખી પ્રતિભા ધરાવતા આવા ગીતકાર ભાગ્યેજ કોઇ હશે. હસરત જયપુરી અને શૈલેંદ્રે રાજ કપૂરની અનેક ફિલ્મોમાં અને શંકર-જયકિશન સાથે અનેક ફિલ્મોમાં સાથે ગીતો લખ્યા એટલે એમનું પ્રદાન ઢંકાઇ ગયું અને સતત અન્યાય થયો. એ વખતનાં ઉર્દૂ સાહિત્યિક શાયરો એમને શાયરકવિ માનવા તૈયાર નહોતા, પણ હસરતે લખેલ 'બહારો ફૂલ બરસાઓ..' ગીત બી.બી.સી.ના સર્વે મુજબ રેડિયો પર સૌથી લોકપ્રિય ટોપ ૧૦૦ ગીતોમાં નં.૧ પર આવે છે.

૧૯૪૯-૫૦માં રાજ કપૂરે હસરત પાસે 'બરસાત' માટે પહેલું ગીત લખાવ્યું- 'જીયા બેકરાર હૈ આયી બહાર હૈ' અને બીજું 'છોડ ગયે બાલમ'. 'બરસાત'ના ૧૦માંથી ૬ગીતો હસરતે લખ્યા ને બધાં સુપર-હિટ. જોગાનુજોગ સંગીતકાર શંકર-જયકિશનની પણ એ પહેલી ફિલ્મ હતી. 'બરસાત'ની સફળતા પછી હસરત ફુલટાઈમ બોલિવૂડનાં સૌથી બિઝી ગીતકાર બની ગયા. બાય ધ વે, ત્યાં સુધી હસરતજી મુંબઇની 'બેસ્ટ' બસોમાં કંડક્ટર હતા!

૧૯૨૨માં જયપુરમાં ઇકબાલ હુસૈન તરીકે જન્મેલ હસરતજીના પિતા નાઝિમ હુસેન ફૌજમાં હતા પણ એમના નાના ફિદા હુસેન ઉર્ફ 'ફિદા' એ જમાનાના પ્રખ્યાત શાયર હતા એટલે કવિતા વારસામાં મળેલી. હસરત, જેટલા મોટા ગીતકાર હતા એટલા જ મોટા આશિક. જયપુરમાં ઘરની સામે 'રાધા' નામની છોકરી સાથે એકતરફી પ્રેમ થઈ ગયેલો ને શાયરાના અંદાજમાં રાધાને પ્રેમપત્ર લખેલોઃ યે મેરા પ્રેમ પત્ર પઢકર તુમ નારાઝ ના હોના પણ ત્યારે પ્રેમપત્ર આપવાની હિંમત ન ચાલી. વર્ષો પછી 'સંગમ' ફિલ્મમાં એ ગીત સુપરહિટ થયું. એકવાર હસરતનાં પત્ની નારાજ થઈને ઘર છોડીને જઇ રહ્યા હતા ત્યારે હસરતે કહ્યુંઃ 'અજી, રૂઠ કર અબ કહાં જાઇએગા?' પછીથી એ જ પંક્તિઓ 'આરઝૂ' ફિલ્મમાં ગીત બનીને પ્રગટી!

હસરતજીના 'આજકલ તેરે મેરે પ્યાર કે ચર્ચે'ના ગીત વિષે પણ એક મજેદાર કિસ્સો છે. આ ગીત શંકર-જયકીશને મૂળ રાજેન્દ્રકુમારની કોઇ ફિલ્મ માટે બનાવેલું. પણ રાજેન્દ્રકુમારે 'સોરી, હું ડાન્સ નથી કરી શકતો' કહીને ગીત માટે ના પાડી. (થેંક ગોડ!) પછી શમ્મી કપૂરની 'બ્રહ્મચારી' ફિલ્મમાં એ ગીત સુપરહિટ થયું. એ જ ફિલ્મમાં 'દિલ કે ઝરોખે મેં તુઝ કો બિઠાકર, યાદોં કો તેરી મૈં દુલ્હન બનાકર, રખુંગા મૈં દિલ કે પાસ' જેવું લાંબા છંદવાળું નોનસ્ટોપ ગીત લખ્યું, જેમાં એક શાયર તરીકે એમની હથોટી પરખાય છે. તૂટેલા આશિક દિલની વેદનાવાળું એ ગીત દાયકાઓ સુધી નિષ્ફળ પ્રેમીઓ માટે ટોનિક બની ગયેલું. વળી 'મેરા નામ જોકર'નું, 'જાને કહાં ગયે વો દિન' પણ ઉદાસી ને નોસ્ટાલજીયાનું મહાકાવ્ય છે.

૧૯૮૬ની આસપાસ કોઇએ મજાકમાં હસરતને કહ્યું, 'હવે તમે બુઢ્ઢા થઈ ગયા છો એટલે રોમેન્ટિક ગીત નહીં લખી શકો.' હસરતે આ વાતને ચેલેન્જની જેમ લીધી. રાજ કપૂર ત્યારે 'રામ તેરી ગંગા મૈલી' ફિલ્મ બનાવી રહ્યા હતા, જેમાં ગીત-સંગીત રવિન્દ્ર જૈન આપી રહ્યા હતા. પણ હસરતે રાજ કપૂરને વિનંતી કરીઃ 'બસ, મને એક રોમેન્ટિક ગીત લખવા આપો!' ત્યારે રાજ કપૂરે જ હસરતજીને યાદ અપાવ્યું કે એકવાર રેકોર્ડિંગમાં કોઇ પ્રેમગીતની સરસ ધુન નહોતી બની રહી ત્યારે હસરતજીએ રાજસાહેબને 'સુન સાયબા સુન પ્યાર કી ધુન!' કહીને મજાક કરેલી. બસ, પછી હસરતજીએ ત્યારે ને ત્યારે સુપરડુપર હિટ રોમેન્ટિક ગીત લખ્યું : 'સુન સાહિબા સુન, પ્યાર કી ધુન, મૈને તુઝે ચુન લિયા, તુ ભી મુઝે ચુન.' લખ્યું. એ ગીતમાં 'ડાલ દે નિગાહ કર દે પ્યાર કા શગુન', જેવી પહેલા પ્રેમની નજાકત અને 'પ્રીત કે યે ધાગે તુ ભી સંગ મેરે બુન' જેવા ધુન શબ્દનાં અદ્ભુત પ્રાસ લખેલા. વળી એ જ ગીતમાં 'તેરે હી હાથો લિખી શાયદ તબાહી મેરી..' જેવી ઉચ્ચ કક્ષાની કાવ્યાત્મક પંક્તિ લખી જે ફિલ્મની કથામાં આવનારા ડ્રામાને કેટલી બારીકાઇથી સૂચવે છે.

રોમેન્ટિક ગીતોના સુલ્તાન એવા હસરતે ઉર્દૂનાં અઘરાં શબ્દો સામાન્ય લોકો સુધી પહોંચાડ્યા, જેમ કે 'એ નરગિસ-એ-મસ્તાના', 'તેરી પ્યારી પ્યારી સૂરત કો..ચશ્મ-એ-બદ્દૂર', 'એ ગુલબદન', 'મેરે યાર શબ્બા-ખૈર'. અને એટલું જ નહીં, પણ 'મૈં કયા કરું રામ મુઝે બુઢ્ઢા મિલ ગયા', 'મેરી ભૈંસ કો ડંડા ક્યું મારા' જેવા કોમેડી ગીતોમાં હસરત માહિર હતા.

ખરા અર્થમાં હસરત ચૌમુખ એટલે કે ઓલરાઉંડર જેવી પ્રતિભા ધરાવનારા ગીતકાર હતા. હસરત જયપુરીએ ૬૩ જેટલા સંગીતકારો માટે ૩૦૦ ફિલ્મોમાં ૨૦૦૦ ગીતો લખ્યા પણ એમને ફક્ત બે જ વાર ૧૯૭૨માં 'જિંદગી એક સફર હૈ સુહાના' (અંદાઝ) માટે અને ૧૯૬૭માં 'બહારોં ફૂલ બરસાઓ મેરા મેહબૂબ આયા હૈ' માટે શ્રેષ્ઠ ગીતકારનો ફિલ્મફેર એવોર્ડ મળેલો. 'બહારોં ફૂલ બરસાઓ મેરા મેહબૂબ આયા હૈ' ગીત તો આજે ૨૦૨૫માં પણ લગ્નમંડપમાં દુલ્હન પ્રવેશે છે ત્યારે વગાડાય છે! હસરતને રાજસ્થાન સરકાર તરફથી 'રાજસ્થાન શ્રી' અને 'રાજસ્થાન રત્ન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. જાણીતા સંગીતકાર અનુ મલિક હસરત જયપુરીના ભાણેજ છે.

અનુના ભાઇ ડબ્બુ મલિકે, પરેશ રાવલ, સ્વ. મહેંદ્ર જોશી અને સ્વ. કવિ ચંદુ શાહના યાદગાર ગુજરાતી મ્યુઝિકલ નાટક 'ખેલૈયા'માં હીરો તરીકે કામ પણ કરેલું! એજ રીતે, આજના ગાયક-સંગીતકાર અરમાન મલિક પણ હસરતના ખાનદાનમાંથી જ આવે છે.

૧૭ સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ હસરતજી ચાલ્યા ગયા પણ એમનાં ગીતો આપણે આજેય ગણગણીએ છીએ. એમની પુણ્યતિથિ નિમિત્તે હસરતજીનું આ ગીત અચૂક યાદ આવે :

**'તુમ મુઝે યૂં ભૂલા ના પાઓગે'**

**(નોંધઃ શીર્ષકમાં જાણી કરીને હસરતજીનું નામ નથી રાખ્યું)** ■

## અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...




યોગેશ સી પટેલ

## પ્રકરણ-૧૦

આરે પોલીસ સ્ટેશનથી વીસેક ડગલાં આગળ ઓ. પી. ગાર્ડનની સામેના સ્ટૉલ પાસે બાઈક પાર્ક કરીને સબ-ઈન્સ્પેક્ટર દત્તા બંડગર સિગારેટ ફૂંકવા ઊભો હતો. તેના એક હાથમાં સિગારેટ તો બીજામાં સીલબંધ કવર હતું. સિગારેટનો ઊંડો કશ લઈને ધૂમ્રસેર હવામાં ઉડાડી તે વારંવાર કવરને જોતો હતો. કવરમાં ફોરેન્સિક લૅબોરેટરીનો અહેવાલ હતો.

સવારે ઈન્સ્પેક્ટર ગોહિલે ફોન કરીને બંડગરને ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરી જવાનું કહ્યું હતું. ફોરેન્સિક લૅબોરેટરીથી અહેવાલ લઈને પાછા ફરેલા બંડગરને પોલીસ સ્ટેશન બહાર ક્રાઈમ બ્રાન્ચની બોલેરો નજરે ન પડી એટલે સિગારેટ ફૂંકવાની ઇચ્છા થઈ. સિગારેટનું વ્યસન નહોતું, પણ સમય મળ્યે તે આ શોખ પૂરો કરતો.

પોલીસ સ્ટેશન તરફ જોઈને બંડગરે સિગારેટનો પાછો એક કશ માર્યો. ફોરેન્સિકનો અહેવાલ વાંચવાની તેને તાલાવેલી હતી, પણ કવર સીલબંધ હોવાથી શું કરવું તેની અવઢવમાં તે વારંવાર કવરને જોતો હતો.

ક્રાઈમ બ્રાન્ચની બોલેરો આવતી જોઈ બંડગરે સિગારેટનો છેલ્લો કશ લીધો. ગોહિલની ટીમ પોલીસ સ્ટેશન બહાર બોલેરોમાંથી ઊતરી ત્યારે રાઉન્ડઅપ પર નીકળેલા સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડ અને ઈન્સ્પેક્ટર રાજીવ કામત ભટકાયા. ગાયકવાડ અને કામત સાથે વાતચીત કર્યા પછી ગોહિલની ટીમ પોલીસ સ્ટેશનમાં ગઈ. સિગારેટ ફેંકી બંડગરે પણ તેમની પાછળ ચાલવા માંડ્યું. ગોહિલની કેબિનના દરવાજે ટકોરા મારી તે અંદર પ્રવેશ્યો.

બંડગરે આપેલું કવર ખોલતી વખતે ગોહિલે તેને બેસવાનો ઇશારો કર્યો. કવરમાંથી કાગળ કાઢીને ગોહિલે ઝડપથી વાંચવાનું શરૂ કર્યું.

'અત્યારે આપણી હાલત એવી છે કે એક સવાલનો જવાબ મળતો નથી ત્યાં બીજા ત્રણ પ્રશ્નો ઊભા થાય છે!' ગોહિલે નિસાસો નાખતાં કહ્યું.

કોઈ કંઈ બોલ્યું નહીં, પણ અહેવાલમાં શું છે તે જાણવાની ઉત્કંઠા બધા અધિકારીને હતી.

'આ અહેવાલે વધુ રહસ્યો ઊભાં કર્યાં છે... અને આપણું ટેન્શન વધાર્યું છે.' ગોહિલે જ વાત આગળ વધારી.

'કેમ, સર... શું કહે છે લૅબવાળા?' આખરે એપીઆઈ પ્રણય શિંદેએ પ્રશ્ન કર્યો.

'મંજરી નવલેનું શબ જ્યાંથી મળ્યું હતું એ સ્થળેથી ફોરેન્સિકની ટીમે માટીના નમૂના પણ પરીક્ષણ માટે લીધા હતા...' ગોહિલે અહેવાલની વિગત જણાવતાં કહ્યું: 'છોકરીના શબના નિરીક્ષણ પરથી લૅબના નિષ્ણાતોનો અંદાજો છે કે શબ અમુક દિવસોથી એ માટીમાં જ હતું... બહારથી લવાયું હોવાની શક્યતા નહીંવત્ છે!'

'...એટલે કે આટલા દિવસથી મંજરીની લાશ ત્યાં જ પડી હતી અને કોઈનું ધ્યાન ન ગયું!' શિંદેએ આશ્ચર્ય સાથે કહ્યું.

'કાં પછી હેલિકૉપ્ટર તૂટી પડવાને કારણે જમીનમાં દટાયેલી લાશ ઉપર આવી ગઈ!' ઈન્સ્પેક્ટર રવિ કદમે જાણે ધડાકો કર્યો.

'આ તો વિચિત્ર ટ્વિસ્ટ છે, સર!' સબ-ઈન્સ્પેક્ટર કપિલ રાજપૂતે અણધાર્યો અભિપ્રાય આપ્યો. પછી બધાના ચહેરા જોઈ નજર ઝુકાવી દીધી.

'હા... વાત અચંબો પમાડનારી તો છે જ!' ગોહિલે કહ્યું: 'આપણે આટલા દિવસથી તર્ક-વિતર્ક લગાવી રહ્યા હતા અને હકીકત કંઈ જુદી જ છે!'

'ફોરેન્સિકનો એવો પણ અભિપ્રાય છે કે છોકરીનું હૃદય કોઈએ કાઢ્યું હશે અને તે કાઢવા માટે છોકરીના શબને આડેધડ કપાયું નથી... બૉડી ભલે કામચલાઉ રીતે સીવવામાં આવી હતી, પણ કોઈ નવશિખાઉનું આ કામ નથી!'

ગોહિલ શ્વાસ લેવા રોકાયો. તેણે વધુમાં કહ્યું: 'આ કૃત્ય જાણકાર વ્યક્તિ અથવા નિષ્ણાતનું હોવાની શક્યતા અહેવાલમાં વ્યક્ત કરાઈ છે!'

×××

'...એ હરામખોર દેખાય તો... એક ઘા ને બે કટકા! સમજ્યાને?' યુનિટ પચીસના મુખિયા જુગલ મેશ્રામે તેનો ધારદાર કોયતો હવામાં વીંઝતાં કહ્યું.

'જી... ભાઈજી!' યુવાનોએ એકઅવાજે સમર્થન આપ્યું.

જંગલમાં મંજરીનું શબ મળ્યું અને તેનું હૃદય કોઈએ કાઢી લીધું હોવાનું જાણવા મળ્યા પછી આરેના યુનિટના મુખિયાઓની મીટિંગ થઈ હતી, જેમાં યુનિટ-૧૩ના મુખિયા બાળકૃષ્ણ ટેકામે જંગલમાં માનવભક્ષીના વસવાટની શક્યતા વ્યક્ત કરી હતી. આ શક્યતાને આધારે માનવભક્ષીનો શિકાર કરવા મેશ્રામે યુવાનોની ટીમ બનાવી હતી. આ ટીમે કઈ રીતે કાર્ય કરવું તે સમજાવવા મેશ્રામે પિકનિક પૉઈન્ટના મેદાનમાં મીટિંગ ગોઠવી હતી.

'કાલે જ મેં કોયતાને ધાર કઢાવી છે. તમે પણ શસ્ત્રો ધારદાર કરી લેજો! અલગ અલગ ટીમ બનાવીને બધા પાડામાં ફરીશું અને સાંજે આ જ ઠેકાણે પાછા મળીશું.' મેશ્રામે બીજી સૂચના આપી.

'એકદમ ધારદાર છે, ભાઈજી... અમે તૈયાર છીએ!' યુવાનોએ પણ જુસ્સો દેખાડ્યો.

મેશ્રામની આક્રમકતા અને ઝનૂન જોઈ હવે ટેકામને તેણે આપેલા અભિપ્રાય પર પસ્તાવો થતો હતો.

'આ રીતે આંધળુકિયાં કરવાથી કોઈ માસૂમ વ્યક્તિનો જીવ જઈ શકે.' ટેકામે વિચાર્યું.

'જુઓ... જોશમાં આવીને કોઈ ઘાતકી પગલું નથી લેવાનું! ખાતરી કર્યા વગર કોઈ પણ વ્યક્તિ પર હુમલો કરવાનું ટાળવું!' ટેકામે સલાહ આપી.

'ખાતરી કરવામાં એ માનવભક્ષી અમને ખાઈ જાય તો?' એક યુવાને પ્રશ્ન કર્યો.

'...પણ પૂરી જાણકારી વિના કોઈને મારવું ઉચિત નથી... આ રીતે તો તમે કોઈ નિર્દોષને પણ રહેંસી નાખશો.' ટેકામે કડક શબ્દોમાં સમજાવ્યું.

'સૌપ્રથમ આવા માનવભક્ષીની માહિતી મેળવો. તેની જાણકારી મળે તો આપણે ચર્ચા કરીને શું કરવું તેનો નિર્ણય લઈશું.' ટેકામે સૂચવ્યું.

ટેકામની સૂચનાને જાણે કોઈએ કાને ધરી ન હોય તેમ 'જોઈશું...!' કહીને બધા છૂટા પડ્યા.

×××

ફોરેન્સિક લૅબના અહેવાલની ચર્ચા હજુ પતી નથી ત્યાં તો દરવાજે ટકોરા મારી સબ-ઈન્સ્પેક્ટર વિજય કાળેએ કેબિનમાં આવવાની પરવાનગી માગી. ગોહિલના કહેવાથી કાળે અને મહિલા સબ-ઈન્સ્પેક્ટર વિદ્યા પાટીલ કેબિનમાં પ્રવેશી ખુરશીમાં ગોઠવાયાં.

કામચલાઉ આ કેબિન પ્રમાણમાં ઘણી નાની હતી એટલે બધા સાંકડેમાંકડે બેઠા હતા. હેલિકૉપ્ટરમાં મુંબઈ દર્શન માટે આવેલા દંપતી પ્રિયા અને કરણ ધોળકિયાની વધુ વિગતો મેળવવા કાળે અને વિદ્યાને રાજકોટ મોકલવામાં આવ્યાં હતાં. બન્ને રાજકોટથી હમસફર એક્સપ્રેસમાં પાછાં ફરી રહ્યાં હોવાની જાણ કાળેએ ફોન પર ગોહિલને કરી હતી. ટ્રેનનું નામ સાંભળી ગોહિલના ચહેરા પર એક ક્ષણ માટે સ્મિત આવી ગયું હતું. ટ્રેન મોડી પહોંચતાં બોરીવલી સ્ટેશને ઊતરીને બન્ને સીધાં પોલીસ સ્ટેશને આવ્યાં હતાં.

> **છોકરીના શબને આડેધડ કાપવામાં આવ્યું નથી... બૉડી ભલે કામચલાઉ રીતે સીવવામાં આવી હોય, પણ કોઈ નિષ્ણાતનું આ કૃત્ય છે...**

'ધોળકિયા દંપતીની કોઈ જરૂરી કે... વિવાદાસ્પદ માહિતી?' ગોહિલે કાળેને જોતાં પ્રશ્ન કર્યો.

'ના... સર! રાજકોટમાં તપાસ દરમિયાન એવી કોઈ બાબત સામે નથી આવી કે જેનાથી તેમના પર શક કરી શકાય!' કાળેએ માહિતી આપવા માંડી.

'ધોળકિયા પરિવારના કોઈ પણ સભ્ય વિરુદ્ધ ક્યારેય સામાન્ય પોલીસ ફરિયાદ સુધ્ધાં નથી થઈ. ઑફિસમાં પણ કરણનો રેકૉર્ડ એકદમ ચોખ્ખો છે!'

કાળેએ જણાવ્યું: 'કરણના પિતાનો રાજકોટ સિટીમાં કપડાંનો મોટો શો-રૂમ છે. એન્જિનિયરિંગ પાસ કરીને કરણ ફાર્માસ્યુટિકલ કંપનીમાં નોકરીએ જોડાયો હતો. ગાડી-બંગલા કશાયની કમી નહીં!'

'પ્રિયાના પિયરમાંથી પણ તપાસને યોગ્ય કોઈ માહિતી મળી નથી. બધા તેના માટે સારું જ બોલે છે.' વિદ્યાએ પણ માહિતી પૂરી પાડી.

'મને લાગે છે કે આ માત્ર અકસ્માત છે. બધી ઘટનાઓ એકસાથે સામે આવી છે એટલે આપણે મૂંઝવણમાં છીએ.' ઈન્સ્પેક્ટર રવિ કદમે અભિપ્રાય આપ્યો: 'આખા મામલામાં દંપતીની કોઈ સંડોવણી દેખાતી નથી.'

'એવું જ હશે... મુંબઈ દર્શન માટેનું હેલિકૉપ્ટર તૂટી પડ્યું ત્યાં મંજરીનો મૃતદેહ મળ્યો એ જોગાનુજોગ હોઈ શકે!' ગોહિલે પોતાનો મત જણાવ્યો.

'આ બંડગર પણ કહેતો હતો કે હૉસ્પિટલમાં પ્રિયા ભાનમાં આવ્યા પછી આરે પોલીસે તેનું નિવેદન નોંધ્યું છે, પણ એમાંય કોઈ શંકાસ્પદ વાત સામે આવી નથી.' ગોહિલે બંડગર તરફ હાથનો ઇશારો કરતાં કહ્યું.

'...તો પછી સર, આપણી તપાસમાંથી ધોળકિયા પ્રકરણ અલગ કરી નાખીએ!' સબ-ઈન્સ્પેક્ટર દત્તા બંડગરે કહ્યું.

'હાં... પણ છોકરીના શબનું પ્રકરણ તો ઊભું જ છેને?' ગોહિલે પ્રશ્ન ઉપસ્થિત કર્યો.

'વળી, જંગલમાં યુનિટ સોળ આસપાસ જ વાહનચાલકોનાં શબ મળી રહ્યાં છે એનું શું?'

'સર... મને તો આ ઘટનાઓ પણ અલગ અલગ લાગે છે.' કદમે વિચાર કરીને કહ્યું: 'આ બધી ઘટનાઓને એકબીજા સાથે કોઈ લેવાદેવા... સંબંધ હોવાનું લાગતું નથી!'

'ના... છેક એવું નથી!' ગોહિલે શંકા વ્યક્ત કરી: 'કોઈ તો કડી હોવી જોઈએ આ ઘટનાઓને જોડનારી!'

કેબિનના દરવાજે ફરી ટકોરા પડ્યા એટલે ચર્ચાને બ્રેક લાગી. કૂપર હૉસ્પિટલના ડૉ. ભાવિક માજીવડેએ આરેમાંથી તાજેતરમાં મળેલા મૃતદેહોના કેસોનો અભ્યાસ કરવાની સલાહ આપી હતી. ગોહિલની સૂચનાથી ઈન્સ્પેક્ટર રાજીવ કામત આવા કેસોની ફાઈલોનું નિરીક્ષણ કરીને આવ્યો હતો.

'આવ કામત... બેસ!' ગોહિલે બેસવાનું તો કહ્યું, પણ પછી ખયાલ આવ્યો કે કેબિનમાં બેસવાની જગ્યા બચી જ નહોતી. કામતને બેસવાની વ્યવસ્થા ક્યાં કરવી એના વિચારમાં ગોહિલ આમતેમ જોવા લાગ્યો.

'સર... તમે બેસો!' બંડગરે ખુરશી ખાલી કરી આપી એટલે આનાકાની પછી કામત ખુરશીમાં ગોઠવાયો.

'પાંચેક મહિનામાં બનેલી ઘટનાઓનું મેં લિસ્ટ બનાવ્યું છે.' કામતે કાગળ ગોહિલ તરફ ધરતાં કહ્યું.

'આ બધા કેસની ફાઈલો પર મેં ઉપરછલ્લી નજર ફેરવી છે... ડૉ. માજીવડેની વાતમાં દમ તો છે!'

'એટલે?'

'આરેના માર્ગ પર અલગ અલગ જગ્યાએ નાગરિકોનાં મૃત્યુની ઘટનાઓ બની છે. આમાં યુવાનોનો પણ સમાવેશ છે, પણ માત્ર યુનિટ સોળ આસપાસ પાંચ મહિનામાં અગિયાર જણે હાર્ટ અટેકથી જીવ ગુમાવ્યા છે... અને આ બધી ઘટનાઓ રાતે-મધરાતે જ બની છે!'

કામતે નિરીક્ષણનું તારણ કાઢ્યું હતું: 'આ અગિયાર જણનો મેડિકલ હિસ્ટરી જોતાં માત્ર એકને જ હૃદયને લગતી સમસ્યા હતી... બાકીનાઓને હૃદયની કોઈ બીમારી નહોતી!'

કેબિનમાં હાજર બધા ધ્યાનથી સાંભળતા હતા. કામતની વાત સાંભળતી વખતે ગોહિલના મગજમાં બીજાં ગણિત ગોઠવાઈ રહ્યાં હતાં.

'હાલમાં જીવ ગુમાવનારાં સોહમ મામતોરા, હરલીન જુનેજા અને દામુ પાવસકરને પણ આવી કોઈ સમસ્યા હોવાનું જણાયું નથી. એમાંય હરલીન તો નિયમિત રીતે જિમ કરતી હતી અને અઠવાડિયે એક દિવસ યોગા ક્લાસમાં જતી... તેમ છતાં હાર્ટ અટેક?'

કામતે બોલવાનું બંધ કર્યું એટલે ગોહિલ કંઈ કહેવા જતો હતો, પણ વચ્ચે જ કદમે અભિપ્રાય આપ્યો: 'સર... મને તો હજુ પણ લાગે છે કે આ ઘટનાઓ આપણા કેસથી અલગ છે!'

'કદમ... પાંચ મહિનામાં અગિયારને હાર્ટ અટેક?' ગોહિલના ચહેરા પર પ્રશ્નાર્થ હતો.

'આ આકસ્મિક રીતે બનેલી ઘટનાઓ હોઈ શકે, જે યુનિટ સોળ પાસે બની છે. આ લોકો એક્સિડેન્ટનો ભોગ બન્યા છે, જ્યારે પેલી છોકરી... મંજરી સાથે તો ઘાતકીપણું થયું છે. હૃદય કાઢી લઈને તેને મારી નાખવામાં આવી છે!'

'હું એ વિચારું છું, કદમ... કે હૃદયની બીમારી ન હોવા છતાં આ લોકોને હાર્ટ અટેક આવ્યા કઈ રીતે?'

ગોહિલ શબ્દો ગોઠવી રહ્યો હતો: 'જંગલમાં એવું તે શું છે... આ લોકો સાથે શું બન્યું હશે કે એકાએક તેમનાં હૃદય કામ કરતાં બંધ થઈ ગયાં!'

(ક્રમશઃ) ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

હિન્દી-ગુજરાતીની જોડી જમાવો

| A | B |
|---|---|
| शबाब | મધ |
| शराब | ચહેરો |
| शहद | તીર |
| शकल | મદિરા |
| शलाका | યૌવન |

### ઓળખાણ પડી?

હિરોઈન, સહાયક અભિનેત્રી તેમ જ નેગેટિવ રોલ કરનારી શમ્મી કપૂર સાથે નજરે પડતી હિન્દી ફિલ્મોની એક્ટ્રેસની ઓળખાણ પડી?



અ) નિમ્મી  બ) નાદિરા  
ક) શશીકલા  ડ) કુમકુમ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ લો | ક | ૨ લા | ડી | ૩ લા | | ૪ સ્વ | પ્ન | ૫ દ | ષ્ટા |
| ક | | ક | | ૬ ભ | ૭ મ | ર | | ષ્ટિ | |
| ૮ પા | ૯ ખં | ડી | | ૧૦ દા | હ | | ૧૧ અ | પૂ | ર્વ |
| ૧૨ લ | ત | | ૧૩ દા | ચી | ત્વ | | | ત | |
| | ૧૪ પૂ | છ | ડી | | ૧૫ પૂ | જિ | ૧૬ ત | | ૧૭ અ |
| ૧૮ સ | ર્વ | | | ૧૯ વ | ર્ણ | | ૨૦ બા | ઝ | વા |
| ૨૧ મ | ક | ૨૨ ર | ૨૨અ કે | તુ | | | દ | | ર |
| કા | | ૨૩ બ | ડી | | ૨૪ અ | ૨૫ ફ | લા | ૨૬ તૂ | ન |
| ૨૭ લી | ૨૮ મ | ડી | | | ૨૯ મૂ | ડ | | ૩૦ ત | વા |
| ૩૧ ન | રી | | ૩૨ નિ | ર્મા | લ્ય | | ૩૩ સા | ક | ર |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | ૮ | ૯ | | | ૧૦ | |
| | | ૧૧ | ૧૨ | | | | ૧૪ | | |
| | ૧૫ | | | | | | | | ૧૬ |
| ૧૭ | | | ૧૮ | | | | ૧૯ | ૨૦ | |
| | | ૨૧ | | ૨૨ | | ૨૩ | | | |
| | ૨૪ | | ૨૫ | | | ૨૬ | ૨૭ | | ૨૮ |
| ૨૯ | | | ૩૦ | | ૩૧ | | ૩૨ | ૩૩ | |
| ૩૪ | | ૩૫ | | | ૩૬ | ૩૭ | | | |
| | | ૩૮ | | | | | | ૩૯ | |

**આડી ચાવી**

૧. વિષ્ણુના જાણીતા અવતારો (૫)
૪. મર્યાદા પુરુષોત્તમ (૪)
૭. રાત (૨)
૮. પાછા (૩)
૧૦. પૈસો, નાણું (૨)
૧૧. સારું એવું (૨) (જો. છૂ.)
૧૫. ---વડા બહુ ટેસ્ટી હોય (૩)
૧૭. જલસા (૨)
૧૮. તણખા, અંગારા (૩)
૧૯. ખરાબ, કર્મ (૩)
૨૨. નાનું, લઘુ (૩)
૨૪. સિદ્ધાર્થ---માંથી બુદ્ધ થયા (૩)
૨૬. દિવાળીમાં --- પ્રગટાવો (૨)
૩૦. જલાશય (૩)
૩૨. સહનશીલ (૩)
૩૪. સજવું તે (૩)
૩૬. --- થોડી, વેશ ઝાઝા (૨)
૩૮. ડર, બીક (૫)
૩૯. વિષ્ણુનો છેલ્લો અવતાર (૨)

**ઊભી ચાવી**

૧. બધા (૩)
૨. રૂઆબ, વટ (૨)
૩. યોગ્ય, ઘટિત (૨)
૪. કૃષ્ણે ગોપીઓ સંગ --- રચાયો (૨)
૫. રાતે ચમકતો અવકાશી પદાર્થ (૨)
૬. વસ્તુ, પદાર્થ, મૂળ તત્ત્વ (૨)
૯. ફરસીધારી રામ (૫)
૧૧. વિશિષ્ટ (૨)
૧૨. સારી બુદ્ધિ (૩)
૧૪. વાચાળ (૩)
૧૫. છુટ્ટી (૨)
૧૬. કાચબો (૨)
૧૭. માછલી (૨)
૨૦. કાન (૨)
૨૧. જાણેલું (૨)
૨૩. ઝરણાં મળીને --- બને (૨)
૨૫. અભિપ્રાય (૨)
૨૭. ગંધ (૨)
૨૮. વાંસળીધારી ભગવાન (૨)
૨૯. નર અને પશુનો મિશ્રિત અવતાર (૩)
૩૧. ભૂંડનો અવતાર (૩)
૩૩. હીરો (૩) (જો. છૂ.)
૩૫. નસ (૨)
૩૭. કિનારો (૨)

### ગુજરાત મોરી મોરી રે

હિન્દી ફિલ્મથી શરૂઆત કરી 'લાખો ફુલાણી'માં ચમકી અનેક ગુજરાતી ફિલ્મો કરનારી બિન ગુજરાતી અભિનેત્રી કોણ એ જણાવો.

અ) અંજના મુમતાઝ  બ) સ્નેહલતા  
ક) રીટા ભાદુડી  ડ) શ્વેતા મેનન

### જાણવા જેવું

શાહરુખ ખાનને હોલિવૂડ ફિલ્મ 'સ્લમડોગ મિલિયોનેર'માં ગેમ શોના સંચાલક પ્રેમ કુમારનો રોલ ઓફર થયો હતો. અલબત્ત, રોલમાં દમ નથી એવું કારણ આપી બાદશાહે ના પાડી હતી. પછી એ રોલ અનિલ કપૂરે કર્યો અને ફિલ્મને કેટલાક ઓસ્કર એવોર્ડ મળ્યા હતા. હૃતિક રોશને સમયના અભાવે 'ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ ૭'માં કામ કરવાની ના પાડી હતી.

### સુડોકુ-૯૦૯૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | | | ૭ | | | ૪ | ૨ |
| ૪ | ૯ | | | | | | | |
| | | ૭ | ૮ | | | ૧ | | |
| ૬ | ૨ | | | ૪ | | | | |
| ૭ | | | | | | | | ૬ |
| | | | | ૨ | | | ૮ | ૭ |
| | | ૧ | | | ૭ | ૯ | | |
| | | | | | | | ૩ | ૧ |
| ૫ | ૪ | | | ૩ | | | ૬ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૦૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૮ | ૫ | ૬ | ૨ | ૯ | ૧ | ૭ |
| ૯ | ૧ | ૬ | ૮ | ૩ | ૭ | ૫ | ૨ | ૪ |
| ૫ | ૨ | ૭ | ૧ | ૪ | ૯ | ૮ | ૬ | ૩ |
| ૭ | ૬ | ૯ | ૪ | ૨ | ૫ | ૧ | ૩ | ૮ |
| ૩ | ૮ | ૪ | ૬ | ૯ | ૧ | ૨ | ૭ | ૫ |
| ૨ | ૫ | ૧ | ૭ | ૮ | ૩ | ૪ | ૯ | ૬ |
| ૧ | ૪ | ૨ | ૩ | ૭ | ૮ | ૬ | ૫ | ૯ |
| ૬ | ૯ | ૩ | ૨ | ૫ | ૪ | ૭ | ૮ | ૧ |
| ૮ | ૭ | ૫ | ૯ | ૧ | ૬ | ૩ | ૪ | ૨ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

રોમેન્ટિક હીરોની ઓળખ ધરાવનાર એક્ટર શશી કપૂર કઈ ફિલ્મમાં ડબલ રોલમાં જોવા મળ્યા હતા એ સ્મૃતિ ઢંઢોળીને જણાવો.

અ) વિજેતા  બ) ચોરી મેરા કામ  ક) શર્મિલી  ડ) ફકીરા

### નોંધી રાખો

જીવનમાં નિરંતર તાજગી ને દિલચસ્પી ત્યારે જ મળે જ્યારે આંતરિક વિકાસ નિરંતર થયા કરતો હોય. પછી જીવન ઉલ્લાસમય લાગે છે.

### માઈન્ડ ગેમ

ટ્રેજેડી ક્વીન તરીકે પ્રખ્યાત થયેલાં મીના કુમારીએ વિજય ભટ્ટની કઈ ફિલ્મમાં બાળ કલાકાર તરીકે કામ કરી ફિલ્મોમાં પ્રવેશ કર્યો હતો?

અ) બૈજુ બાવરા  બ) લેધર ફેસ  
ક) નઈ રોશની  ડ) એક હી ભૂલ

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| वंचित | રહિત |
| वजह | કારણ |
| वजूद | અસ્તિત્વ |
| वनिता | નારી |
| वमन | ઊલટી |

ઓળખાણ પડી? — અનહોની

માઈન્ડ ગેમ — ચાઈના ટાઉન

ચતુર આપો જવાબ માથું ખંજવાળો — પરવાના

ગુજરાત મોરી મોરી રે — અનુપમા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મહેન્દ્ર લોઢાવિયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) કલ્પના આશર (૯) સુભાષ મોમાયા (૧૦) નીતા દેસાઈ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) લજિતા ખોના (૧૩) પુષ્પા પટેલ (૧૪) શ્રદ્ધા આશર (૧૫) વિપીન શાહ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) હર્ષા મહેતા (૧૯) મહેશ સંઘવી (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) જીત શાહ (૨૨) નૂતન નિપીન શાહ (૨૩) ભાવના કર્વે (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ભારતી બુચ (૨૯) વિણા સંપટ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) મીનળ કાપડિયા (૩૨) અંજુ ટોલિયા (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) રમેશ દલાલ (૩૫) હિનાબેન દલાલ (૩૬) ઈનાક્ષીબેન દલાલ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) પુષ્પા ખોના (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) પ્રવીણ વોરા (૪૧) નિતીન જયંતિલાલ બજરિયા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) શિલ્પા શ્રોફ (૪૪) અલકા વાણી (૪૫) અરવિંદ કામદાર (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) ધીરેન્દ્ર મુલરાજ (૪૮) ગીતા ઉદેશી (૪૯) પ્રતિમા પમાણી (૫૦) હિંમતલાલ પુરુષોત્તમ ખોલીયા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧)કાજોલ -કરીના કપૂર, ૨)અમૃતા સિંહ- જુહી ચાવલા, ૩)શ્રીદેવી - જયા પ્રદા, ૪)મુન મુન સેન- માધુરી દીક્ષિત, ૫)રાની મુખરજી - કોંકણા સેન શર્મા, ૬)મૌસમી ચેટરજી - દીપ્તિ નવલ, ૭)રેખા - રાખી

**ક્વિઝ (બ)** ૧) શ્રેયા ઘોષાલ -વૈશાલી મ્હાડે, ૨) લતા મંગેશ્કર- કમલ બારોટ, ૩) અલકા યાજ્ઞિક- ઈલા અરુણ, ૪) શમશાદ બેગમ-આશા ભોંસલે, ૫) સુનિધિ ચૌહાણ - ગાયત્રી ઐયર, ૬) સાધના સરગમ - મધુશ્રી, ૭)ગીતા દત્ત -આશા ભોંસલે

ફિલ્મનામા

નરેશ શાહ

# બાર માણસ- ચોવીસ કલાક ને રહસ્યનો વઘાર એટલે...

**આજના** OTT કાળમાં હવે કશું જૂનું કે દુર્લભ રહેતું નથી. બધું હાથવગું છે પણ અતિરેક સાથે. સિનેમાની જેમ મોટાભાગે દર શુક્રવારે અલગ અલગ OTT પ્લેટફોર્મ પણ રસ પડે એવું અડધો ડઝનથી વધુ ફિલ્મો કે વેબસિરિઝ ગોફણના પાણાની જેમ ફંગોળાય છે અને આ અતિને તો ગતિ પણ છે. એ વાસ્તે 'ફિલ્મનામા'માં અઢળક વચ્ચે નજરઅંદાજ થઈ ગયેલી કે ફિલ્મ કે વેબસિરીઝ વિષે ક્યારેક લખવાનો અભિગમ રાખ્યો છે. એ શૃંખલામાં આજે બે સસ્પેન્સ ફિલ્મોની વાત કરવી છે.

**ટવેલ્થ મેનઃ જીતુ જોસેફનો જલવો**

મોહનલાલ, કમલા હસન અને અજય દેવગણ તેમજ વ્યંકટેશ...

આ બહેતરીન અભિનેતાઓ એક જ ડિરેક્ટર- લેખકે બનાવેલી ફિલ્મમાં કામ કરે, જે અપને આપમાં રેકોર્ડ છે. મલયાલી ફિલ્મ ડિરેક્ટર જીતુ જોસેફે દાદુ એક્ટર મોહનલાલ સાથે બનાવેલી 'દ્રશ્યમ' (એક અને બે) ફિલ્મ પછી તો તામિલ (કમલા હસન- પાપનાશમ), હિન્દી (અજય દેવગણ-દ્રશ્યમ) અને તેલુગુ (વ્યંકટેશ- દ્રશ્યમ)માં પણ બની અને સાબિત થઈ ગયું કે આ લેખક- ડિરેક્ટર પાસે જબરદસ્ત ક્ષમતાનો ખજાનો પડ્યો છે અને ૨૦૨૨ માં 'ટવેલ્થ મેન' ફિલ્મથી ફરી પુરવાર થાય છે કે તમારી પાસે કહેવા માટેની નવી દૃષ્ટિ અને શૈલી હોય તો તમે ટાર્ગેટ અચિવ કરો જ.







જીતુ જોસેફે 'ટવેલ્થ મેન'માં અગેઈન મોહનલાલ સાથે સ્ક્રીન પર ત્રાટક કર્યું છે અને સંમોહનની જાદુઈ લાકડી ફરી પ્રભાવ પાથરી ગઈ છે... ટવેસ્થ મેન (બારમો માણસ) આમ જુઓ તો એકદમ નાના બજેટ અને એક મોટા કોન્ફરન્સ રૂમમાં જ પૂરી થતી ફિલ્મ છે અને એ તમને 'એક રૂકા હુઆ ફેંસલા' ફિલ્મની યાદ અપાવતી રહે છે. બેશક 'એક રૂકા હુઆ ફેંસલા'માં એકઠાં થયેલા લોકોએ એ નક્કી કરવાનું છે કે ગુનેગારને સજા કરવી તો શું કરવી? જ્યારે 'ટવેલ્થ મેન'માં રિસોર્ટમાં એક પાર્ટી પછી એકઠાં થયેલાં લોકોમાંથી કોઈએ ખૂન કર્યું છે કે કેમ? શા કારણે? કે પછી એ આત્મહત્યા જ છે, એ બારમા માણસે (ટવેલ્થ મેન) શોધી કાઢવાનું છે.

માણસ માત્ર ભેદભરમનું પોટલું હોય છે એટલે કે એક મિત્રના લગ્ન પૂર્વેની પાર્ટીમાં એકઠાં થયેલા પાંચ કપલ અને બેચલર મહિલા દોસ્ત રિસોર્ટ પર એકઠાં થાય છે પણ ડિનર વખતે જ એ લોકો એક એવી રમત રમે છે, જે બધાના મિજાજ અને આપસી સંબંધને ખોરવી નાખે છે. ડિસ્ટર્બ થયેલાં બધા મિત્રો રિસોર્ટમાં અલગ અલગ થઈ જાય છે અને ત્યારે જ...

ખબર પડે છે કે, એ મિત્રની પત્ની ઊંચાઈ પરથી પટકાઈને મૃત્યુ પામી છે....

જીતુ જોસેફની 'ટવેલ્થ મેન' બૌદ્ધિક લેવલની સસ્પેન્સ ફિલ્મ છે. ઈન્વેસ્ટિગેશન બેઈઝ હોવાથી ટોકેટિવ છે પણ જીતુ જોસેફ અને મોહનલાલના અભિનયે તેને રોમાંચક બનાવી છે. કલ્પનાતીત દૃશ્યોની બદલે 'ટવેલ્થ મેન'માં દર્શાવવામાં આવેલી વીએફએક્સની ટ્રિટમેન્ટ પણ લાજવાબ છે, એ તમને ખૂબીથી કોન્ફરન્સ રૂમની બહાર લઈ જઈને ફરી તમને તમારી ખુરશી પર બેસાડી દે છે.

'જીયો હોટસ્ટાર' પર આ મલયાલમ ફિલ્મ હિન્દીમાં પણ જોવા મળશે. જોઈ કાઢો.

'રાગાલા ૨૪ ઘંટાલ્લો' આવું તેલુગુ નામ ધરાવતી ફિલ્મનું સીધુંસાદું એમેઝોન પ્રાઈમ પર અપાયેલું નામ છેઃ 'આનેવાલે ૨૪ ઘંટે..'

હિન્દીમાં ડબ થતી ફિલ્મો સાથે આપણે કનેક્ટ કરી શકીએ એ વાસ્તે ચેન્નાઈનું મુંબઈ અને કોઈમ્બતુરને કલકતા તરીકે ઉલ્લેખવાનો ટ્રેન્ડ છે. આંધ્રપ્રદેશમાં બનેલી 'રાગાલા ૨૪ ઘંટાલ્લો' ફિલ્મમાં પણ બિહારના એક ધોધમાર વરસાદી ૨૪ કલાકને દેખાડવામાં આવ્યા છે. ટીવી પર આગામી ચોવીસ કલાક કઠણ હોવાની આગાહીઓની વચ્ચે બ્રેકિંગ ન્યૂઝ આવે છે કે બળાત્કાર અને ખૂનના આરોપી એવા ત્રણ કેદી જેલ તોડીને ફરાર થઈ ગયા છે...

પોલીસથી બચવા- છૂપવા માટે ભાગતાં રહેતા ત્રણ ફરાર કેદી એક બંગલામાં ઘૂસી જાય છે, જે પ્રસિદ્ધ એડમેકર- ફોટોગ્રાફર રાહુલનો છે, જેમાં અત્યારે માત્ર એની પત્ની વિદ્યા જ હાજર છે... અચાનક ડોરબેલ વાગતા ત્રણેય કેદી (વિદ્યાને મૂંગા રહેવાની વોર્નિંગ આપીને) છુપાવા માટે કપબોર્ડ ખોલે છે અને વિદ્યાના પતિ રાહુલની રકતરંજિત લાશ એક કેદી પર ધસી પડે છે...

વિદ્યા ત્રણેય કેદીને જણાવે છે કે, પતિ રાહુલની હત્યા પોતે જ કરી છે પણ ખરેખર એવું છે ખરું?

આગાથા ક્રિસ્ટીની નોવેલ 'અનએક્સેપ્ટેડ ગેસ્ટ' પરથી ઈન્સ્પાયર્ડ આ ફિલ્મમાં અનેક વળાંક છે. સસ્પેન્સ ફિલ્મોના ચાહકો માટે ગુડટાઈમ પાસ ફિલ્મમાં બધા તેલુગુ કલાકાર જ છે પણ અગત્યની કથા છે. ■

# ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**આ ફિલ્મોમાં બે બહેનની ભૂમિકા કઈ કઈ અભિનેત્રીએ કરી છે?**

૧) કભી ખુશી કભી ગમ

૨) આઈના

૩) તોહફા

૪) ૧૦૦ ડેઝ

૫) લાગા ચુનરી મેં દાગ

૬) અંગુર

૭) બસેરા




## ક્વિઝ (બ)

**આ ગીતો કઈ બે ગાયિકાએ એ ગાયા છે?**

૧)પિંગા ગા પોરી, લટપટ લટપટ કમર દામિની અધર...

૨)હસતા હુઆ નુરાની ચેહરા કાલી ઝુલ્ફે રંગ...

૩)ચોલી કે પીછે ક્યાં હૈ, ચુનરી કે પીછે ક્યાં હૈ...

૪)રેશમી સલવાર કુર્તા જાલી કા રૂપ સહા નહીં...

૫)પ્યાર કી યે કહાની સુનો એક લડકા થા એક લડકી...

૬)ઝૂઠ કપત સબ કીની મોસે નૈના મિલાયકે મોસે...

૭)જાનુ જાનુ રે કાહે ખનકે હૈ તોરા કંગના મૈં ભી જાનુ...

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'



સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# તમારી ભૂલ તમને જ ન દેખાય એનાથી મોટી ભૂલ બીજી કઈ?!



**નૈરોબીને** તો કુદરતે હરિયાળીની લ્હાણી કરી જ છે, મોમ્બાસાને પણ કરી છે એ અમે જોયું. હા, ત્યાં ગરમી બહુ લાગી. ત્યાં પાણીના હોજ ઠેર-ઠેર. પાણી એટલે તળિયા સુધી નજર નાખી તમે ચોખ્ખાઈ અનુભવો. ત્યાં ગ્લાસબોટની સુંદર રાઈડ હતી. તમે બોટમાં બેસો અને તળિયું પારદર્શક કાચનું. બેઠા-બેઠા કાચમાંથી તમે જાતજાતની માછલીઓ, કરચલાઓ અને બીજા જળચરો એ કાચમાંથી જોઈ શકો. કેતકી દવેને તો બહુ મજા આવી. અમને પણ આ નવીનતા સ્પર્શી ગઈ. સિદ્ધાર્થ-જતીનને કોઈ નવાઈ નહોતી લાગી. અમારું ત્રણેયનું વિદેશમાં જવાનું અને સાથે પર્ફોર્મ કરવાનું સપનું સાકાર થયું. બાકી સપના 'અપલોડ' તો તરત થઈ જાય, પણ 'ડાઉનલોડ' કરવામાં ઘણાની જિંદગી નીકળી જતી હોય છે.

મોમ્બાસાનો શો પણ જબરજસ્ત રિસ્પોન્સ સાથે પૂરો થયો. અમુક સાથે 'જેલિંગ' થતું નહોતું. અમે અમારી રીતે આનંદ માણી લેતાં. કારણ વગર મજામાં રહેતાં આવડી જાય તો દુનિયામાં તમારાથી વધુ નસીબદાર કોઈ ન હોઈ શકે. અમે ત્રણેય અમને નસીબદાર માનતા હતાં.

મોમ્બાસાનો શો પતાવી ફરી નૈરોબી આવ્યા. ગ્રૂપમાં શિસ્ત હતી કે છૂપો ડર એ નક્કી નહોતું થતું. બાકી નિયમ અને શિસ્ત એવાં બે અનાથ દીકરા છે કે જેમને જન્મ આપવાવાળા ઘણાં, પણ પાલન કરવાવાળું કોઈ નથી. ખેર, આનંદની વાત એ હતી કે મસાઈમારાની વાત નીકળી. જવાનું નક્કી કરવાની ચર્ચા શરૂ થઇ.' ત્યાં નહીં લઈ જાય તો શો નહીં 'કરીએ' એવો ખરાબ વિચાર આવી ગયો ગયેલો, કંટ્રોલ કરી લીધેલો. તમારી ભૂલ તમને જ ન દેખાય એનાથી મોટી ભૂલ કઈ હોઈ શકે?

મસાઈમારાનું નામ પડતાં અમારામાં આનંદની લહેરખી પસાર થઈ ગઈ. અમે કલ્પનાનાં ઘોડા દોડાવવા માંડ્યા. કિનારે પહોંચે એટલે ઉછાળા મારે જ, પછી દરિયો હોય કે માણસ.

...પણ દિલ્હી હજી દૂર હતું. એ પહેલાં એક અઠવાડિયું દારેસલામ (તાન્ઝાનિયા)છ શો હતાં. દારેસલામમાં સ્પોન્સર્સ હોટલમાં 'ઉતારો' નથી આપતાં. ત્યાં હોટલમાં રહો તો પેમેન્ટ ડૉલર્સમાં કરવું પડે. બે-ત્રણ સ્પોન્સર્સ કલાકારો વહેંચી લે, ભાગલાં પડી જાય કલાકારોનાં. ત્યાં એક વાડી પણ હતી, જેમાં અમુક કલાકાર રહી શકે. વહેંચણી સ્વાભાવિક સિદ્ધાર્થે કરી. અમે ત્રણ અને બીજા બે, અમારાં ભાગ્યમાં વાડી આવી. વાડી એટલે હોટલની ડોરમેન્ટરી રૂમ જોઈ લ્યો...પણ સાથે રહેવાનો આનંદ અનેરો હોય છે. અમારે આમ પણ આવું જ જોઈતું હતું. વાડી માટે કોઈ દલીલ નહોતી. જિંદગીમાં બે વાત સમજી લેવી એક તો 'અપેક્ષાઓને આંખમાં રાખવી અને બીજી, મહત્ત્વાકાંક્ષાને માપમાં...' આ 'મંત્ર'ને કારણે અમને ક્યારેય ઓછું નહોતું આવતું.

દારેસલામ જતાં પહેલાં એક વાત કરી લઉં. ડોલર પટેલની સિરિયલ હતી, કેવડાના ડંખ લેખક હતાં પત્રકાર હરીન મહેતા અને દિગ્દર્શક હતો એમનો જ પુત્ર, કાર્તિક મહેતા. નૈરોબીનાં કાર્યક્રમને હિસાબે અમુક શુટિંગ પતાવવું ખૂબ જરૂરી હતું. આ સિરિયલમાં મારી સાથે રસિક દવે પણ હતો. અમે શુટિંગ પૂરું કરવા મંડી પાડેલા. અમારાં સીન્સ સંજય જોગ (રામાયણના ભરત, જે હયાત નથી.) સાથે હતાં. સંજયને અમારી નૈરોબી-ટુરની ખબર હતી. અમને કહે. 'જો તમે દારેસલામ જાવ તો મારાં મિત્રને મળજો. ક્યા'ય પણ અટકો તો હું જે નંબર આપું છું એનાં પર ફોન કરજો. એ મદદ કરશે. એ ત્યાં 'બર્ઝરપેઈન્ટ'માં સારી પોસ્ટ પર છે. એનું નામ છે, અશોક જોગ. મારા ફાધર છે પણ એ કરતાં મિત્ર વધુ છે....' મેં એમનો નંબર ટપકાવી લીધો. સારા કામ કરનારાં અને આંગળી ચિંધનાર બહુ ઓછા હોય છે. સત્કર્મ એ નથી જેનું પરિણામ હંમેશાં સાચું હોય, પરંતુ સત્કર્મ એ છે કે જેનો હેતુ ક્યારેય ખોટો ન હોય. સંજય જોગે કહેવા ખાતર નહીં, ખરાં દિલથી કહેલું જેમાં લેશમાત્ર નીજી સ્વાર્થ નહોતો.

નૈરોબીથી દારેસલામ બાય ફ્લાઈટ જવાનું હોય છે. એ સમયમાં ત્યાં કોઈ ફેસ્ટિવલ ચાલી રહ્યો હતો. થયું કે એનો પણ લાભ લેવા મળશે.

અમે દારેસલામ પહોંચ્યા. ઈમિગ્રેશનમાં કોઈ તકલીફ ન પડી. રાજાણીના મિત્રો લેવાં આવી ગયા હતા. મોટેભાગે બધા લોહાણા જ્ઞાતિના હતા. જે વાડીમાં અમારો ઉતારો હતો એ પણ લોહાણા વાડી હતી. નૈરોબીમાં પણ પગ મૂકતા લોહાણા વાડીમાંથી સિદ્ધાર્થ અજી હાઉસ લઈ ગયેલ પણ અહીંયા...

અહીં કલાકારો વહેંચાય ગયા. કોઈ મનદુઃખ વગર. ત્યાંની વ્યવસ્થા દરેક આવતાં નાટ્યગ્રુપો માટે આ જ રહેતી એ એમની પાસેથી જાણ્યું. અમે જે વાડીમાં રોકાયા ત્યાં અમારી દેખરેખ માટે રમણીકભાઈની નિમણૂક કરેલી. (જે હવે હયાત નથી). આખું દારેસલામ એમને 'હે રામ' કહીને બોલાવે. અમારી સાથે એ તરત ભળી ગયાં. અમે ત્રણેય સાથે નાના 'સુવેનિયર' લઈને નીકળેલા કે ગમતી વ્યક્તિને આપીશું. 'હે રામ' અમને ગમી ગયા અને સુવેનિયર આપતાં એ ખુશ થઈ ગયાં. અમે એમને આ 'હે રામ' કહેવા પાછળનું કારણ પૂછ્યું. જવાબ એમનાં બદલે એમની સાથે કોઈ ભાઈ હતા એમણે આપ્યો. કે 'આ રમણીકભાઈ દારેસલામમાં કોઈનું મૃત્યુ થાય ત્યારે બધી વ્યવસ્થા કરવા, કદાચ મૃત્યુ પામેલ વ્યક્તિનાં સગા પહેલાં પહોંચી જાય. પોતાનું કોઈ સ્વજન ગુજરી ગયું હોય એવી નિષ્ઠાથી એ કામમાં જોતરાય જાય...' સુખી -સંપન્ન માણસ છતાં જરા પણ દેખાડો નહીં, પરિવેશ પણ સાવ સાદો. એ જાણતાં હશે કે જો તમે ઊંચાઈ પર પહોંચી ગયા તો ધ્યાન રાખવાનું કે નીચેનાં લોકો નાના હોતાં નથી, માત્ર દેખાય છે. આવા ગમતાં માણસનો અમને સથવારો સાંપડ્યો એ 'રામ'ની કૃપા કે અમને મળ્યા,'હે રામ'. ■

**ડબ્બલ રિચાર્જ**

*એક માણસ વાત કરતો હતો, મારી આખી જિંદગી બીક લાગવામાં જ પસાર થઈ. પહેલાં મા-બાપની, પછી શિક્ષકોની, પછી બોસની, પછી ઘડપણની અને પછી મૃત્યુની...' કોઈ બોલ્યું : પત્નીનો ઉલ્લેખ જ ન કર્યો તમે.*

વાઈલ્ડ એન્ગલ

લોકમિત્ર ગૌતમ

# ઓપન માઈક કલ્ચરનો નવો ટ્રેન્ડ એટલે પોમેડી...

બેંગ્લુરુ એટલે કે બેંગ્લોર સ્ટેન્ડ અપ કોમેડી માટે જાણીતું શહેર છે. આ શહેરમાંથી ઘણા કલાકાર ઊભરીને આવ્યા છે. અહીં હાલમાં એક નવો ટ્રેન્ડ ચાલુ થયો છે, જે 'પોમેડી' તરીકે ઓળખાય છે.

**આ 'પોમેડી' એટલે શું ?**

પોએટ્રી અને કોમેડીનું મિશ્રણ એટલે પોમેડી...!

આમાં હળવી શેરો - શાયરી સાથે હાસ્ય, વ્યંગ અને કોમેડીનો તડકો હોય છે. બીજા શબ્દોમાં કહીયે તો, પોમેડી એટલે સ્ટેન્ડ અપ કોમેડી અને સ્પોકન વર્લ્ડ એટલે કે, પોએટ્રીનું ફ્યુઝન છે.



રજત સુદ નામની વ્યક્તિ શરૂઆતમાં પોતાના અલગ અંદાજમાં લોકોને કવિતાઓ સંભળાવતો. આ એનો એક શોખ હતો, જે હવે એનો આ વ્યવસાય બની ગયો છે.

રજત સુદ એ એક બહુ મુખી પ્રતિભાશાળી વ્યક્તિ છે. એક કવિ, હોસ્ટ અને ગીતકાર પણ છે.

જોકે ઘણા લોકોનું માનવું છે કે પહેલો કવિ એટલે આદિત્ય કુલશ્રેઠ. સાલ ૨૦૧૮-૧૯ માં બેંગ્લોરના ઓપન માઈક મંચ પર સૌથી પહેલા કોમેડીનો પ્રયોગ એણે કર્યો અને ત્યાર બાદ એણે યુટ્યૂબ પર મુક્યો અને જોત જોતામાં એની સ્ટાઇલ લોકોના દિલમાં વસી ગઈ અને એ મશહૂર થઇ ગયો.

રજત સૂદ અને આદિત્ય કુલશ્રેઠ ઉપરાંત જે પણ બીજા આર્ટિસ્ટ છે તેમાં અનુ મેનન, પ્રિયંકા શર્મા અને ગૌરવ ત્રિપાઠી પણ લોકપ્રિય છે. મહિલા કોમેડી કલાકારોમાં અનુ મેનન અને પ્રિયંકા શર્માનું નામ ઘણું પ્રચલિત છે. આ બન્ને મહિલા સ્ટેન્ડ અપ પણ કરે છે અને સાથ સાથે કવિતા પણ રજૂ કરે છે. અનુ મેનનની બહુ ચર્ચિત કોમેડીમાંથી 'ઓફિસની લવસ્ટોરી' અને 'બેંગ્લુરુ ઓટોરાઇડ્સ' છે. જયારે અંગ્રેજીમાં કવિતા કરનારી પ્રિયંકા શર્માની જે પણ કોમેડી રચના વાયરલ થઈ છે તે છે, 'રૂમમેટ ટેલ્સ' અને 'ડેટિંગ ઈન મેટ્રો'.

કવિ સમ્મેલન અને સ્ટેન્ડઅપ કોમેડિયન એમ બન્ને મંચ પર સક્રિય ગૌરવ ત્રિપાઠીની કોમેડી રચનાઓમાં ,'સૈલરી બનામ ખર્ચે ', અને 'પચપન કે ટીવી' જેમકે કવિ આદિત્યની પ્રસિદ્ધ કોમેડી રચનાઓમાં, 'મેરે દોસ્ત કી શાદી' અને 'માં કા ફોન' સૌથી વધારે હિટ છે.



રજત સુદ

આજે આ બધા જ કલાકારો યુટ્યુબ અને ઈન્સ્ટા પર એકટિવ છે અને દિલ્હી, બેંગ્લુરુ અને મુંબઈના ઓપન માઈક પ્લેટફોર્મથી જોડાયેલા છે. બેંગ્લુરુ આ સાહિત્યના નવા ફ્યુઝનનું સૌથી મનપસંદ શહેર છે.

આને જ કારણે અંગ્રેજી અને હિન્દી એમ મિક્સ પોએટ્રીનું ખૂબ જ ચલણ છે. આ ઉપરાંત બેંગ્લુરુ કોફી હાઉઝ અને પબ કલચરમાં પણ એટલું જ આગળ પડતું છે. અહીંના સ્ટાર્ટઅપ કલચરમાં મેહનત કરવાવાળા યુવાનો હળવી કવિતાઓ કરી પોતાનું હેન્ગઆઉટ કરવાનું પસંદ કરે છે ત્યાર બાદ આનો જ વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થાય છે.

કપિલ શર્માના કોમેડી નાઈટ અને ઓપન નાઈટમાં જે કલાકારે ધૂમ મચાવી છે એ રજત સૂદ છે. આનો એક અલગ જ સ્ટેન્ડઅપ કોમેડી શો 'ઈન્ડિયાઝ ફર્સ્ટ એવર કોમેડી સ્પેશિયલ'ના નામથી પ્રચલિત થયો હતો. આ શોનું નામ 'રફ કોપી' હતું. રજત સુદની ઘણી લોકપ્રિય કોમેડી વર્કસ અને વીડિયો છે, 'આઈ લવ ગર્લ્સ', 'બંદા ઇશ્ક મેં હે ', 'ધ બ્રેક ફેજ - લવ સ્ટોરી ઓફ એ કોમન મેન', 'થીંકિંગ અબાઉટ એક્ટ', 'અગર હમ ઇશ્ક ન કરતે', અને 'સ્કેમ ઓફ બ્યુટીફૂલ પીપુલ.'

વાસ્તવમાં આ બધા જ ચર્ચિત વીડિયો અને કાર્યક્રમને લાખો વ્યૂઝ મળે છે. એમના મોટા ભાગના પ્રોગ્રામ હંમેશાં સફળ રહે છે, કારણ કે રજત સુદ પોતાના આગવા અંદાજમાં હાસ્ય કવિતાઓ કહી દર્શકોનું મનોરંજન કરે છે.

બધા જ કલાકારો વચ્ચે રજત સુદ સૌથી વધારે પ્રચલિત છે તેના મુખ્ય બે કારણ છે. એક તો કવિતામાં તીક્ષ્ણતા અને યોગ્ય ટાઈમિંગ ...

હકીકતમાં, ભવિષ્યમાં કવિતા વત્તા કોમેડીની અભિવ્યક્તિ કઈ ઊંચાઈએ પહોંચશે તે જોવાનું બાકી છે, પરંતુ અત્યાર સુધી જે પણ કોમેડી કૃતિઓ જોવા મળી છે. જો અત્યાર સુધીની કોમેડી રચનાઓ જોઈએ તો તેમાં વધારે પડતી પ્રેમની હળવી કવિતાઓ છે કે જે કોમેડીના હાસ્ય પંચ દ્વારા જ લોકો સુધી પહોંચે છે અને એટલે જ સૌથી વધારે યુવા વર્ગમાં પ્રચલિત છે.

આવી જ રીતે અત્યાર તો આપણે ત્યાં હાસ્ય અને વ્યંગને ઓપન માઈકમાં નવો ટ્રેન્ડ આપ્યો છે. ■

# ભારત-યુએઈનો વેપાર ૧૦૦ અબજ ડૉલર પહોંચાડવાનું લક્ષ્ય

અબુ ધાબી : વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે ગુરુવારે જણાવ્યું હતું કે ભારત અને સંયુક્ત આરબ અમિરાત (યુએઈ)એ આગામી ૩-૪ વર્ષમાં નોન-ઓઈલ અને બિન કિંમતી ધાતુઓમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરીને ૧૦૦ અબજ ડોલર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. હાલમાં નોન ઓઈલ અને બિન કિંમતી ધાતુઓમાં દ્વિપક્ષીય વેપાર લગભગ ૫૦-પંચાવન અબજ ડોલર છે.

મંત્રીએ એમ પણ કહ્યું હતું કે બંને પક્ષોએ યુએઈની રોકાણ ક્ષમતા અને ભારતની પ્રતિભાનો ઉપયોગ કરીને આફ્રિકા અને જીસીસી (ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ) જેવા પ્રદેશોમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા વિવિધ ક્ષેત્રોમાં રોકાણ કરવા માટે પદ્ધતિઓ પર કામ કરવાનો નિર્ણય લીધો છે.

અહીં રોકાણ પર ભારત-યુએઈ ઉચ્ચ-સ્તરીય સંયુક્ત ટાસ્ક ફોર્સ ઓન ઇન્વેસ્ટમેન્ટ્સની ૧૩મી બેઠક દરમિયાન ચર્ચા કરવામાં આવી હતી. તેની સહ-અધ્યક્ષતા ગોયલ અને અબુ ધાબી ઇન્વેસ્ટમેન્ટ ઓથોરિટીના એમડી શેખ હમીદ બિન ઝાયેદ અલ નાહ્યાન દ્વારા કરવામાં આવી હતી.

ગોયલે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે અમે આગામી ૩-૪ વર્ષમાં નોન ઓઈલ અને બિન કિંમતી ધાતુઓમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરીને ૧૦૦ અબજ ડોલર કરવાનો નવો લક્ષ્યાંક નક્કી કર્યો છે. તેમણે કહ્યું હતું કે બંને પક્ષોએ પરસ્પર વિકાસને વેગ આપવા માટે ખાસ કરીને દરિયાઈ, સંરક્ષણ, એરોસ્પેસ અને અવકાશ ક્ષેત્રોમાં રોકાણ અને સહયોગ માટે નવી સીમાઓ પણ શોધી કાઢી છે. તેમણે ઉમેર્યું હતું કે સ્થાનિક ચલણોમાં વેપાર પણ વધી રહ્યો છે. સ્થાનિક ચલણોમાં ખર્ચ ઘટાડે છે અને કામગીરીમાં સરળતાને પ્રોત્સાહન આપે છે. ગોયલ અહીં ૭૦ સભ્યોના વ્યાપારી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. ■

# ભારત ડ્રગ્સનું ઉત્પાદન અને હેરફેર કરતા રાષ્ટ્રોમાંનું એકઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત, પાકિસ્તાન, ચીન અને અફઘાનિસ્તાનનો ડ્રગ્સનું મોટા પાયે ગેરકાયદે ઉત્પાદન અને હેરફેર કરતા અગ્રણી ૨૩ દેશની યાદીમાં સમાવેશ કર્યો છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે આ ૨૩ દેશ અમેરિકા અને તેના નાગરિકોની સલામતી જોખમમાં મૂકી રહ્યા છે.

ટ્રમ્પે કૉંગ્રેસમાં સુપરત કરેલા 'પ્રેસિડન્શિયલ ડિટરમિનેશન'માં જણાવ્યું હતું કે મેં ડ્રગ્સનું ગેરકાયદે ઉત્પાદન અને હેરફેર કરતા અગ્રણી ૨૩ દેશની યાદી તૈયાર કરી છે.

ટ્રમ્પના મત મુજબ ડ્રગ્સનું મોટા પાયે ગેરકાયદે ઉત્પાદન અને હેરફર કરતા રાષ્ટ્રોમાં ભારત ઉપરાંત બહામાસ, બેલિઝ, બોલિવિયા, બર્મા, ચીન, કોલમ્બિયા, કોસ્ટા રિકા, ડોમિનિક પ્રજાસત્તાક, ઇક્વાડોર, અલ સાલ્વાડોર, ગ્વાટેમાલા, હૈતી, હોન્ડારુસ, જમૈકા, લાઓસ, મેક્સિકો, નિકારાગુઆ, પાકિસ્તાન, પનામા, પેરુ અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે. ટ્રમ્પે આ દેશોના નામની યાદી કૉંગ્રેસને સુપરત કરી હતી અને આ દેશોને અમેરિકામાં ડ્રગ્સ અને જોખમી રસાયણો ઘુસાડવા માટે જવાબદાર ગણાવ્યા હતા.

આમ છતાં, અમેરિકાના વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે ડ્રગ્સનું ઉત્પાદન અને ગેરકાયદે હેરફેર કરતા રાષ્ટ્રોની યાદીમાં જે દેશના નામ છે, તેઓની સરકાર આ દૂષણને નાથવા અમેરિકાને સહકાર નથી આપતી એવું અમે કહેવા નથી માગતા. (એજન્સી)■




૭૫મા જન્મદિન નિમિત્તે દુબઈસ્થિત વિશ્વની સૌથી ઊંચી ઈમારત બુર્જ ખલિફા પર બુધવારે હૅપ્પી બર્થ ડે, ૭૫ વર્ષ, સેવાનો નિર્ધાર અને ઈન્ડિયા ફર્સ્ટ જેવા સંદેશા સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિવિધ તસવીરો ડિસ્પ્લે કરવામાં આવી હતી. (એજન્સી)

# ઍન્જિનમાં ખામી સર્જાઈઃ ઍર ઈન્ડિયાના વિમાનનું તાકીદે લૅન્ડિંગ

નવી દિલ્હીઃ ૧૦૩ પ્રવાસીઓને વિશાખાપટનમથી હૈદરાબાદ લઈને જઈ રહેલી ઍર ઈન્ડિયાની એક્સપ્રેસ ફ્લાઈટ (આઈએક્સ ૨૬૫૮)એ ગુરુવારે વિઝાગ ઍરપોર્ટ પર તાકીદે ઉતરાણ કર્યું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

પક્ષી અથડાવાને કારણે વિમાનના ઍન્જિનમાં ખામી સર્જાઈ હોવાની પાઈલટને શંકા થયા બાદ વિમાનને તાકીદે ઉતરાણ કરવાની ફરજ પડી હતી.

વિશાખાપટ્ટનમ ઍરપોર્ટના ડિરેક્ટર એસ. રાજા રેડ્ડીએ આ અહેવાલને સમર્થન આપ્યું હતું.

વિમાને વિઝાગ ઍરપોર્ટ પરથી ગુરુવારે બપોરે ૨:૩૮ વાગે ઉડાન ભરી હતી.

વિમાનના એન્જિનમાં ખામી સર્જાઈ હોવાનું જણાઈ આવતાં ઉડ્ડયનની ૨૦ જ મિનિટ બાદ વિમાને તાકીદે ઉતરાણ કર્યું હતું. વિમાને ઉડ્ડયન ભર્યાના થોડા જ સમયમાં પાઈલટે એન્જિનમાં ખામી સર્જાઈ હોવાની જાણ કરી હતી અને વિમાનના તાકીદે ઉતરાણની માગણી કરી હતી. સમસ્યાગ્રસ્ત વિમાન થોડી જ વારમાં વિઝાગ ઍરપોર્ટ પર પાછું ફર્યું હતું.

વિમાને સલામત રીતે ઉતરાણ કર્યું હતું અને પ્રવાસીઓને સુરક્ષિત રીતે વિમાનમાંથી બહાર કાઢી લેવામાં આવ્યા હતા. પાઈલટે તાકીદે ઉતરાણ કરવાની માગણી કરી તે અગાઉ વિમાને માત્ર ૧૦ નોટિકલ માઈલ જેટલો જ પ્રવાસ કર્યો હતો. ઍરલાઈન્સ દ્વારા પ્રવાસીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી. (એજન્સી) ■

# ચાર્લી કર્કની હત્યાને પગલે એન્ટિફાને ત્રાસવાદી સંગઠન જાહેર કર્યું અમેરિકાએ

વૉશિંગ્ટનઃ ચાર્લી કર્કની થોડા દિવસ અગાઉ ગોળી મારીને હત્યા કરી દેવામાં આવતા અમેરિકામાં સુરક્ષાને લઈ ઘણા પ્રશ્નો ઊભા થયા હતા. અમેરિકાના પ્રમુખ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે એન્ટિફાને મુખ્ય આતંકવાદી સંગઠન જાહેર કર્યું.

ટ્રમ્પે તેમના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશ્યલ પર એક પોસ્ટમાં એન્ટિફાને જોખમી ગણાવીને આકરા પ્રહારો કર્યા હતા. આ ઉપરાંત પોસ્ટમાં તેણે મુખ્ય આતંકવાદી સંગઠન જાહેર કર્યું હતુ. તેણે આગળ કહ્યું કે એન્ટિફાને પૈસા આપનારાઓ પર ઉચ્ચ સ્તરીય તપાસ થશે અને આરોપીઓને છોડવામાં નહીં આવવાની પણ તેમણે વાત કરી હતી. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો અગાઉ ચાર્લી કર્કની હત્યા થઈ હતી. જેના જવાબમાં ડોનાલ્ડ ટ્રમ્પે આ કાર્યવાહી કરી છે.

આ અઠવાડિયાની શરૂઆતમાં, વાઇટ હાઉસના ડેપ્યુટી ચીફ ઑફ સ્ટાફ સ્ટીફન મિલરે કહ્યું કે ચાર્લી કર્કે તેમને મોકલેલા છેલ્લા મેસેજમાં એન્ટિફા જૂથો વિરુદ્ધ હિંસા રોકવા માટે કાર્યવાહીની માગ કરી હતી. મિલરે વચન આપ્યું કે ફેડરલ સરકાર એવા જૂથોને નાબૂદ કરવા માટે દરેક સંસાધનનો ઉપયોગ કરશે. આ અગાઉ મે ૨૦૨૦માં પણ ટ્રમ્પે એન્ટિફા આંદોલનને આતંકવાદી જૂથ તરીકે ગણાવવાની વાત કરી હતી, જે આજની જાહેરાતને વધુ મજબૂત બનાવે છે. સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઇન્ટરનેશનલ સ્ટડીઝ એક બિનનફાકારક નીતિ સંશોધન સંસ્થા, એન્ટિફાને ઉગ્રવાદીઓના નેટવર્ક તરીકે વર્ણવે છે જે ફાસીવાદી, જાતિવાદી અથવા અન્ય ઉગ્રવાદીઓનો વિરોધ કરે છે. એન્ટિફા જૂથો પોતાની પ્રવૃત્તિઓ સોશ્યલ મીડિયા, એન્ક્રિપ્ટેડ નેટવર્ક અને સિગ્નલ જેવા મેસેજિંગ એપ્સ દ્વારા આયોજિત કરે છે. આ રીતે તેઓ પોતાની યોજનાઓને ગુપ્ત રાખીને કાર્ય કરે છે, જેનાથી તેમની હરકતો વધુ અસરકારક બને છે. આ જાહેરાતથી અમેરિકામાં રાજનીતિક તણાવ વધશે. ■

# નવા હુમલાની યોજના?ઃ રશિયા અને બેલારુસના એક લાખ સૈનિતકોની ડ્રિલ

મોસ્કો : રશિયા અને બેલારુસના એક લાખ સૈનિકો લશ્કરી કવાયત 'ઝાપડ-૨૦૨૫'માં ભાગ લીધો અને આમાં રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને હાજરી આપી હતી. નાટો દેશની સીમા પાસે થયેલી કવાયતથી પોલૅન્ડ જેવા દેશ સતર્ક છે. પોલૅન્ડમાં તાજેતરમાં રશિયાના ડ્રોન ભૂલથી ઘૂસી ગયા હતા. રશિયાએ દાવો કર્યો હતો કે આ કવાયત તો રક્ષાત્મક છે, પરંતુ નિષ્ણાતોને નવા હુમલાની આશંકા છે. તંગદિલી વધી છે પરંતુ નવા યુદ્ધની હાલમાં સંભાવના નથી. આ કવાયત ૧૨થી ૧૬ સપ્ટેમ્બર સુધી ચાલી અને તે નાટો દેશની સીમાની નજીક યોજાઈ હતી.

પુતિને કહ્યું હતું કે આમાં અમારા એક લાખથી વધારે સૈનિકો સહભાગી થયા હતા. જોકે આ લશ્કરી કવાયતથી નાટો દેશ અને ખાસ કરીને પોલૅન્ડ ચિંતામાં છે.શું આ કોઈ નવા દેશ પર હુમલાની તૈયારી છે? ઝાપડનો અર્થ 'પશ્ચિમ' થાય છે. આનો હેતુ બન્ને દેશોના યુનિયન સ્ટેટનું રક્ષણ કરવાની ક્ષમતાની ચકાસણી છે. ■

# મૈસૂર દશેરા ઉત્સવમાં બાનુ મુશ્તાકને આમંત્રણ સામે અરજી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ગુરુવારે કર્ણાટક સરકાર દ્વારા આ વર્ષે મૈસૂર દશેરાના ઉદ્ઘાટન માટે આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર વિજેતા બાનુ મુશ્તાકને આમંત્રણ આપવાના નિર્ણયને પડકારતી અરજી પર સુનાવણી કરવા પર સંમતિ વ્યક્ત કરી હતી.

દેશના મુખ્ય ન્યાયાધીશ(સીજેઆઇ) બી. આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રનની ખંડપીઠને વિનંતી કરવામાં આવી હતી કે આ ઉત્સવ બાવીસ સપ્ટેમ્બરથી શરૂ થશે અને આ કેસની તાત્કાલિક સુનાવણી કરવાની જરૂર છે. એક વકીલે તાત્કાલિક સુનાવણીની માંગ કરતા જણાવ્યું કે કર્ણાટકના મૈસુર મંદિરમાં ૨૨ સપ્ટેમ્બરના રોજ એક બિન-હિન્દુને અગ્રેશ્વરી પૂજા કરવાની મંજૂરી આપવામાં આવી છે.

કર્ણાટક હાઇકોર્ટે ૧૫ સપ્ટેમ્બરના રોજ મૈસૂર દશેરા ઉત્સવના ઉદઘાટન માટે મુશ્તાકને આમંત્રણ આપવાના રાજ્ય સરકારના નિર્ણયને પડકારતી અરજીઓ ફગાવી દીધી હતી. હાઇકોર્ટના આદેશ સામે એચ. એસ. ગૌરવ દ્વારા સર્વોચ્ચ અદાલતમાં અપીલ દાખલ કરવામાં આવી હતી.

ઉદ્ઘાટનમાં દેવી ચામુંડેશ્વરીના ગર્ભગૃહ સમક્ષ દીવા પ્રગટાવવા અને કુમકુમ, હળદર, ફળો અને ફૂલો અર્પણ કરવાનો સમાવેશ થાય છે. અરજી અનુસાર આ આગમિક પરંપરાઓ દ્વારા સંચાલિત હિન્દુ પૂજા કાર્ય છે અને બિન-હિન્દુ દ્વારા તે કરી શકાતા નથી. ■

## સિટી ન્યૂઝ

# મીનાતાઇ ઠાકરેની પ્રતિમાનું અપમાનઃ એકની ધરપકડ

મુંબઈઃ શિવાજી પાર્ક મેદાનમાં માંસાહેબ મીનાતાઇ ઠાકરેની પ્રતિમા પર લાલ રંગ ફેંકવા પ્રકરણે પોલીસે દાદરથી ૩૫ વર્ષના ઉપેન્દ્ર ગુણાજી પાવસ્કરની ધરપકડ કરી હતી. સીસીટીવી કેમેરાના ફૂટેજ પરથી શખસને ઓળખી કાઢ્યા બાદ કાર્યવાહી કરવામાં આવી હતી.

દાદરના શિવાજી પાર્ક મેદાનના પ્રવેશદ્વાર પર શિવસેનાના વડા બાળાસાહેબ ઠાકરેના પત્ની મીનાતાઇ ઠાકરેની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે અને બુધવારે સવારે પ્રતિમા પર કોઇએ લાલ રંગ ફેંક્યો હોવાનું જાણવા મળ્યું હતું. આ સમાચાર વાયુવેગે ફેલાતાં શિવસૈનિકો રોષે ભરાયા હતા અને તેઓ શિવાજી પાર્ક ખાતે ભેગા થવા લાગ્યા હતા, જેને કારણે તણાવ સર્જાયો હતો. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખી એ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. દરમિયાન શિવાજી પાર્ક પોલીસે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. બીજી તરફ મનસેના અધ્યક્ષ રાજ ઠાકરેએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને આરોપીની ૨૪ કલાકમાં ધરપકડ કરવાની માગણી કરી હતી.

પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને તેને આધારે આરોપીને ઓળખી કાઢ્યો હતો અને મોડી રાતે ઉપેન્દ્ર પાવસ્કરને પકડી પાડ્યો હતો. દાદર વિસ્તારમાં રહેતો પાવસ્કર શિવસૈનિકનો પિતરાઇ હોવાનું કહેવાય છે. ■



**ચાંપતો બંદોબસ્તઃ** શિવાજી પાર્ક ખાતે મીનાતાઈ ઠાકરેની પ્રતિમાને કાળો રંગ લગાવ્યાના વિવાદ બાદ ત્યાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ પ્રકરણે એક જણની ધરપકડ પણ કરાઈ છે. હાલમાં સ્મારક ખાતે રિનોવેશન કાર્ય હાથ ધરાયું છે. (પીટીઆઈ)

# લાડકી બહિણ યોજના ક્યારેય બંધ નહીં થાયઃ ફડણવીસની ખાતરી

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર સરકાર લોકપ્રિય 'લાડકી બહિણ યોજના' બંધ નથી કરવા માગતી, પણ દર વર્ષે એક લાખ રૂપિયા કમાય એવી એક કરોડ 'લખપતિ દીદીઓ' બનાવવા માટે સરકાર પ્રતિબદ્ધ છે. છત્રપતિ સંભાજી નગરમાં રાજ્યવ્યાપી 'મુખ્ય પ્રધાન સમૃદ્ધ પંચાયત રાજ અભિયાન' શરૂ કર્યા પછી તેમણે જણાવ્યું હતું કે સરકાર ગામડાઓમાં મહિલાઓની આગેવાની હેઠળની ક્રેડિટ સોસાયટીઓની સ્થાપના કરી મહિલાઓને રોજગારી પૂરી પાડશે.

આ અભિયાનનો ઉદ્દેશ્ય દરેક ગામને કેન્દ્ર અને રાજ્યની યોજનાઓનો લાભ મળે એની ખાતરી કરવાનો છે એમ જણાવી ફડણવીસે ઉમેર્યું હતું કે જ્યાં સુધી રાજ્યના ગામડાઓમાં પ્રગતિ નહીં થાય ત્યાં સુધી મહારાષ્ટ્ર સમૃદ્ધ નહીં થાય. ગરીબો, મજૂરો અને ગામડાંઓ સમૃદ્ધ નહીં થાય ત્યાં સુધી આ શક્ય નથી.

'લાડકી બહિણ યોજના' બંધ નહીં કરવામાં આવે એવી સ્પષ્ટતા કરી મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે 'મહિલાઓને એક લાખ રૂપિયાની વ્યાજ મુક્ત લોન આપવામાં આવી રહી છે. અમારી બહેનો માત્ર ૧,૫૦૦ રૂપિયાથી નિર્વાહ નહીં ચલાવે, પરંતુ સ્વ રોજગાર નિર્માણ કરી બીજાને નોકરી આપશે. આ અભિયાન હેઠળ દલિત અને આદિવાસીઓ માટેની યોજનાઓ પણ લાગુ કરવામાં આવશે. સરકાર આ અભિયાન દ્વારા સારી કામગીરી કરનારા ગામોને ૨૫૦ કરોડ રૂપિયાનું ઇનામ આપશે.'

મુખ્ય પ્રધાને વધુમાં એમ પણ જણાવ્યું હતું કે 'સરકારે અગાઉ 'ગ્રામ સમૃદ્ધિ અભિયાન' દ્વારા ઘણા મોડેલ ગામ બનાવ્યા હતા. સરકાર હવે ૨૮ હજાર ગ્રામ પંચાયતો અને ૪૦ હજાર ગામને મોડેલ ગામ બનાવવાની યોજના ધરાવે છે.' (પીટીઆઈ)■

માલેગાંવ બ્લાસ્ટ કેસ

# એનઆઈએ, સરકાર અને દોષમુક્ત આરોપીઓને હાઈ કોર્ટની નોટિસ

મુંબઈઃ માલેગાંવના ૨૦૦૮ના બ્લાસ્ટમાં જીવ ગુમાવનારાઓના પરિવારના સભ્યોએ કરેલી અપીલને પગલે બૉમ્બે હાઈ કોર્ટે ગુરુવારે દોષમુક્ત સાત આરોપીને નોટિસ બજાવી હતી.

ચીફ જસ્ટિસ શ્રી ચંદ્રશેખર અને જસ્ટિસ ગૌતમ આંખડની ખંડપીઠે કેસની તપાસ કરનારી નૅશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) અને મહારાષ્ટ્ર સરકારને પણ નોટિસ મોકલી અપીલની સુનાવણી છ સપ્તાહ પર મોકૂફ રાખી હતી.

ધડાકામાં મૃત્યુ પામેલા છ જણના પરિવારના સભ્યોએ આરોપીઓના દોષમુક્તિના ચુકાદા સામે હાઈ કોર્ટમાં અપીલ કરી હતી. આ કેસમાં ભાજપનાં ભૂતપૂર્વ સાંસદ પ્રજ્ઞાસિંહ ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત સહિત સાત આરોપીને દોષમુક્ત કરતા વિશેષ અદાલતના ચુકાદાને અપીલ દ્વારા પડકારવામાં આવ્યો હતો.

ગયા સપ્તાહે કરાયેલી અપીલમાં દાવો કરાયો હતો કે ભૂલભરેલી તપાસ અથવા તપાસમાં અમુક ખામીઓ આરોપીઓના છુટકારા માટે પૂરતું કારણ ન હોઈ શકે. બ્લાસ્ટનું કાવતરું ગુપ્ત રીતે ઘડાયું હતું અને તેથી તેનો સીધો પુરાવો ન હોઈ શકે. (પીટીઆઈ)■

# અંબરનાથમાં નેતાના બોડીગાર્ડની હત્યાઃ ફરાર આરોપી ૧૪ વર્ષ બાદ સુરતથી ઝડપાયો

થાણેઃ થાણે જિલ્લાના અંબરનાથમાં નેતાના બોડીગાર્ડની હત્યાના કેસમાં ફરાર આરોપીને ૧૪ વર્ષ બાદ સુરતથી પકડી પાડવામાં પોલીસને સફળતા મળી હતી.

આ કેસ અંબરનાથમાં ૨૪ નવેમ્બર, ૨૦૧૧ના રોજ શિવસેનાની ઓફિસમાં થયેલા ગોળીબારની ઘટના સાથે સંબંધિત છે. આ હુમલામાં સ્થાનિક નેતાના બોડીગાર્ડ શ્યામસુંદર યાદવનું મૃત્યુ થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

આ ઘટના બાદ શિવાજીનગર પોલીસ સ્ટેશનમાં હત્યા, ગુનાહિત કાવતરું તથા પુરાવા નષ્ટ કરવા સહિત અન્ય આરોપ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

દરમિયાન આ કેસમાં કેટલાક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે એક આરોપી પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર થયો હતો, તો આરોપી રામશિરોમણી શુકલા (૫૧) ફરાર થવામાં સફળ રહ્યો હતો, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

આરોપી શુકલા ધરપકડથી બચવા માટે સતત પોતાનાં ઠેકાણાં બદલતો રહેતો હતો. જોકે પોલીસે ટેક્નિકલ એનાલિસિસ, મોબાઇલ સર્વેલન્સ અને મળેલી માહિતીને આધારે તાજેતરમાં શુકલાને સુરતમાં ટ્રેસ કર્યો હતો.

પોલીસ ટીમ આરોપીને પકડવા માટે સુરત રવાના થઇ હતી અને ત્યાં છટકું ગોઠવીને આરોપીને ઝડપી પાડ્યો હતો. (પીટીઆઇ)■

# પુણેમાં ફાયરિંગમાં યુવક ઘાયલઃ છ શકમંદને ઓળખી કઢાયા

પુણેઃ પુણેમાં વિવાદ થયા બાદ મોટરસાઇકલ પર સવાર અમુક શખસોએ ૩૬ વર્ષના યુવક પર ગોળીબાર કર્યો હતો.

પુણેના કોથરુડ વિસ્તારમાં શિંદે ચાલ નજીક બુધવારે રાતે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી.

પ્રકાશ ધુમાળ નામનો યુવક બુધવારે રાતે શિંદે ચાલ નજીક પોતાના મિત્ર સાથે વાત કરી રહ્યો હતો ત્યારે છ શખસ મોટરસાઇકલ પર આવ્યા હતા અને તેમમે પ્રકાશને ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું, જેને પગલે તેમની વચ્ચે વિવાદ થયો હતો.

વિવાદ ઉગ્ર બનતાં એક આરોપીએ પ્રકાશ પર ગોળીબાર કર્યો હતો, જેમાં ગોળી તેની જાંઘ પર વાગી હતી. ગોળીબાર બાદ શકમંદો ત્યાંથી ફરાર થઇ ગયા હતા.

દરમિયાન પ્રકાશને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે, એમ કોથરુડ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

છ શકમંદને ઓળખી કાઢવામાં આવ્યા હોઇ આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પ્રકાશ પર કોઇ ગુનો દાખલ નથી અને આ ઘટના કોઇ દુશ્મનાવટનું પરિણામ નહોતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# ૭૫ વર્ષથી વધુ ઉંમરના નેતાઓનું મૂલ્યાંકન કરવાનો 'કોઈ નૈતિક અધિકાર નથી': શરદ પવાર

મુંબઈઃ એનસીપી (એસપી)ના વડા શરદ પવારે ગુરુવારે કહ્યું કે તેઓ પોતે ૮૫ વર્ષની ઉંમરે પણ કામ કરી રહ્યા છે અને તેથી રાજકીય નેતાઓએ ૭૫ વર્ષની ઉંમર પછી નિવૃત્ત થવું જોઈએ કે નહીં તે અંગેની ચર્ચામાં ભાગ લેવાનો તેમને 'કોઈ નૈતિક અધિકાર' નથી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ (જાહેર જીવનમાં કામ કરવાનું) બંધ કરી દેવું જોઈએ, કારણ કે તેઓ ૭૫ વર્ષના થઈ ગયા છે, જેવી રીતે લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીને નિવૃત્ત કરી દેવામાં આવ્યા હતા એવો સવાલ જ્યારે પવારને પત્રકારોએ પૂછ્યો ત્યારે તેમણે કહ્યું હતું કે 'ભાજપમાં હવે લોકો કહે છે કે તેમણે ક્યારેય એવું કહ્યું નથી કે ૭૫ વર્ષની ઉંમર પછીના નેતાઓએ પડદા પાછળ રહેવું જોઈએ.'

'હું ક્યાં અટકી ગયો છું? હું ૮૫ વર્ષનો છું અને તેથી આ મુદ્દે ટિપ્પણી કરવાનો મને કોઈ નૈતિક અધિકાર નથી,' એમ એનસીપી (એસપી)ના વડાએ વધુમાં કહ્યું હતું.

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાને એમ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારે ભારે વરસાદને કારણે પાકને થયેલા ભારે નુકસાનનો સામનો કરી રહેલા ખેડૂતોની મુશ્કેલીઓ ઘટાડવા માટે વધુ સમય આપવો જોઈએ.

## જો રાજ અને ઉદ્ધવ ઠાકરે સાથે આવે તો ફાયદો જ છે

મુંબઈઃ એનસીપી (એસપી)ના વડા અને રાજ્યના રાજકારણના અઠંગ ખેલાડી તરીકે સ્થાન ધરાવતા પીઢ નેતા શરદ પવારે ગુરુવારે કોલ્હાપુરમાં રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેના એક થવાના સવાલ પર જણાવ્યું હતું કે બંને ભાઈઓ સાથે આવશે તો એમવીએ (મહાવિકાસ આઘાડી)ને ફાયદો જ થશે. છેલ્લા કેટલાક દિવસોથી એવી ચર્ચા ચાલી રહી છે કે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે ભેગા મળીને ચૂંટણી લડશે.

શરદ પવારે કહ્યું હતું કે, જો રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે સાથે આવે તો અમને ખુશી છે. આની મહાવિકાસ આઘાડી પર કોઈ અવળી અસર નહીં પડે. મુંબઈમાં બંનેની તાકાત છે, જેનો અમને ફાયદો થશે. આગામી પાલિકા ચૂંટણીમાં મનસે અને યુબીટી જૂથ સાથે લડશે તેવી પ્રબળ શક્યતા છે. બંને ભાઈઓ સાથે આવશે અને પોતપોતાના પક્ષોની તાકાત બતાવશે. આને કારણે, હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આપણને એક અલગ સમીકરણ જોવા મળશે. ■

# કે. જી.ના વિદ્યાર્થીઓ પણ ન કરે એવું વર્તન પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનું હતુંઃ મુરલી કાર્તિક

▶ ભૂતપૂર્વ ભારતીય સ્પિનરે પીસીબીના મોવડીઓને રિસાઈ જતા બાળક સાથે સરખાવ્યા

નવી દિલ્હીઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ભારતીય ટીમ સાથેના ગયા રવિવારના ‘ હૅન્ડશેક વિવાદ’ બાબતમાં મૅચ-રેફરી ઍન્ડી પાયક્રૉફ્ટના અભિગમથી રિસાઈને પહેલાં તો એશિયા કપનો બહિષ્કાર કરવાની ધમકી આપી, પાયક્રૉફ્ટને મૅચ-રેફરીના પદ પરથી હટાવવાની માગણી કરી અને છેવટે બુધવારે યુએઇ સામેની મૅચ પહેલાં પોતાના ખેલાડીઓને સ્ટેડિયમમાં જવાનું કહેવાને બદલે હોટેલમાં જ અટકાવી રાખ્યા એ બદલ દુનિયાભરમાં પાકિસ્તાન, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) અને પાકિસ્તાનના ક્રિકેટરોની નાલેશી થઈ છે અને એ માહોલમાં ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર મુરલી કાર્તિક પણ તેમની ખૂબ ટીકા કરી છે અને પાકિસ્તાનીઓને કે. જી.ના વિદ્યાર્થીઓથી પણ માસૂમ ગણાવ્યા છે.

બુધવારે યુએઇ સામેની પાકિસ્તાનની મૅચ વિલંબમાં મૂકીને લોકોને (પ્રેક્ષકો અને ટીવી-દર્શકોને) બાનમાં રાખવા બદલ ભૂતપૂર્વ સ્પિનર મુરલી કાર્તિક પીસીબીની ઝાટકણી કાઢી હતી. આ મૅચ એક કલાક મોડી શરૂ થઈ હતી.

આઇસીસીએ એશિયા કપમાં પાકિસ્તાનની મૅચોમાંથી મૅચ-રેફરીના હોદ્દેથી ઍન્ડી પાયક્રૉફ્ટને કાઢી મૂકવાની પીસીબીની વારંવારની માગણીને ફગાવી દીધી હતી અને મૅચ મોડી શરૂ કરાવતાં પહેલાં પાયક્રૉફ્ટે માફી માગી હોવાનો દાવો પીસીબીએ કર્યો હતો. મુરલી કાર્તિક કહ્યું છે કે ‘ પીસીબીએ એશિયા કપમાંથી પોતાની ટીમને પાછી ખેંચી લેવાની ધમકી આપી હતી તો પછી એવું કરવું જ હતુંને. માત્ર ધમકી આપવાનો શું મતલબ. તેમને તો બસ નાટક કરવા હતા. પીસીબીના મોવડીઓનું વર્તન છોકરમત હતું. તેમને વિચાર આવ્યો હશે કે જો એશિયા કપનો બહિષ્કાર કરવામાં આવશે તો આ ટૂર્નામેન્ટની આવકમાંના ૧૪૨ કરોડ રૂપિયા જેટલા હિસ્સાનું નુકસાન ભોગવવું પડશે. આજના જમાનામાં કિન્ડરગાર્ટન (કે. જી.)ના વિદ્યાર્થીઓ પણ ન કરે એવું વર્તન પીસીબીએ કર્યું. જેમ બાળકને જોઈતી ચીજ ન મળે તો કંઈ પણ ફેંકવા માંડે, પોતાની રૂમ બંધ કરી દે અને મમ્મી ખાવા બોલાવે તો ફટ દઈને ના પાડી દે અને થોડી વાર પછી ભૂખ લાગતાં પેટમાં ઉંદરડા દોડવા માંડે એટલે પ્લીઝ કહીને ખાવાનું માગે એવું બાળક જેવું વર્તન પીસીબીએ કર્યું.’ ■


પીસીબીના ચીફ નકવી (વચ્ચે), રમીઝ (જમણે) તથા નજમ સેઠી.

## પાયક્રૉફ્ટે ચાર મિનિટ પહેલાં કોના સંદેશથી પાકિસ્તાનને સૂચના આપી?

રવિવારે દુબઈમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની મૅચ માટેના રેફરી ઍન્ડી પાયક્રૉફ્ટ મેદાન પર ઊતર્યા એની માત્ર ચાર મિનિટ પહેલાં એશિયન કાઉન્સિલના વેન્યૂ મૅનેજરે તેમને સંદેશો આપ્યો હતો કે બીસીસીઆઇએ તેમને ભારત સરકારની મંજૂરી પછી કહેવડાવ્યું છે કે ટૉસ વખતે બન્ને ટીમના કૅપ્ટન સૂર્યકુમાર યાદવ અને સલમાન આગા વચ્ચે હાથ મિલાવવા જેવું કંઈ જ થવું ન જોઈએ. પાકિસ્તાનની દલીલ એ છે કે પાયક્રૉફ્ટે આ વિનંતી વિશે અગાઉથી જ આઇસીસીને વાકેફ કરવી જોઈતી હતી. જોકે પાયક્રૉફ્ટનું કહેવું છે કે ચાર મિનિટમાં આઇસીસીનો સંપર્ક કરવાનો તેમની પાસે સમય જ નહોતો એટલે કહેવાય છે કે તેમણે સલમાન આગાને હકીકત જણાવી દીધી હતી કે જેથી આગા હાથ મિલાવવા આગળ વધે અને સૂર્યકુમાર ના પાડે તો તેણે શરમમાં મુકાઈ જવું પડે. એ જોતાં, પાયક્રૉફ્ટે આગાને શરમથી બચાવ્યો હતો.

# ૨૦૨૧માં નીરજ ચોપડાનો ટોક્યોમાં ઐતિહાસિક મેડલ અને ૨૦૨૫માં ટોક્યોમાં જ પતન

▶ ભાલાફેંકની વિશ્વ સ્પર્ધામાં છેક આઠમા સ્થાનેઃ ટ્રિનિદાદનો વૉલ્કોટ વર્લ્ડ ચૅમ્પિયન, ભારતનો સચિન યાદવ ચોથા નંબરે બ્રૉન્ઝ ચૂક્યો

ટોક્યોઃ જાપાનના પાટનગર ટોક્યોમાં વરસાદના વિઘ્ન વચ્ચે ગુરુવારે યોજાયેલી ભાલાફેંકની વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં ભારતનો ડિફેન્ડિંગ ચૅમ્પિયન નીરજ ચોપડા તેમ જ સચિન યાદવ એક પણ મેડલ નહોતા જીતી શક્યા તેમ જ પાકિસ્તાનનો પૅરિસ ઑલિમ્પિક ચૅમ્પિયન અર્શદ નદીમ પણ વહેલો સ્પર્ધાની બહાર ફેંકાઈ ગયો હતો, જ્યારે ટ્રિનિદાદ ઍન્ડ ટૉબેગોનો કેશૉર્ન વૉલ્કોટ પ્રથમ ક્રમે રહીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. ૨૦૧૨નો આ કૅરિબિયન ઑલિમ્પિક ચૅમ્પિયન પહેલી જ વાર વર્લ્ડ ચૅમ્પિયન બન્યો છે. ગ્રેનાડાનો ઍન્ડરસન પીટર્સ સિલ્વર મેડલ અને અમેરિકાનો કર્ટિસ થૉમ્પસન બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો.

નીરજ ચોપડા ઑગસ્ટ ૨૦૨૧માં (ચાર વર્ષ પહેલાં) ટોક્યોમાં ૮૭.૫૮ મીટરના થ્રો સાથે પહેલી વાર ઑલિમ્પિક્સનો ગોલ્ડ મેડલ જીત્યો હતો. એ સાથે તેણે ભાલાફેંકની કરીઅરમાં અપ્રતિમ સફર શરૂ કરી હતી, પરંતુ ગુરુવારે તેણે જાપાનના એ જ શહેરમાં વિશ્વ વિજેતાપદ ગુમાવી દીધું હતું. એટલું જ નહીં, તે અત્યંત ખરાબ પર્ફોર્મન્સને લીધે છેક આઠમા નંબરે રહી ગયો હતો. વિશ્વના શ્રેષ્ઠ સ્પર્ધકોમાંથી એક પણ સ્પર્ધક ૯૦.૦૦ મીટરના જાદુઈ આંકડા સુધી નહોતો પહોંચી શક્યો.

સચિન યાદવનો પર્ફોર્મન્સ આખી સ્પર્ધામાં (પાંચેય પ્રયાસમાં) નીરજથી ચડિયાતો હતો. નીરજનો સારામાં સારો ૮૪.૦૩ મીટરનો પર્ફોર્મન્સ હતો. જોકે આ ડિફેન્ડિંગ ચૅમ્પિયન કરતાં યાદવ સહિત બીજા ઘણા સ્પર્ધકોનો દેખાવ સારો હતો. યાદવનો બેસ્ટ પર્ફોર્મન્સ નીરજથી ક્યાંય ચડિયાતો હતો. યાદવનો સર્વશ્રેષ્ઠ દેખાવ ૮૬.૨૭ મીટર હતો.

નીરજ ૮૪.૦૩ મીટરના પર્ફોર્મન્સને લીધે છેક આઠમા સ્થાને રહ્યો હતો. તે પાંચ પ્રયાસમાં ૮૫.૦૦ મીટર સુધી પણ નહોતો પહોંચી શક્યો. તેની શાનદાર કારકિર્દીમાં આ દેખાવ સૌથી ખરાબ કહી શકાય.


(ડાબેથી જમણે) ભારતનો નીરજ ચોપડા, પાકિસ્તાનનો અર્શદ નદીમ અને ભારતનો સચિન યાદવ

### મેડલ-વિજેતાઓના પર્ફોર્મન્સ

(૧) કેશૉર્ન વૉલ્કોટ (ટ્રિનિદાન ઍન્ડ ટૉબેગો)ઃ ગોલ્ડ મેડલ, ૮૮.૧૬ મીટર

(૨) ઍન્ડરસન પીટર્સ (ગ્રેનાડા)ઃ સિલ્વર મેડલ, ૮૭.૩૮ મીટર

(૩) કર્ટિસ થૉમ્પસન (અમેરિકા)ઃ બ્રૉન્ઝ મેડલ, ૮૬.૬૭ મીટર

નોંધઃ ભારતનો સચિન યાદવ (૮૬.૨૭ મીટર) જરાક માટે બ્રૉન્ઝ મેડલ ચૂકી ગયો હતો.

### સતત ૨૬ વખત મંચ પર આવવાની પરંપરા તૂટી

નીરજ ચોપડા ગુરુવારે હારી જતાં સતત ૨૬ વખત મેડલના મંચ પર (પ્રથમ કે બીજા નંબરે આવ્યા બાદ પહેલી જ વખત) આવવાનો રેકૉર્ડ જાળવી નહોતો શક્યો.

૨૦૨૧માં તે ટોક્યોમાં ઑલિમ્પિક્સનો ગોલ્ડ મેડલ જીત્યો હતો. ત્યારે તે ઑલિમ્પિક્સની ઍથ્લેટિક્સમાં વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય બન્યો હતો. ભારતે આઝાદી મેળવી ત્યાર બાદ ઍથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ મેળવનારો પણ તે પ્રથમ ભારતીય ઍથ્લીટ હતો. જોકે તેણે કરીઅરમાં મોટી સ્પર્ધામાં પહેલી વાર આઠમા નંબરની નિરાશા જોઈ છે.


વર્લ્ડ ચૅમ્પિયન વૉલ્કોટ (વચ્ચે) તેમ જ પીટર્સ અને થૉમ્પસન

### પીઠની ઈજાએ મેડલથી વંચિત રાખ્યો

નીરજ ચોપડાએ ગુરુવારે વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં છેક આઠમા ક્રમે રહ્યા પછી પત્રકારોને કહ્યું, ‘ છેલ્લા બે અઠવાડિયાથી મને પીઠમાં દુખાવો રહ્યો છે અને એની સારવાર પણ ચાલે છે.’ આ સ્પર્ધામાં નીરજ અને પાકિસ્તાનના અર્શદ નદીમ વચ્ચે હરીફાઈ થવાની પણ સંભાવના હતી, પરંતુ પૅરિસ ઑલિમ્પિક્સનો ચૅમ્પિયન નદીમ માત્ર ૮૨.૭૫ મીટરના નબળા પર્ફોર્મન્સને કારણે ચોથા રાઉન્ડમાં જ સ્પર્ધાની બહાર ફેંકાઈ ગયો હતો. ■


## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂ. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૧૦. મહિલાઓ માટે

**પ્રીતી સાબુ દીવાળી ઓફર**
**ઓર્ડર બુક કરાવો અને વિવિધ ઉપયોગી આકર્ષક ભેટ મેળવો. ૦૨૨-૨૩૦૫૪૦૦૦. (૩૦૬)**

### ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ. હોટેલ પેકેજ Tatkal Passport, American Visa Travel Insurance Arrham Holiday 9769977466 / 9892534488 / 9326373672. (બી-૧૬૪૪૩)

### ૧૭. જગ્યા આપવી છે

**માટુંગા ફાઈવ ગાર્ડન**
બે થી પાંચ બેડરૂમના લકઝરીયસ ફલેટો રેડી બંધાતામાં લેવા મળો જવાહર ઠક્કર ૯૮૨૧૩૬૩૧૧૩. (૨૯૬)



(B-16468)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**ચર્નીરોડ**
સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

**MALAD WEST**
**Office available for Rent Area: 1700 sq ft including Mezzanine. Fully furnished with 32 Workstations + 1 MD / 5 Manager's Cabin, Pantry, 2 Toilets, CCTV, 1 Car Park. Call: 9819814477. (B-16499)**

### ૩૩. ધંધાદારી

**“પ્રતાપ પેકર્સ-મુવર્સ”**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**FOR SALE: 70 YEAR OLD Famous Business of Ready to Fry Items (Dry Wafers) at Pardi, Valsad. Contact 9979688353 / 9833744534. (B-16500)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**
બધી સમસ્યાનું ઘર બેઠા ફોન માટે જન્માક્ષર દ્વારા જાણો તમારી સમસ્યા. (હોમવિજિટ) 9765396401. (બી-૧૬૨૯૯)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ “એસ પેસ્ટ કંટ્રોલ” ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૨૮૬-એ)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૪૯૦)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093 / 9594187418. (બી-૧૬૪૯૬)



**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# આજે પહેલી વખત ભારત v/s ઓમાન

દુબઈઃ એશિયા કપમાં આજે (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) લીગ રાઉન્ડનો છેલ્લો મુકાબલો છે જેનું પરિણામ અર્થ વગરનું છે છતાં બે રીતે આ મૅચ રસપ્રદ છે. ભારત સુપર-ફોર રાઉન્ડમાં પહોંચી ગયું છે, જ્યારે ઓમાનની ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ છે. ભારત-ઓમાન પહેલી જ વખત સામસામે આવી રહ્યા છે. બીજું, રવિવારે સુપર-ફોરમાં પાકિસ્તાન સામેના વધુ એક જંગ પહેલાં ભારતીય ખેલાડીઓને ઓમાન સામે રમીને સારી મૅચ-પ્રૅક્ટિસ થઈ જશે. બુમરાહના સ્થાને કદાચ અર્શદીપ અથવા હર્ષિત રાણાને રમાડવામાં આવશે. જતિન્દર સિંહ ઓમાનનો સુકાની છે અને આ ટીમમાં આર્યન બિશ્ત, વિનાયક શુક્લા, જિતેન રામમનંદી તથા સમય શ્રીવાસ્તવ જેવા ભારતીય મૂળના ખેલાડીઓ સામેલ છે. ■

# નબીની ૬, ૬, ૬, ૬, ૬ની આતશબાજી પછી અફઘાનિસ્તાન આઉટ

અબુ ધાબીઃ અહીં એશિયા કપમાં અફઘાનિસ્તાન (૨૦ ઓવરમાં ૮/૧૬૯)ને શ્રીલંકા (૧૮.૪ ઓવરમાં ૪/૧૭૧)એ હરાવી દેતાં ટી-૨૦ વર્લ્ડ કપનું સેમિ ફાઇનલિસ્ટ અફઘાનિસ્તાન સ્પર્ધાની બહાર ફેંકાઈ ગયું હતું અને શ્રીલંકાની સાથે બાંગ્લાદેશ સુપર-ફોર રાઉન્ડમાં પહોંચી ગયું હતું. કુસાલ મેન્ડિસે (૭૪ અણનમ, બાવન બૉલ, ૧૦ ફોર) સૌથી મોટા યોગદાન સાથે શ્રીલંકાને રોમાંચક વિજય અપાવ્યો હતો.

અફઘાનિસ્તાને બૅટિંગ પસંદ કર્યા બાદ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૬૯ રન કર્યા હતા. નબી (૬૦ રન, બાવીસ બૉલ, છ સિક્સર, ત્રણ ફોર) આ ઇનિંગ્સનો સુપરસ્ટાર હતો. તેણે સ્પિનર વેલાલાગેની ૨૦મી ઓવરમાં લાગલગાટ પાંચ સિક્સર ફટકારી હતી. વેલાલાગેની એ કમનસીબ ઓવરના પહેલા પાંચ બૉલમાં એક નો-બૉલ હતો એટલે નો-બૉલના એક રનને બાદ કરતા તેણે (૬, ૬, ૬, ૧ (નો-બૉલ), ૬, ૬) સતત પાંચ બૉલમાં પાંચ છગ્ગા ફટકાર્યા હતા. તે અંતિમ બૉલ પર રનઆઉટ થયો હતો. વેલાલાગેની એ ઓવરમાં કુલ ૩૨ રન બન્યા હતા. થુશારાએ ચાર વિકેટ લીધી હતી. ■

# એક પછડાટ પછી પણ પાકિસ્તાની કૅપ્ટનની શેખી, ભારતને હરાવવાની વાતો કરે છે

▶ યુએઇને હરાવી સુપર-ફોરમાં પહોંચ્યા પછી સલમાન આગાએ બૅટિંગ વિશે ઘેરી ચિંતા વ્યક્ત કરી

દુબઈઃ પાકિસ્તાને રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે દુબઈમાં એશિયા કપના લીગ મુકાબલામાં ભારત સામે સાત વિકેટે કારમો પરાજય જોયો અને ત્યાર પછી ‘હૅન્ડશેક વિવાદ’માં સમગ્ર પાકિસ્તાનની આબરૂ ચીંથરેહાલ થઈ એમ છતાં પાકિસ્તાનના કૅપ્ટન સલમાન આગાને હજી આગામી રવિવારના ભારત સામેના સુપર-ફોર રાઉન્ડના મુકાબલા વિશે શેખી કરવાનું મન થઈ ગયું છે. તેણે યુએઇ સામેના વિજય પછીના ઇનામ વિતરણ સમારોહમાં કહ્યું, ‘અમે કોઈ પણ પડકાર માટે તૈયાર છીએ, કોઈ પણ ટીમને હરાવી શકીએ એમ છીએ.’

પાકિસ્તાનની ટીમ એશિયા કપમાં સૌથી પહેલાં તો ઓમાન જેવી ટચૂકડી ટીમ સામે સાત વિકેટ ગુમાવ્યા બાદ સાધારણ બોલિંગ પર્ફોર્મન્સની મદદથી જીત્યું હતું, પરંતુ ત્યાર બાદ ભારત સામે પાકિસ્તાનનું નાક કપાઈ ગયું હતું. પાકિસ્તાને નવ વિકેટે ફક્ત ૧૨૭ રન બનાવ્યા બાદ ભારતે સાત વિકેટ અને પચીસ બૉલ બાકી રાખીને વિજય હાંસલ કરી લીધો હતો.

કૅપ્ટન સૂર્યકુમાર યાદવે મૅચ પહેલાં ટૉસ વખતે દુશ્મન-દેશ પાકિસ્તાનના સુકાની સલમાન આગા સાથે હાથ નહોતા મિલાવ્યા અને મૅચ પછી ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાની પ્લેયર્સ સાથે હાથ મિલાવવાનું ટાળીને તેમને ફરી શરમમાં મૂકી દીધા હતા.



સુપર-ફોર રાઉન્ડમાં માંડ-માંડ પહોંચનાર પાકિસ્તાનનો સુકાની સલમાન આગા ખામી કબૂલ કરતા અને અતિ ઉત્સાહમાં આવતા કહે છે, ‘અમે છેલ્લા ચાર મહિનાથી જે રીતે રમી રહ્યા છીએ એ જ રીતે રમીશું તો આગામી મૅચોમાં કોઈ પણ મોટા પડકારને પહોંચી વળીશું. અમે કોઈ પણ ટીમને હરાવી શકીએ એમ છીએ. જોકે અમે યુએઇને હરાવી સુપર-ફોરમાં પહોંચી તો ગયા, અમારે મિડલ-ઑર્ડરમાં બૅટિંગ સુધારવાની જરૂર છે. આ જ અમારા માટે મોટી ચિંતા છે અને એમાં સુધારો લાવવો જ પડશે. અમે આ ટૂર્નામેન્ટમાં હજી ૧૫૦ની આસપાસ જ રન કરી શક્યા છીએ. મિડલ-ઑર્ડરની બૅટિંગ સારી થઈ જાય તો અમે કોઈ પણ ટીમ (ભારત) સામે ૧૭૦ જેટલા રન તો કરી જ શકીએ.’

રવિવારે ભારત-પાકિસ્તાન મૅચ ભારતીય સમય મુજબ રાત્રે ૮.૦૦ વાગ્યાથી રમાશે. ■

# યુએઇની ટીમમાં અમે મૂળ ભારતીય અને પાકિસ્તાનીઓ એક પરિવાર જેવાઃ વસીમ

દુબઈઃ બુધવારે અહીં એશિયા કપમાં પોતાની છેલ્લી લીગ મૅચ રમનાર યજમાન યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)ની ટીમના ખેલાડીઓ પર ભારત અને પાકિસ્તાન વચ્ચેના વિવાદની કોઈ જ વિપરીત અસર નથી થઈ અને એનું કારણ એ છે કે યુએઇની ટીમમાં સામેલ ભારત તથા પાકિસ્તાન મૂળના ખેલાડીઓ વચ્ચે બહુ સારી મિત્રતા અને તાલમેલ છે. યુએઇનો સુકાની મુહમ્મદ વસીમ કહે છે, ‘ અમારી યુએઇની ટીમમાં ભારત-પાકિસ્તાન જેવું કંઈ નથી, અમે એક પરિવાર જેવા છીએ.’ યુએઇની ટીમના પાંચ ખેલાડી સિમરનજીત સિંહ, રાહુલ ચોપડા, હર્ષિત કૌશિક, ધ્રુવ પરાશર અને અલીશેન શરાફુ ભારતીય મૂળના છે. આ જ ટીમમાં મુહમ્મદ વસીમ, હૈદર અલી, જુનૈદ સિદ્દિકી, મુહમ્મદ રોહિદ અને આસિફ ખાન મૂળ પાકિસ્તાનના છે. ■

# પાકિસ્તાન ક્રિકેટના ચીફ સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ

કરાચીઃ પાકિસ્તાને બુધવારે વિવાદાસ્પદ વળાંકો વચ્ચે યુએઈ સામેની મૅચ મહા મહેનતે જીતી લીધી ત્યાર બાદ પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર અતિક-ઉઝ-ઝમાને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચીફ મોહસીન નકવી સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ મૂકતા કહ્યું હતું કે એશિયા કપ માટેના ખેલાડીઓને ઊતરતી કક્ષાના કિટ સાથે યુએઈ મોકલવામાં આવ્યા છે. પ્લેયર્સને યુએઈની કાળઝાળ ગરમીમાં ખરાબ ગુણવત્તાના જર્સી પહેરીને રમવામાં ખૂબ મુશ્કેલી પડી રહી છે. કિટ્સ માટે પ્રોફેશનલોને બદલે મિત્રોના ટેન્ડર પાસ કરવામાં આવે ત્યારે આવું જ થાય.’ ■

# ભાવનગરના પ્રકાશ ભટ્ટ ન્યૂ ઝીલૅન્ડ-ઑસ્ટ્રેલિયા શ્રેણીમાં મૅચ-રેફરી



ભાવનગરઃ આઇસીસીએ ભાવનગરના પ્રકાશ ભટ્ટને ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાનારી ટી-૨૦ સિરીઝના મૅચ-રેફરી તરીકે નિયુક્ત કર્યા હોવાનું જાણવા મળ્યું છે. એ સિરીઝ આગામી ઑક્ટોબરના પ્રથમ અઠવાડિયામાં ન્યૂ ઝીલૅન્ડના માઉન્ટ મૉન્ગોનોઈમાં રમાશે. તેઓ અગાઉ મેન્સની ૧૭ ઉપરાંત વિમેન્સની ત્રણ ઇન્ટરનૅશનલ મૅચોમાં મૅચ-રેફરી તરીકેની ફરજ બજાવી ચૂક્યા છે. તેઓ બીસીસીઆઇ અને આઇપીએલના સિનિયર મૅચ-રેફરી છે.

પ્રકાશ ભટ્ટ પંચાવન વર્ષના છે. તેઓ ૧૯૯૫થી ૨૦૦૫ દરમ્યાન સૌરાષ્ટ્ર વતી ૫૧ ફર્સ્ટ-ક્લાસ મૅચ રમ્યા હતા જેમાં તેમણે સાત સેન્ચુરી અને ૧૩ હાફ સેન્ચુરીની મદદથી ૪૦.૦૦ જેટલી બૅટિંગ સરેરાશે કુલ ૩,૧૮૩ રન કર્યા હતા.

પ્રકાશ ભટ્ટ આઇપીએલની ૫૦થી પણ વધુ મૅચમાં રેફરી રહી ચૂક્યા છે. ક્રિકેટ જગતમાં અમ્પાયરમાંથી મૅચ રેફરી તરીકેની બઢતી મેળવી ચૂકેલા નામાંકિતોમાં પ્રકાશ ભટ્ટનું નામ અચૂક લેવાય છે.

બીસીસીઆઇએ સૌથી પહેલાં ૨૦૦૮ની સાલમાં પ્રકાશ ભટ્ટની મૅચ-રેફરી તરીકે નિમણૂક કરી હતી. તેઓ ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની જે ટી-૨૦ સિરીઝના મૅચ-રેફરી તરીકે નિયુક્ત થયા છે એ ૧-૪ ઑક્ટોબર દરમ્યાન રમાશે. ■

# ઘાટકોપર જૉલી જિમખાનાની ટર્ફ બૉક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં જૉલી ચૅમ્પિયન ટીમ વિજેતા


વિજેતા અને ઉપ-વિજેતા ટીમ સાથે ઘાટકોપર જૉલી જિમખાનાના ચૅરમૅન રજનીકાંત શાહ, સેક્રેટરી મુકેશ બદાણી, ખજાનચી બળવંત સંઘરાજકા, ટ્રસ્ટી હરીશ ગાંધી, જોઇન્ટ સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર પ્રશાંત કારિયા, નલિન મહેતા, મૅનેજિંગ કમિટી મેમ્બર અમિત કોટક, ક્રિકેટ-ઇન્ચાર્જ નિશિથ ગોળવાલા, કન્વીનર મથુરાદાસ ભાનુશાલી, જોઇન્ટ કન્વીનર જીતુ ઠક્કર, નિલેશ સરવૈયા તથા અન્યો.

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાનાની ક્રિકેટ સબ-કમિટી તથા મલ્ટિ ટર્ફ સબ-કમિટી દ્વારા ચેરમેન રજનીકાંત શાહ, મૅનેજિંગ ટ્રસ્ટી મનોજ અજમેરા, સેક્રેટરી મુકેશ બદાણી અને પરેશ શાહ તેમ જ સમગ્ર ટ્રસ્ટીગણ અને કારોબારી સમિતિના સભ્યોના પ્રોત્સાહનથી જિમખાનાના સભ્યો માટે આયોજિત ટર્ફ બૉક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જૉલી ચૅમ્પિયન ટીમ વિજેતા બની હતી.

સભ્યોનું રજિસ્ટ્રેશન પ્રથમ ૧૦૦ પુરુષ ખેલાડી તથા ૨૪ મહિલા ખેલાડી પૂરતું મર્યાદિત રાખવામાં આવ્યું હતું અને દરેકનો ચાર ગ્રૂપમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. દરેક ગ્રૂપમાં ત્રણ-ત્રણ ટીમ વચ્ચે લીગ-કમ-નૉકઆઉટ પદ્ધતિથી ટૂર્નામેન્ટ રાખવામાં આવી હતી.

ફાઇનલમાં જૉલી ચૅમ્પિયન ટીમના સુકાની તીરથ શાહે ટૉસ જીતીને પ્રથમ બૅટિંગ લીધી હતી. તેમની ટીમે ૫૩ રન બનાવ્યા હતા જેના જવાબમાં જૉલી લેજન્ડ ટીમ ૩૯ રન જ બનાવી શકી હતી અને જૉલી ચૅમ્પિયન ટીમે વિજેતાપદ મેળવ્યું હતું. આવી ટૂર્નામેન્ટનું વર્ષમાં ત્રણથી ચાર વખત આયોજન કરવાનું નક્કી કરાયું છે.

ટુર્નામેન્ટના અંતે આ પુરસ્કાર અપાયા હતાઃ બેસ્ટ બૅટરઃ કેવલ દામાની (૪૬ રન), બેસ્ટ બોલરઃ વિરલ મેહતા (૭ વિકેટ) અને પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટઃ વંશ પટેલ (૪૫ રન અને ૨ વિકેટ). ■

# રેટકટ પછી ત્રીજા દિવસની આગેકૂચમાં સેન્સેક્સે ૩૨૦ પોઈન્ટની જમ્પ સાથે ૮૩,૦૦૦ની સપાટી ફરી હાંસલ કરી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાની ફેડરલ રિઝર્વે અપેક્ષા અનુસાર રેટકટ જાહેર કર્યો હોવાથી સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત ત્રીજા સત્રમાં આગેકૂચ જોવા મળી હતી. સેન્સેક્સે ૩૨૦ પોઇન્ટની જમ્પ સાથે ૮૩,૦૦૦ની સપાટી ફરી હાંસલ કરી લીધી છે. યુએસ ફેડરલ રિઝર્વે તેના શ્રમ બજારને મજબૂત બનાવવાના પ્રયાસમાં વ્યાજ દરમાં ૦.૨૫ ટકા ઘટાડો જાહેર કર્યો છે. આ ઉપરાંત ફેડરલે ૨૦૨૬માં વધુ બે વખત રેટકટનો સંકેત આપ્યો છે, જોકે, બોકીશ વલણ યથાવત્ત રાખ્યું છે. તાજેતરના જીએસટીના સુધારાઓ અને ભારત-યુએસ વેપાર વાટાઘાટોમાં પ્રગતિથી પણ રોકાણકારોના સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો.

ઇનર્ટલ, સન ફાર્મા, ઇન્ફોસિસ, એચડીએફસી બેન્ક, એચસીએલ ટેકનોલોજી, હિંદુસ્તાન યુનિલીવર, પાવરગ્રીડ, આઇટીસી અને અદાણી પોર્ટ મેજર ગેઇનરમાં સામેલ હતા. જ્યારે ટાટા મોટર્સ, ટ્રેન્ટ, બજાજ ફાઇનાન્સ અને એશિયન પેઇન્ટ્સ સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. એ જ રીતે, નિફ્ટીમાં એચડીએફસી લાઇફ, ઇન્ફોસિસ, ઇટરનલ, સિપ્લા, સન ફાર્મા મુખ્ય વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે કોલ ઇન્ડિયા, બજાજ ફાઇનાન્સ, ટ્રેન્ટ, ટાટા મોટર્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ ઘટ્યા હતા.

સ્ટોક સ્પેસિફિક કામકાજમાં બ્લોક ડીલ દ્વારા ૩.૪ કરોડ શેરમાં હાથબદલો થતાં કોહાન્સ લાઇફના શેરમાં છ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. કંપનીએ સ્થાનિક એરપોર્ટ લાઉન્જ સેવાઓ બંધ કર્યા પછી ડ્રીમફોક્સના શેરમાં પાચ ટકાનો કડાકો બોલાયો હતો. ગ્રાહકને સંપૂર્ણ જીએસટી લાભો પસાર કરનારી હેરિટેજ ફૂડ્સના શેરમાં ઉછાળો હતો. બોસાવા ઇન્ડેકશનને યુએસએફડીએની મંજૂરી મળતા બાયોકોનના શેરમાં ઉછાળો હતો.

બીએસઇ પર ૧૬૦થી વધુ શેરો તેમના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા હતા, જેમાં પૂનાવાલા ફિનકોર્પ, અસાહી ઇન્ડિયા, હ્યુન્ડાઇ મોટર, ઇટર્નલ, એલએન્ડટી ફાઇનાન્સ, ઝાયડસ વેલનેસ, રેડિકો ખૈતાન, ડેલ્હીવેરી, મારુતિ સુઝુકી, કમિન્સ વગેરેનો સમાવેશ થાય છે. જાપાનની એસએમબીસીએ યસ બેન્કમાં ૨૦ ટકા હિસ્સાનું એક્વિઝિશન પૂર્ણ કરીને તેની સૌથી મોટી સ્ટેક હોલ્ડર બની છે.

નિસ્સાન મોટર ઇન્ડિયાએ સ્પષ્ટતા કરી છે કે ઇ૨૦ ઇંધણનો ઉપયોગ ઓક્ટોબર ૨૦૨૪ પછી વેચાયેલી ન્યુ નિસ્સાન મેગ્નેટિક વ્હીકલ્સ અથવા તો ભારતમાં ઉત્પાદિત સક્રિય વોરંટી સાથેના તમામ નિસ્સાન વ્હીકલની વોરંટી વોઇડ નહીં ગણાય અને તે વાહનો વોરંટીથી સુરક્ષીત રહેશે. આઇસીઆઇસીઆઇ બેન્કને રૂ. ૪૯ કરોડની ડીમાન્ડ નોટીસ મળી છે. સ્ટેટ બેન્કે ડિસઇન્વેસ્ટમેન્ટ હેઠળ તેનો યસ બેન્કમાંનો ૧૩.૧૮ ટકા હિસ્સો રૂ. ૮૮૮૯ કરોડમાં સુમીટોમો મિત્સુ બેન્કિંગ કોર્પને વેચ્યો છે.

સમગ્ર આફ્રિકામાં વ્યાપક હાજરી ધરાવતી ગ્લોબલ હેલ્થકેર પ્રોવાઇડર યુનિહેલ્થ હોસ્પિટલ્સ લિમિટેડ ભારતમાં તેની બીજી હેલ્થકેર ફેસિલિટી અંતર્ગત મહારાષ્ટ્રના નાસિક ખાતે ૨૦૦ બેડ ધરાવતી અત્યાધુનિક મલ્ટી-સ્પેશિયાલિટી ટેરિટરી કેર હોસ્પિટલ સ્થાપી રહી છે, જે આગામી કેલેન્ડર વર્ષની શરૂઆતમાં કાર્યરત થશે. નાસિક સ્થિત યુએમસી હોસ્પિટલ તમામ પ્રકારની અત્યાધુનિક સવલતથી સજ્જ રહેશે.

પ્રાઇમરી માર્કેટમાં એરફ્લોઆ રેલ ટેકનોલોજીના શેર બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર ૯૦ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. આ અગાઉ મેઇન બોર્ડમાં અર્બન કંપનીનો આઇપીઓ બુધવારે ૫૮ ટકાના જોરદાર પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો, જ્યારે શ્રીંગાર હાઉસ ઓફ મંગલસૂત્રનો શેર ૧૪ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો.

શિવાયલયા કન્સ્ટ્રકશને ડીઆરએચપી જમા કરાવ્યું છે. જેકેઆઇપીએલ જિનકુશલ ઇન્ડસ્ટ્રીઝનો આઇપીઓ ૨૫ સપ્ટેમ્બરે ખૂલશે. આનંદ રાઠી શેર રૂ. ૭૪૫ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૩ સપ્ટેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૫ સપ્ટેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૬ સપ્ટેમ્બરે અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૩૦ સપ્ટેમ્બરે થવાની અપેક્ષા છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૯૩થી રૂ. ૪૧૪.૦૦ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૩૬ છે.

ગ્લાસ વોલ સિસ્ટમ્સે ડીઆરએચપી દજમા કરાવ્યું છે. સાત્વિક ગ્રીન એનર્જી અને જીકે એનર્જી ૧૯મી સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. શેષાસાઇ ટેક્નોલોજીસનો રૂ. ૮૧૩.૦૭ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૩ સપ્ટેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૫ સપ્ટેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૬ સપ્ટેમ્બરે અને એમએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૩૦ સપ્ટેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૪૦૨થી રૂ. ૪૨૩ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૩૫ છે.

એટલાન્ટા ઇલેક્ટ્રિકલ્સ અને ગણેશ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સનો આઇપીઓ ૨૨ સપ્ટેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે. જારો ઇન્સ્ટિટ્યૂટનો રૂ. ૪૫૦.૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૩ સપ્ટેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૫ સપ્ટેમ્બરના રોજ બંધ થશે.

શેરની ફાળવણી ૨૬ સપ્ટેમ્બરે થશે અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૩૦ સપ્ટેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૮૪૬થી રૂ. ૮૯૦ પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે. અરજી માટે લોટ સાઈઝ ૧૬ છે.

મોટાભાગના ક્ષેત્રીય સૂચકાંકો હકારાત્મક નોંધ પર ટ્રેડ થયા હતા. ટેકનોલોજી શેરોમાં મજબૂત તેજી જોવા મળી હતી. જ્યારે બેંકિંગ, ફાર્મા, ઓટો અને એફએઓમસીજી ક્ષેત્રોએ પણ સતત વધારો નોંધાવ્યો અને એકમાત્ર મેટલ્સ ઇન્ડેક્સ નેગેટીવમાં ઝોનમાં સરકી ગયો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈટર્નલ ૨.૯૬ ટકા, સન ફાર્મા ૧.૭૭ ટકા, ઈન્ફોસિસ ૧.૧૩ ટકા, એચડીએફસી બેન્ક ૧.૦૫ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૮૪ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૭૩ ટકા, પાવર ગ્રીડ ૦.૬૮ ટકા, આઈટીસી ૦.૬૫ ટકા, એક્સિસ બેન્ક ૦.૬૨ ટકા અને અદાણી પોર્ટ્સ ૦.૪૭ ટકા વધ્યા હતા, જ્યારે તાતા મોટર્સ ૧.૧૩ ટકા, ટ્રેન્ટ ૧.૦૪ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૮૩ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૬૩ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૬૦ ટકા, બીઈએલ ૦.૫૯ ટકા, ટાઈટન ૦.૩૪ ટકા અને સ્ટેટ બેન્ક ૦.૨૯ ટકા ઘટ્યા હતા. ■

# વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૪૩૪ની અને ચાંદીમાં ₹ ૧૩૪૪ની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય બેઠકના અંતે અપેક્ષાનુસાર વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવાની સાથે શેષ વર્ષ ૨૦૨૫માં હળવી નાણાનીતિના સંકેત આપ્યા હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં સુધારો આગળ ધપ્યો હોવાના નિર્દેશ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૩૨થી ૪૩૪ની આગેકૂચ જોવા મળી હતી. વધુમાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૧ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતર વધી આવવાથી પણ સોનાની તેજીને ટેકો મળ્યો હતો. તેમ જ આજે ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૧૩૪૪ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૪૪ના ઉછાળા સાથે રૂ. ૧,૨૭,૧૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકોની લેવાલી નિરસ રહી હતી. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૩૨ વધીને રૂ. ૧,૦૯,૭૨૬ના મથાળે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૩૪ વધીને રૂ. ૧,૧૦,૧૬૭ના મથાળે રહ્યા હતા, પરંતુ વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગઈકાલે ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં કાપ મૂક્યો હોવાના નિર્ણય સાથે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૩૭૦૭.૪૦ ડૉલરની નવી ઊંચી સપાટીએ પહોંચીને પાછા ફર્યા હતા. તેમ જ આજે લંડન ખાતે સત્રના આરંભે ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં હાજરમાં ભાવ ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૬૬૮.૩૪ ડૉલર આસપાસ તથા વાયદામાં ભાવ ૦.૪ ટકા ઘટીને ૩૭૦૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૪૧.૮૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે શેષ વર્ષ ૨૦૨૫માં વધુ બે વખત વ્યાજદરમાં કપાતના સંકેત અને ડૉલરની નબળાઈનો સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું સિટી ઈન્ડેક્સ અને ફોરેક્સ ડૉટ કૉમનાં વિશ્લેષક ફવાદ રઝાકઝાદાએ જણાવતાં ઉમેર્યું હતું કે સોનાની તેજીને ટેકો આપી રહ્યા છે. વધુમાં અન્ય એક વિશ્લેષક રોસ નોર્મનના મતાનુસાર હળવી નાણાનીતિના આશાવાદ હેઠળ સોનામાં તેજીનું વલણ અકબંધ જળવાઈ રહેશે. જોકે, ફેડરલ રિઝર્વ આગામી ઑક્ટોબર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધુ ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૯૦ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા છે. વધુમાં એએનઝેડે એક નોટ્સમાં જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરના ભૂરાજકીય પડકારોને ધ્યાનમાં લેતા સોનામાં રોકાણકારોની સલામત અસ્ક્યામત તરીકેની માગ જળવાયેલી રહેશે. ■

# મિડિયમ ગ્રેડની ખાંડમાં પીછેહઠ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં મહારાષ્ટ્રની સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૮૯૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી અને માગ પણ ખપપૂરતી રહેતાં ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ રહી હતી અને રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. એકંદરે આજે માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૮૨થી ૪૦૬૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી અને માગ પણ ખપપૂરતી રહેતાં તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨ના ઘટાડા સાથે રૂ. ૪૦૬૨થી ૪૧૩૦માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૦થી ૩૯૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૦થી ૪૦૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. ■

# ડૉલર સામે રૂપિયો ૩૧ પૈસા પટકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય બેઠકના અંતે વ્યાજદરમાં બજારની અપેક્ષાનુસાર ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હોવા છતાં ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલની ચિંતા, વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૩૧ પૈસા પટકાઈને ૮૮.૧૬ના મથાળે બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૮૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૭.૯૩ના મથાળે ખુલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૧૬ અને ઉપરમાં ૮૭.૯૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૩૧ પૈસા તૂટીને ૮૮.૧૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૨૪ પૈસા ઊંચકાયો હતો.

ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હતો તેમ જ શેષ વર્ષ ૨૦૨૫માં વધુ બે વખત અને વર્ષ ૨૦૨૬માં એક વખત વ્યાજદરમાં કપાતના સંકેત આપ્યા હતા અને ઊંચા અમેરિકી ટૅરિફને કારણે શ્રમ બજારની તેમ જ આર્થિક વૃદ્ધિની ચિંતા વ્યક્ત કરી હોવાથી વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૧૨૪.૫૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૨ ટકા વધીને ૯૬.૮૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૩ ટકા ઘટીને બેરલદીઠ ૬૭.૬૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૨૦.૨૫ પૉઈન્ટનો અને ૯૩.૩૫ પૉઈન્ટનો સુધારો જોવા મળ્યો હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હતું. ■

# મર્યાદિત કામકાજે બ્રાસ શીટ કટિંગ્સ સિવાયની ચોક્કસ ધાતુમાં નરમાઈ

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનો અન્ડરટોન રહ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે એકમાત્ર બ્રાસ શીટ કટિંગ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે જોવા મળેલા કિલોદીઠ રૂ. ચારના સુધારા અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ તથા કોપર સ્ક્રેપ હેવીમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૩૦ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૦ ઘટીને રૂ. ૩૧૧૩, રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૩૪૮ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૮૭૦ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તેમ જ માગ પણ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૪૪, રૂ. ૭૭૫ અને રૂ. ૧૮૨ તથા કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૯૪૬ અને રૂ. ૨૮૦ના મથાળે રહ્યા હતા.

આજે એકમાત્ર બ્રાસ શીટ કટિંગ્સમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૬૨૪ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૬૧, રૂ. ૫૭૫, રૂ. ૨૧૮ અને રૂ. ૨૫૩ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પ્લાસ્ટિક ફિનિશ્ડ પ્રોડક્ટની નિકાસ ચારગણી વધારવાનો લક્ષ્યાંક

મુંબઇઃ વૈશ્વિક પ્લાસ્ટિક વેપારમાં ભારત મેક ઇન ઇન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડના વિઝન હેઠળ નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે, એમ જણાવતાં ઓલ ઇન્ડિયા પ્લાસ્ટિક્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશને આગામી ત્રણ વર્ષમાં પ્લાસ્ટિક ફિનિશ્ડ પ્રોડક્ટ્સની નિકાસમાં ચાર ગણો વધારો કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક સાથે ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ મુંબઈમાં આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન જાહેર કર્યું છે

એઇપમાએ જણાવ્યું હતું કે, આ ફક્ત વેપારનું વિસ્તરણ નથી, પરંતુ ભારતને વૈશ્વિક પ્લાસ્ટિક હબ તરીકે સ્થાપિત કરવાનો રાષ્ટ્રીય મિશન છે વિશ્વમાં પ્લાસ્ટિક ફિનિશ્ડ પ્રોડક્ટ્સનો વેપાર લગભગ ૧૩૦૦ અબજ ડોલરનો છે, જ્યારે ભારતનો હિસ્સો માત્ર ૧૨.૫ અબજ ડોલર (૦.૯૬%) છે. ઉદાહરણ તરીકે, અમેરિકા દર વર્ષે ૭૨.૩૫ અબજ ડોલર મૂલ્યનાં પ્લાસ્ટિક પ્રોડક્ટ્સ આયાત કરે છે, જેમાં ભારતનો હિસ્સો માત્ર ૧.૨ ટકા છે. યોગ્ય નીતિઓથી ત્રણેક નવા પોલિમર પ્લાન્ટ્સ, પ્લાસ્ટિક મશીનરી અને સહાયક યુનિટ્સમાં ૧૦૦ ટકા વધારો અને એમએસએમઇ આધારિત મેન્યુફેક્ચરિંગમાં મોટો ઉછાળો શક્ય છે. ■

# વિશ્વ બજાર પાછળ આયાતી તેલમાં જળવાતી પીછેહઠ, સિંગતેલમાં વધુ ₹ ૧૦ ઘટ્યા

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૪૫ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૧ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી તેલમાં પીછેહઠ જળવાઈ રહેતાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૧૦ અને સોયા તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૫ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ ઘટી આવ્યા હોવાથી સ્થાનિકમાં પણ સિંગતેલના ભાવમાં રૂ. ૧૦નો અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એકમાત્ર સરસવમાં મથકો પાછળ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. જોકે, ભાવઘટાડાના માહોલમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોલ્ડન એગ્રોનાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦, અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫, ઈમામીના આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સનફ્લાવર રિફાઈન્ડના રૂ. ૧૪૨૫ તથા પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા. ■

# માર્કેટ કેપમાં ₹ ૯૪,૦૦૦ કરોડનો ઉમેરો

મુંબઇઃ રેટકટના નિર્ણય બાદ પણ સેન્સેક્સમાં સારો સુધારો ના આવવાથી બજારમૂલ્યમાં પણ સાધારણ સુધારો જ જોવા મળ્યો હતો. હેલ્થકેર, આઈટી અને ટેક શેર્સ સૌથી અધિક વધ્યા હતા, કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો હતો અને માર્કેટ કેપમાં વધુ રૂ. ૯૪ હજાર કરોડનો ઉમેરો થયો હતો.

સેન્સેક્સની ૨૧ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૯ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૩૬ ટકા વધ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૦૧ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૦૬ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૬૧ ટકા વધ્યો હતો.

ગુરુવારે સેન્સેક્સ ગત બુધવારના ૮૨,૬૯૩.૭૧ના બંધ સામે ૩૨૦.૨૫ (૦.૩૯ ટકા) પોઈન્ટ્સ વધ્યો હતો. સેન્સેક્સ ૮૩,૧૦૮.૯૨ ખૂલીને ઊંચામાં ૮૩,૧૪૧.૨૧ સુધી અને નીચામાં ૮૨,૭૦૪.૯૨ સુધી જઈને અંતે ૮૩,૦૧૩.૯૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૪.૭૯ લાખ કરોડથી રૂ. ૦.૯૪ લાખ કરોડ વધીને રૂ. ૪૬૫.૭૩ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં મુખ્યત્વે બીએસઈ હેલ્થકેર ૦.૮૭ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૮૪ ટકા, આઈટી ૦.૮૧ ટકા, ટેક ૦.૫૭ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૪૮ ટકા, બેન્કેક્સ ૦.૩૬ ટકા અને એફએમસીજી તેમ જ મેટલ ૦.૩૫ ટકા વધ્યા હતા, જ્યારે કેપિટલ ગુડ્સ ૦.૩૩ ટકા, એનર્જી ૦.૨ ટકા, સર્વિસીસ ૦.૧૬, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૧૬ ટકા, કોમોડિટીઝ ૦.૦૮ ટકા અને રિયલ્ટી ૦.૦૨ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૪૨ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૧૮૨ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૯૯૩ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૬૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૭૦ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૯ સ્ટોક્સને ઉપલી જ્યારે ૬ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. ■


પશ્ચિમ રેલવે
રતલામ ડીવીઝન
ઈ-ટેન્ડર નોટિસ
ટેન્ડર નં.: EL / TRD / 58 / 2025-26/13
તા. ૧૬-૦૯-૨૦૨૫

સિનિયર ડીવીઝનલ ઇલેક્ટ્રીકલ એન્જિનિયર, ટ્રેક્શન ડીસ્ટ્રીબ્યુશન, પ.રે., રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામના ઈ-ટેન્ડરો મંગાવે છે. કામનું નામઃ સિંહસ્થ ૨૦૨૮ હેઠળ પાવાસા અને પીંગલેશ્વર ખાતે રેમ્પ સાથે FOBs અને કવર સાથે હાઈ-લેવલ પ્લેટફોર્મની જોગવાઈ સાથેના અનુસંધાનમાં TRD કામ. કામની અંદા. કિંમતઃ ₹ ૩,૪૪,૮૯,૮૧૧/-. બાનારકમ ડિપોઝીટ/બીડ સુરક્ષાઃ ₹ ૩,૨૨,૫૦૦/-. પૂર્ણતા મુદતઃ ૧૮ માસ. ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ NIL. બંધ થવાની તા. & સમયઃ ૧૩-૧૦-૨૫ના ૧૫ ક. ઓફરની માન્યતાઃ ખુલવાની તા.થી ૬૦ દિવસ. વેબસાઈટ વિગતોઃ www.ireps.gov.in નોટિસ બોર્ડ સ્થાનઃ સીની. ડીવીઝનલ ઈલેક. એન્જી. (ટ્રેક્શન ડીસ્ટ્રીબ્યુશન), પ.રે., રતલામ-૪૫૭૦૦૧ની ઓફિસની આગળના ભાગમાં.

Apex/13/1/245 સીની.DEE/TRD/RTM

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પબ્લિક નોટિસ

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે ૨૯ માતૃછાયા બિલ્ડિંગ RRT રોડ મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૮૦ ખાતે કોમન સરનામું ધરાવતા ૧) હરિદાસ કાનજી ઠક્કર, ૨) જમનાદાસ કાનજી ઠક્કર, ૩) વિજયસિંહ કાનજી ઠક્કર, ૪) હેમંત કરસનદાસ ઠક્કર, ૫) રેણુકા સુરેશ ઠક્કર, ૬) અક્ષય સુરેશ ઠક્કર અને ૭) તન્વી પ્રકાશ ઠક્કર (''માલિકો'') એ મોજૂદ બિલ્ડિંગ/સ્ટ્રક્ચરના ભાડુતો ભોગવટેદારોના દાવાને આધિન તમામ બોજાઓ, દાવાઓ અને માંગણીઓથી મુક્તપણે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં પ્રથમ અને દ્વિતિય વર્ણવેલ મિલકત (''મિલકત'')ની બાબતમાં તેમના માલિકી હક્કો, ટાઈટલ અને હિત તપાસવા અને ચકાસણી કરવા વિનંતી કરેલ છે.

તમામ શખ્સો જે વેચાણ, ટ્રાન્સફર, એસાઈમેન્ટ, લીઝ, અદલાબદલી, ગીરો, ટ્રસ્ટ, વારસો, લીઅન, સક્સેશન, વિકાસ હક્કોની મંજૂરી, પાર્ટનરશીપ, સંયુક્ત સાહસ, સરેન્ડર, રિલીન્કવીશમેન્ટ, વિકાસ પોટેન્શીઅલના ટ્રાન્સફર/એસાઈમેન્ટ અથવા બીજી કોઈ રીતે સદર મિલકતની બાબતમાં કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ અને કોઈપણ પ્રકારના હિત ધરાવતા હોય તો આથી સદરની જાણ લેખિતમાં માન્ય સહાયક દસ્તાવેજો સાથે નીચે સહી કરનારને તેમની ઓફિસ ૧૩, ભોયતળીયે, હમામ હાઉસ, અંબાલાલ દોશી માર્ગ, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે, આ નોટિસ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવી વ્યક્તિ અથવા વ્યક્તિઓના જો કોઈપણ દાવા હોય તો ત્યજી દીધેલ અને/અથવા સંપૂર્ણપણે છોડી દીધેલ તરીકે ગણાશે અને સદર મિલકતની બાબતમાં માલિકોની ઓનરશીપના હક્ક, ટાઈટલ અને હિત સ્પષ્ટ અને માર્કેટેબલ તરીકે ગણાશે, કોઈપણ પ્રકારના તમામ દાવા, માંગણી અને બોજાઓથી મુક્તપણે ગણાશે અને જો કોઈપણ દાવા હોય તો ત્યજી દીધેલ તરીકે ગણાશે.

મિલકતનું પરિશિષ્ટ

મિલકતનું પરિશિષ્ટઃ

પ્રથમ :-

CTS નં. ૧૧૪૮, ૧૧૪૮/૧થી૧૧૪૮/૧૩ ધરાવતો, પ્લોટ નં. ૨, સર્વે ૧૦૦૦, હિસ્સા નં. ૨ ધરાવતો ભરતમાં ૧૫૮૮.૯૦ ચો.મી. અથવા તેની આસપાસ મુંબઈ ઉપનગર જિલ્લાના નોંધણી જિલ્લામાં રેવેન્યૂ ગામ-મુલુંડ, તાલુકા-મુલુંડ ખાતે આવેલ, પડેલ અને રહેલ તેની પર ઊભેલ અમલા, ઘરો, ટેનામેન્ટસ અને બિલ્ડિંગો સાથે ફ્રી હોલ્ડ જમીન અથવા મેદાનનો તે તમામ ટુકડો અને કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છે.

પૂર્વે કે તે તરફ - M.G. રોડ દ્વારા
પશ્ચિમે કે તે તરફ - CTS નં. ૧૧૫૧ દ્વારા
દક્ષિણે કે તે તરફ - CTS નં. ૧૧૪૯ દ્વારા
ઉત્તરે કે તે તરફ - CTS નં. ૧૧૪૭ દ્વારા

દ્વિતિયઃ-

CTS નં. ૧૧૫૧, ૧૧૫૧/૧થી૧૧૫૧/૧૭ ધરાવતો પ્લોટ નં. ૨૯, સર્વે ૧૦૦૦, હિસ્સા નં. ૨ ધરાવતો ભરતમાં ૧૫૯૦ ચો.મી. અથવા તેની આસપાસ મુંબઈ ઉપનગર જિલ્લાના નોંધણી જિલ્લામાં રેવેન્યૂ ગામ-મુલુંડ અને તાલુકા-મુલુંડ ખાતે આવેલ, પડેલ અને રહેલ તેની પર ઊભેલ અમલા, ઘરો, ટેનામેન્ટસ અને બિલ્ડિંગો સાથે જમીન અથવા મેદાનનો તે તમામ ટુકડો અને કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છે.

પૂર્વે કે તે તરફ - CTS નં. ૧૧૪૮ દ્વારા
પશ્ચિમે કે તે તરફ - R.R.T. રોડ દ્વારા
દક્ષિણે કે તે તરફ - CTS નં. ૧૧૫૦ દ્વારા
ઉત્તરે કે તે તરફ - CTS નં. ૧૧૫૨ દ્વારા

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૫

M/s. પ્રમોદકુમાર એન્ડ કું (રજી.)
સહી/-
પાર્ટનર
એડવોકેટ્સ & સોલીસીટર્સ



પશ્ચિમ રેલવે- રતલામ ડિવિઝન

ઈ-ટેન્ડરિંગ નોટિસ

નં. W/૬૨૩/૫/૧/NIT તારીખઃ ૧૫.૦૯.૨૦૨૫

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટઃ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે વિગતો નીચે પ્રમાણે છેઃ-

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય રૂ. | રૂ.માં બાના રકમ |
|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૫-૨૬-૧૦૮ GDA-NAD-સેક્શનઃ- ૬૦ Kg/૯૦ UTS & R-૨૬૦ના SKV વેલ્ડિંગ ભાગોનું સપ્લાય અને DEN/પશ્ચિમ/RTM સેક્શનના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ ટ્રેક નવીકરણના કામોના સંબંધમાં કોન્ટ્રાક્ટરની પોતાની વેલ્ડિંગ મટેરિયલ, લેબર વગેરે સાથે સિતૂ ૬૦ Kg/૯૦ UTS & R-૨૬૦ રેલ જોઈન્ટમાં એક્ઝિક્યુશન. | ૨,૫૭,૯૨,૫૦૫.૧૩ | ૨,૭૯,૦૦૦.૦૦ |
| ૨ | RTM-૨૦૨૫-૨૬-૧૦૯ GDA-NAD-સેક્શનઃ- ૨ વર્ષ માટે ઓવર હેડ અને અન્ડરગ્રાઉન્ડ ટેન્કોની સફાઈ અને LC ગેટ્સ વચ્ચે સ્ટેશનો, વિવિધ સ્ટેશનો ખાતે પોટેબલ ડ્રિન્કિંગ વોટરની સપ્લાય. | ૧,૨૨,૩૪,૮૮૬.૫૨ | ૨,૧૧,૨૦૦.૦૦ |
| ૩ | RTM-૨૦૨૫-૨૬-૧૧૨ ગોધરા - નાગદા સેક્શનઃ- RUB નં. ૨૯૪A, ૩૦૧B, ૩૦૨B અને ૩૦૨C ખાતે ડ્રેનેજ સિસ્ટમની સુધારણા. | ૨,૩૧,૦૦,૬૫૪.૫૨ | ૨,૬૫,૫૦૦.૦૦ |

તમામ ટેન્ડરો માટે અંદા. જથ્થોઃ ટેન્ડર શેડ્યૂલ મુજબ. સંપૂર્ણ મુદતઃ ક્ર. નં. ૧ & ૨, ૨૪ મહિના, ક્ર. નં. ૩ ૧૨ મહિના. કામનો સમાન પ્રકારઃ ક્ર. નં. ૧. ટેન્ડરરે RDSOની મંજૂર સૂચિમાં વહન કરવું જોઈએ. નોંધ- રેલવે બોર્ડ પત્ર નંબર ૨૦૧૭/ટ્રેક-P/૯(૨) વોલ્યૂમ III તારીખ ૭મી માર્ચ ૨૦૧૯ના સંદર્ભમાં થર્મિટ વેલ્ડીંગના અમલ માટે લઘુત્તમ સુવાચ્યતા માપદંડો વિપરિત કરવામાં આવ્યા છે, જેની તકનીકી ક્ષમતાઓ RDSO. ક્ર. નં. ૨ અને ૩ કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કાર્ય દ્વારા પહેલેથી જ સ્થાપિત કરવામાં આવી છે. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ક્ર. નં. ૧ ૦૯.૦૯.૨૦૨૫, ક્ર. નં. ૨ ૧૦.૦૯.૨૦૨૫, ક્ર. નં. ૩ ૧૨.૦૯.૨૦૨૫. ટેન્ડર ખોલવાની તારીખઃ ક્ર. નં. ૧ ૦૩.૧૦.૨૦૨૫, ક્ર. નં. ૨ & ૩ ૦૬.૧૦.૨૦૨૫, વિગતવાર ટેન્ડર નોટિસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (W/A)
રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

Apex/5/1/244

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ)

Ch.E/B.M/૯૪૦૦/HIC તા. ૧૭.૦૯.૨૦૨૫

ટૂંકી ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| ડિપાર્ટમેન્ટ | Ch.E (બિલ્ડિંગ મેન્ટેનન્સ) |
| સબ-ડિપાર્ટમેન્ટ | Dy. Ch.E (HIC) |
| ટેન્ડર નં. | ૨૦૨૫_MCGM_૧૨૧૯૦૦૧_૧ |
| વિષય | R/N વોર્ડ, મુંબઈમાં Y.R. તાવડે ડિસ્પેન્સરી, હરિશંકર જોશી રોડ, દહિસર (પૂ.)માં સ્ટ્રક્ચરલ સમારકામ. |
| ટેન્ડર વેચાણ | ૧૯/૦૯/૨૦૨૫ના સ. ૧૧:૦૦ થી ૩૦/૦૯/૨૦૨૫ના બ. ૧૬.૦૦ સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | AE (HIC) ઝોન VII/SE(HIC)WS |
| નામ | વિકાસ બી. પાટીલ / નેહા એ. રામટેકે |
| ટેલિફોન નં. | ૯૭૦૨૯૬૯૯૮૮ / ૭૯૭૭૯૯૭૩૪૬ |
| ઈ-મેઈલ આઈડી | ae05hic.pd@mcgm.gov.in |

સહી/-
Dy. Ch.E. (HIC)

PRO/1641/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# મુંબઈમાં પુનર્વિકાસ દ્વારા થશે ૪૪,000 ઘર ઉપલબ્ધ

## ૩૨૬.૮ એકરની જમીન પરની ઈમારતોનો કરાશે પુનર્વિકાસ

મુંબઈ: મુંબઈમાં ૨૦૨૦ થી ૯૧૦ સહકારી હાઉસિંગ સોસાયટીઓનો પુનર્વિકાસ શરૂ થયો છે, અને તેના દ્વારા ૨૦૩૦ સુધીમાં ૧.૨૫ લાખ કરોડ રૂપિયાના ૪૪,૨૭૭ નવા મકાનો તૈયાર થશે. મુંબઈમાં આશરે ૩૨૬.૮ એકર જમીનના પ્લોટ પરની ઇમારતોનો પુનઃવિકાસ કરવામાં આવનાર છે.

મુંબઈ પર 'રિડેવલપમેન્ટ સ્ટોરી' નામનો એક અહેવાલ પ્રકાશિત કર્યો છે. આ અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે. મુંબઈમાં એક લાખ ૬૦ હજાર સહકારી હાઉસિંગ સોસાયટીઓ છે જેને ૩૦ વર્ષ પૂર્ણ થયા છે. નવા વિકાસ નિયંત્રણ નિયમોની જોગવાઈઓ અનુસાર આ બધી ઇમારતો ૩૦ વર્ષ જૂની હોવાથી પુનઃવિકાસ માટે પાત્ર છે. મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા સમાન ઓથોરિટી દ્વારા ૩૦ વર્ષથી ઓછી જૂની પરંતુ જોખમી જાહેર કરાયેલી ઇમારતોને પણ પુનર્વિકાસની તક મળે છે. ૨૦૨૦ થી જૂન ૨૦૨૫ સુધીમાં, પશ્ચિમ ઉપનગરોમાં ૬૩૩ અને મધ્ય અને પૂર્વીય ઉપનગરોમાં ૨૩૪ પુનર્વિકાસ પ્રોજેક્ટ્સ આકાર પામ્યા છે. બોરીવલી,

(જુઓ પાનું ૪) ▶▶

# વસઈમાં રેલવે લાઈન પર ચાર ફ્લાયઓવર: ૮૦૦ કરોડ રૂપિયાનો પ્રસ્તાવ

મુંબઈ: વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે રેલવે લાઇન પર ચાર ફ્લાયઓવર બનાવવા માટે કામ શરૂ કરવામાં આવ્યું છે. આ કામ માટે ૮૦૦ કરોડ રૂપિયાના ભંડોળનો પ્રસ્તાવ 'એમએમઆરડીએ'ની આગામી બેઠકમાં રજૂ કરવામાં આવશે, તેથી શહેરમાં ફ્લાયઓવર બનાવવા માટે ટૂંક સમયમાં માર્ગ મોકળો થશે.

વસઈ વિરાર શહેર ૩૮૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર ધરાવે છે અને શહેરની વસ્તી ૨.૫ લાખને વટાવી ગઈ છે. આ ઉપરાંત,

(જુઓ પાનું ૪) ▶▶

# પ્રભાદેવી બ્રિજના તોડકામ માટે રેલવે પાસે ૮૨ બ્લોકની માગણી

બ્રિટિશ યુગનો એલ્ફિન્સ્ટન રોડ બ્રિજ, જે હવે પ્રભાદેવી તરીકે ઓળખાય છે, તેને સલામતીના કારણોસર બંધ કરી દેવામાં આવ્યો છે. એક સદી પહેલા બનેલો આ બ્રિજ હવે મુંબઈની વધતી જતી પરિવહન માગને પહોંચી વળવા અસમર્થ છે અને તેથી તેને તોડીને તેના સ્થાને આધુનિક ડબલ-ડેકર ફ્લાયઓવર બનાવવામાં આવશે.

શુક્રવાર રાતથી આ પુલ બંધ કરવામાં આવ્યો હોવાથી, ટ્રાફિકને કરી રોડ અને નજીકના પુલો પર વાળવામાં આવો છે, જેના કારણે ભારતમાતા, લાલબાગ, પરેલ, ચિંચપોકલી અને દાદરમાં તિલક પુલની આસપાસ ટ્રાફિક જૅમ થાય છે. બેસ્ટ બસોને પણ ડાયવર્ટ કરવામાં આવી છે, જેના કારણે મુસાફરોની મુશ્કેલીમાં વધારો થયો છે.

એમએમઆરડીએ દ્વારા નિયુક્ત મહારાષ્ટ્ર રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશને (મહારેલ) મધ્ય અને પશ્ચિમ રેલવે પાસેથી ૮૨ ટ્રાફિક બ્લોક માગ્યા છે. આ દરેક બ્લોક, ઓછામાં ઓછા ચાર કલાક સુધી ચાલશે અને મુખ્યત્વે રાત્રીના સમયે લેવામાં આવશે જેથી વિક્ષેપ ઓછો થાય.

અધિકારીઓએ જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▶▶






# રહેવાસી વિસ્તારોથી પાંચસો મીટર દૂર કબૂતરખાના, પણ શહેરમાં જગ્યા જ નથી

## કબૂતરખાના માટે જગ્યાની શોધમાં પાલિકા

મુંબઈ: કબૂતરખાના બંધ કરાવવાનો વિવાદ કોર્ટમાં પહોંચતા તેને રાજકીય રંગ લાગ્યો છે. તેથી જો કબૂતરખાના ખોલવા હોય તો તે વસ્તીવાળા વિસ્તારોથી પાંચસો મીટરના અંતરે બનાવી શકાય કે કેમ તેની તપાસ મુંબઈ મ્યુનિશિપલ કોર્પોરેશન કરી રહ્યું છે. વિભાગીય સ્તરે આવા સ્થળો શોધવામાં આવી રહ્યા છે. જોકે એવું જાણવા મળ્યું છે કે ગીચ વસ્તીને કારણે શહેરી વિસ્તારોમાં આ માપદંડ લાગુ કરવામાં નહીં આવે.

રાજ્ય સરકારે ચોમાસા સત્ર દરમિયાન નિર્દેશ આપ્યો હતો કે મુંબઈ મહાનગરપાલિકા તાત્કાલિક મુંબઈમાં કબૂતરોખાના બંધ કરવા માટે ઝુંબેશ હાથ ધરે. બીજા જ દિવસે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને દાદરના પ્રખ્યાત કબૂતરખાના સામે કાર્યવાહી કરી.

(જુઓ પાનું ૪) ▶▶

## મસ્જિદ બંદર નજીક ગેરકાયદે કબૂતરખાના પર પાલિકાની કાર્યવાહી

મુંબઈ: મસ્જિદ બંદર રેલવે સ્ટેશન પાસે બનાવેલા ગેરકાયદેસર કબૂતરખાના સામે મ્યુનિશિપલ કોર્પોરેશને કાર્યવાહી કરી છે. સંબંધિત સ્થળે ગેરકાયદેસર રીતે ખોરાક વેચનાર વ્યક્તિ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે અને આવી ઘટનાઓ ફરીથી ન બને તે માટે ટૂંક સમયમાં તે જગ્યાએ સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે.

(જુઓ પાનું ૪) ▶▶









# સાપે ડંખ માર્યાની બૂમાબૂમ કરી વેપારીએ સી-લિંક પરથી દરિયામાં ઝંપલાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાપે ડંખ માર્યાની બૂમાબૂમ કરીને ટૅક્સી રોકાવ્યા પછી ઈમિટેશન જ્વેલરીના વેપારીએ બાન્દ્રા-વરલી સી-લિંક પરથી દરિયામાં કૂદકો માર્યો હતો. પાણીમાં ડૂબીને મૃત્યુ પામેલા વેપારીનો મૃતદેહ જૂહુના દરિયાકિનારેથી મળી આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

બાન્દ્રા પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ અમિત ચોપ્રા (૪૭) તરીકે થઈ હતી. અમિત અંધેરી વેસ્ટમાં પત્ની અને પુત્ર સાથે રહેતો હતો. રાજસ્થાનના જોધપુરનો વતની અમિત ઈમિટેશન જ્વેલરીનો વ્યવસાય ધરાવતો હતો. વ્યવસાયમાં નુકસાનને કારણે તેણે કથિત આત્મહત્યા કરી હોવાનું

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# રાહુલ ગાંધીના 'વોટચોરી'ના આક્ષેપો શાસક પક્ષો અને કોંગ્રેસ વચ્ચે હૂંસા તૂંસી

## કોંગ્રેસે ફડણવીસનું રાજીનામું માગ્યું

મુંબઈ: કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મહારાષ્ટ્રના એક વિધાનસભા ક્ષેત્ર સહિત મતદાર યાદીમાં ગોટાળાના નવા આક્ષેપો કર્યા બાદ શાસક અને વિપક્ષી દળો વચ્ચે શાબ્દિક યુદ્ધ શરૂ થયું હતું અને કોંગ્રેસે ગુરુવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના રાજીનામાની માગ કરી હતી.

વિપક્ષ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ એનસીપી (એસપી)એ જણાવ્યું હતું કે મતદાર યાદીમાં ગોટાળાના રાહુલ ગાંધીના નવા આક્ષેપોએ ભારતીય ચૂંટણી પંચ (ઇસીઆઈ)ની નીતિમત્તા પર સવાલ ઊભો કર્યો છે અને કોંગ્રેસ સંસદ સભ્ય રાહુલ ગાંધીના આરોપોની ચૂંટણી પંચ દ્વારા સ્વતંત્ર તપાસની માગ કરી છે.

ચૂંટણી પંચ પર બેવડા ધોરણનો આરોપ મૂકી કોંગ્રેસે સીએમ ફડણવીસના રાજીનામાની માગ કરી કહ્યું હતું કે રાહુલ ગાંધીએ ચંદ્રપુર જિલ્લાના રાજુરા વિધાનસભા મતવિસ્તારમાં મત ચોરીનો પર્દાફાશ કર્યા પછી તેમને પદ પર ચાલુ રહેવાનો કોઈ નૈતિક અધિકાર નથી.

રાહુલ ગાંધીએ ગુરુવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ

(જુઓ પાનું ૪) ▶▶









"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**